**આજનો સુવિચાર**
તે વ્યકિત સુખી છે જેણે પોતાનું મુલ્યાંકન કર્યુ અને તે વ્યકિત દુઃખી છે જેણે બીજાનું મુલ્યાંકન કર્યુ

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૧૮ જૂનાગઢ તા.૨૭-૮-૨૦૨૧ શુક્રવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

કાબુલ બોંબ વિસ્ફોટનો મૃત્યુઆંક ૯૫ : ૨૫૦થી વધુ ગંભીર ઈજાગ્રસ્ત

# ન માફ કરીશું, ન ભુલીશું, અમેરીકા બદલો લેશે - બાઈડન

## કાબુલ હુમલામાં શહિદ થયેલા ૧૩ અમેરીકન સૈનિકોનાં માનમાં અમેરીકાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રહેશે

વોશીંગ્ટન તા. ૨૭

કાબુલમાં શહીદ થયેલા અમેરિકન સૈનિકોના સન્માનમાં અમેરિકાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રહેશે. વ્હાઈટ હાઉસ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ૩૦ ઓગસ્ટના રોજ સાંજ સુધી નમેલો રહેશે.

ઉલ્લેખનીય છે કે કાબુલ એરપોર્ટ ઉપર થયેલા વિસ્ફોટમાં ૧૩ અમેરિકન સૈનિક માર્યા ગયા હતા, જ્યારે ૧૮થી વધુ સૈનિકો ઘાયલ થયા છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને હુમલાખોરોને કાબુલ એરપોર્ટની બહાર થયેલા બોમ્બ-વિસ્ફોટો અંગે ચેતવણી આપી છે અને સ્પષ્ટપણે હતું કે હવે આતંકીઓએ એની કિંમત ચૂકવવી પડશે. કાબુલ એરપોર્ટઉપર થયેલા આતંકી હુમલામાં અમેરિકન સૈનિકોનાં મોતથી ગુસ્સે થયેલા જો બાઈડને કહ્યું હતું કે ન તો અમે એને ભૂલીશું અને ન તો માફ કરીશું. હવે શિકાર અમે કરીશુંઅને આતંકીઓએ આ મોતની કિંમત ચૂકવવી પડશે.

વોશિંગ્ટન,તા. ૨૭

ગઈકાલે વ્હાઈટ હાઉસથી રાષ્ટ્રને સંબોધિત કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન કાબુલ એરપોર્ટની બહારબોમ્બ ધડાકા માટે જવાબદાર લોકોને કહ્યું હતું કે અમે તેને માફ કરીશું નહીં કે ભૂલીશુંનહીં. અમે તમારો શિકાર કરીશું અને તમારે આ મૃત્યોની કિંમત ચૂકવવી પડશે. તે જ સમયે, બાઈડેન કહ્યું કે અમે અમેરિકન નાગરિકોને અફઘાનિસ્તાનથી બચાવીશું. અમે અમારા અફઘાન સાથીઓને બહાર કાઢીશું અને અમારૂ મિશન ચાલુ રહેશે. રાષ્ટ્રપતિ જો બાઈડેન કહ્યું કે કાબુલ એરપોર્ટની બહાર થયેલા હુમલામાં માર્યા ગયેલા અમેરિકન સર્વિસ મેમ્બર્સ હીરો હતા. તે અન્ય લોકોના જીવ બચાવવા માટે એક ખતરનાક અને નિઃસ્વાર્થ મિશનમાં રોકાયેલા હતા. બાઈડેન કહ્યું કે ઓછામાં ઓછા ૧,૦૦૦ અમેરિકનો અને અન્ય ઘણા અફઘાન હજુ કાબુલમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

તે જ સમયે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન કહ્યું કે કાબુલ એરપોર્ટ ઉપર થયેલા હુમલામાં તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ વચ્ચે સાંઠગાંઠના હજુ સુધી કોઈ પુરાવા નથી. અફઘાનિસ્તાનમાં ગઈ કાલે કાબુલ એરપોર્ટ નજીક બે આત્મઘાતી હુમલાખોરોઅને બંદૂકધારીઓદ્વારા ટોળા ઉપર થયેલા હુમલામાં ૧૩ અમેરિકી સૈનિકો સહિત ઓછામાં ઓછા ૯૫ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

એક અફઘાન અધિકારીએ નામ નહી આપવાની શરતે જણાવ્યું કે એરપોર્ટ ઉપર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૮૦ અફઘાન નાગરીકો માર્યા ગયા અને ૧૪૩ ઘાયલ થયા છે.

આતંકવાદી સંગઠન ISIS-K એ ગ્રુપના ટેલિગ્રામ એકાઉન્ટ ઉપર કાબુલ એરપોર્ટ ઉપર જીવલેણ બેવડા હુમલાની જવાબદારી સ્વીકારી છે. કાબુલમાં અમેરિકી દૂતાવાસે ગુરૂવારે કાબુલના હમીદ કરઝાઈ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકની બહાર બે વિસ્ફોટો બાદ અમેરિકી નાગરિકો માટે એરપોર્ટ ઉપર મુસાફરી ટાળવા અને એરપોર્ટ ગેટ ટાળવા માટે સુરક્ષા ચેતવણી જારી કરી છે.

## કાબુલ એરપોર્ટ ઉપર હજુ પણ આતંકવાદી હુમલાનું જોખમ : અમેરીકાએ એલર્ટ જાહેર કર્યુ

### આતંકવાદીઓ કાર બોંબ વિસ્ફોટ કરી શકે છે

વોશીંગ્ટન તા. ૨૭ : બોમ્બ-બ્લાસ્ટથી ધ્રૂજી ગયેલા કાબુલ એરપોર્ટ ઉપર વધુ આતંકવાદી હુમલા થઈ શકે છે. અમેરિકન બ્રોડકાસ્ટ કંપનીનાં જણાવ્યા મુજબ એરપોર્ટના નોર્થ ગેટ ઉપર કાર બોમ્બ-બ્લાસ્ટ થવાનું જોખમ છે. એવામાં કાબુલ સ્થિત અમેરિકી દૂતાવાસે નવું એલર્ટ જાહેર કર્યું છે, સાથે અમેરિકાએ કહ્યું હતું કે તે કાબુલમાંથી લોકોને બહાર કાઢવાનો સિલસિલો ચાલુ રાખશે. અમેરિકન પ્રમુખ જો બાઈડનને હુમલાખોરોને કડક ચેતવણી આપતાં કહ્યું હતું કે તેઓ આતંકીઓને શોધી શોધીને ઠાર મારશે.

# કોરોનાની બીજી લહેર દરમ્યાન ગુજરાતમાં સત્તાવાર મૃત્યુ આંક કરતા પાંચ ગણા વધુ મોત થયા હોવાનો સનસનીખેજ ખુસાલો

## ગુજરાતમાં કોરોનાનો સાચો મૃત્યુઆંક છુપાવાયો : ગત એપ્રિલ મહિનામાં એટલા મોત થયા હતા કે વર્લ્ડ રેકોર્ડ થયો

નવી દિલ્હી તા. ૨૭ : કોરોના વાયરસનું સંક્રમણ હજુ પણ ખતમ નથીથયું. બીજી લહેર જ્યારે પોતાના પીક ઉપર હતી ત્યારે સમગ્ર દેશમાં સંક્રમણના કેસ અને મોતનો આંકડો ઝડપથી વધ્યો હતો. ગુજરાતમાં પણ આવું જ થયું હતું પણ તેમ છતાં સરકારે કોરોનાથી મરનારાઓના સાચા આંકડા છૂપાવવાનો પ્રયાસ કર્યો હતો. આ વાતનો ખુલાસો એક અભ્યાસમાં થયો છે.

'ધ ટેલીગ્રાફ'ના એક રિપોર્ટ અનુસાર એક અભ્યાસમાં દાવો કરાયો છે કે, ગુજરાતમાં કોરોનાથી થયેલા મોતનો આંકડો છૂપાવાયો છે. રિસર્ચરોએ ગુરૂવારે જાહેર કરેલ અભ્યાસમાં કહ્યું કે, ગુજરાતની ૧૬૨ નગરપાલિકાઓમાંથી ૫૪ના આંકડા આખા રાજ્યની ઓફીશ્યલ કોરોના મોતની સંખ્યાથી ઘણા વધારે છે. અભ્યાસમાં દાવો કરાયો છે કે, એપ્રિલ-૨૦૨૧માં ગુજરાતમાં ૪૮૦ ટકા વધારે મોત થયા છે. જે દુનિયામાં કયાંય પણ એક મહિનામાં નોંધાયેલ મોતમાં સૌથી વધારે ટકાવારી છે. એપ્રિલ ૨૦૨૦માં ઈકવાડોરમાં કોવિડથી થયેલ મોતમાં ૪૧૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો. તો એપ્રિલ ૨૦૨૧માં પેરૂમાં ૩૪૫ ટકાનો વધારો થયો હતો. પણ આ એ બંનેથી પણ વધારે છે.

એપ્રિલ મહિનાની શરૂઆતમાં રાજ્યના દૈનિક નવા કેસો ૨૪૦૦થી ૬ ગણા વધીને મહિનાના અંતમાં લગભગ ૧૪૦૦૦ થઈ ગયા હતા. રિસર્ચરોએ આ ડેટા નાગરિક ડેથ રજીસ્ટરમાંથી લીધા છે. તેમના અનુસાર માર્ચ ૨૦૨૦ અને એપ્રિલ ૨૦૨૧ વચ્ચે ૫૪ નગરપાલિકાઓમાં લગભગ ૧૬૦૦૦ વધારે મોત થયા હતા.

ભારતનું આરોગ્ય મંત્રાલય કોરોના મૃત્યુના આંકડાઓ માટે રાજ્યો ઉપર નિર્ભર છે. મંત્રાલયના આંકડાઓ અનુસાર ગુરૂવાર સુધીમાં ૧૦૦૮૦ મોત ગુજરાતમાં થયા છે અને આખા દેશમાં અત્યાર સુધી ૪,૩૬,૦૦૦ મોત થયા છે. બીજી લહેર દરમ્યાન મોતમાં ઝડપી વધારો થયો હતો. માર્ચ ૨૦૨૦ પછીથી ૫૪ નગરપાલિકાઓમાં કુલ ૪૪૫૬૮ મોત નોંધાયા હતા. જાન્યુઆરી ૨૦૧૯ અને ફેબ્રુઆરી ૨૦૨૦ વચ્ચેના ગાળાની સરખામણીમાં તે લગભગ ૧૬૦૦૦ વધારે મોત હતા.

## આસામમાં સંદિગ્ધ ઉગ્રવાદીઓએ ડ્રાઈવર સહિત ૭ ટ્રકો સળગાવી દીધી : પાંચનાં મોત

ગુવાહાટી, તા.૨૭:


આસામમાં સંદિગ્ધ ઉગ્રવાદીઓ દ્વારા એક ભયાનક ઘટનાને અંજામ આપવામાં આવી છે. દીમાં હસાઓના ઉમરંગસો-લંકા રોડ ઉપર દિસમાઓગામ પાસે બદમાશોએ ઓછામાં ઓછા ૭ ટ્રકોને આગ ચાંપી હતી. આ અગાઉ તેમણે કેટલાય રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું અને ત્યાર બાદ વાહનોને આગ લગાવી દીધી હતી. પોલીસને ઘટના સ્થળે પહોંચીને પાંચ ડેડ બોડી મળ્યા હતા. આસામમાં સુદૂર દીમા હસાઓ જિલ્લામાં દિયુંગબરા પાસે આ ઘટના બની હતી. જેમાં રાત્રિના સમયે કેટલાક ટ્રકને આગ ચાંપી દેવામાં આવી હતી. આ પગલું સંદિગ્ધ ઉગ્રવાદીઓનું તોફાની પગલું હોવાનું માનવામાં આવે છે. આસામ પોલીસ કહ્યું હતું કે આ પાછળ સંદિગ્ધ ઉગ્રવાદી સમૂહનો હાથ હોય શકે છે. જિલ્લાના એસપીએ કહ્યું હતું કે આસામ રાઈફલ્સની મદદથી વ્યાપક તપાસ અભિયાન જારી કરી દેવામાં આવ્યું હતું.

## અફઘાનિસ્તાનથી સુકા મેવા સાથે નીકળેલી ૩૧ ટ્રકો દિલ્હી પહોંચી

નવી દિલ્હી તા. ૨૭

તાલિબાનોના હુમલા બાદ અફઘાનિસ્તાનથીઅંજીર કાળી દ્રાક્ષ, જરદાલુ અને હિંગની નિકાસ લગભગ બંધ થઈ ગઈ છે ત્યારે જ ભારતના જે વેપારીઓએ અફઘાનિસ્તાનના વેપારીઓને સૂકામેવા માટે પેમેન્ટ કરી દીધું હતું તેમના માટે અફઘાનિસ્તાનથી સૂકો મેવો લઈને નીકળેલી ટ્રકો દિલ્હી પહોંચી ગઈ છે. અફઘાનિસ્તાનથી નીકળેલી ટ્રકો દિલ્હી પહોંચી જતાં દિલ્હીમાં અંજીરના ભાવ ઘટ્યા છે. આગામી દિવસોમાં વધુ માલની આયાત થતાં દેશમાં વેપારીઓએ કૃત્રિમ રીતે કરી દીધેલો ભાવવધારો પણ ઘટશે.

## પંકજકુમાર રાજયનાં નવા મુખ્ય સચિવ



ગાંધીનગર તા. ૨૭

ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે ૩૧ ઓગસ્ટના રોજ નિવૃત્ત થઈ રહેલા અનિલ મુકીમના અનુગામી તરીકે પંકજ કુમારની નિમણૂંક કરવામાં આવી છે. પંકજકુમાર મૂળ બિહારના વતની છે અને તેઓ ૧૯૮૬ બેચના આઈએએસ અધિકારી છે.

અનિલ મુકીમને રાજ્યનાં મુખ્ય સચિવ તરીકે અગાઉ ૬-૬ મહિનાનું બે વાર એકસટેન્શન આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૩૧મી ઓગસ્ટે તેમનો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી તેમણે ૨૫મી ઓગસ્ટે છેલ્લી કેબિનેટ બેઠકમાં ભાગ લઈને સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્ય સચિવ તરીકે એસીએસ હોમ પંકજ કુમાર તથા એસીએસ ઈન્ડસ્ટ્રી રાજીવ ગુપ્તા રેસમાં આગળ હતા. જેમાંથી પંકજ કુમારની પસંદગી નવા મુખ્ય સચિવ તરીકે કરાઈ છે. તેઓ હવે ૩૧મી ઓગસ્ટે ગુજરાતના નવા મુખ્ય સચિવ પદનો કાર્યભાર સંભાળશે.

**ભાડે / વેચાણથી આપવાનું છે**

બહાઉદીન કોલેજની સામે મેરીગોલ્ડ-૩માં બીજા માળે, રોડ ટચ ૧૬૦૦ સ્કે.ફુટ કોર્નરનું (કાર્પેટ), પુજારા મોબાઈલ ઉપર ભાડે - વેચાણથી આપવાનું છે.

મો. ૯૮૨૫૯ ૧૮૯૧૭

## આવતીકાલથી સતત ત્રણ દિવસ બેંકો બંધ રહેશે

મુંબઈ, તા.૨૭: જો તમારી પાસે બેંકસંબંધિત મહત્વનું કામ છે, તો આજે જ તેના વ્યવહાર પૂર્ણ કરો કારણ કે આવતીકાલથી બેંક સતત ૩ દિવસ સુધી બંધ રહેશે. ૨૮થી ૩૧ ઓગસ્ટ સુધી બેંકોમાં કામ નહીં થાય. વાસ્તવમાં રિઝર્વ બેંક અનુસાર બેંકો આ મહિનાના છેલ્લા સપ્તાહમાં ૨૮ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે. જોકે આ સમયગાળા દરમ્યાન ઓનલાઈન બેંકિંગ સેવાઓ અને એટીએમ સેવાઓ કાર્યરત રહેશે.

## મુંબઈનાં અનાથ આશ્રમમાં કોરોના વિસ્ફોટ : ૧૫ બાળકો સહિત ૨૬ પોઝીટીવ

મુંબઈ તા. ૨૭

મુંબઈના આગરી પાડા વિસ્તારમાં આવેલા સેન્ટ જોસેફ અનાથ આશ્રમમાં રહેતા ૧૫ બાળકો સહિત ૨૨ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાંથી ચાર બાળક ૧૨ વર્ષથી નાની ઉંમરના છે. જેમણે મુંબઈની નાયર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના બાળકોને રિચર્ડસન એન્ડ ક્રૂડ્સ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

અનાથ આશ્રમમાં કોરોનાના દર્દીના કેસ સામે આવવા ઉપર ત્યા એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જ્યા ૯૫ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાંથી ૨૨ લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા.

નાયર હોસ્પિટલના ડીન ડૉ. રમેશ ભારમલે જણાવ્યુ કે ભરતી કરવામાં આવેલા બાળકોને કોરોનાના સામાન્ય લક્ષણ છે જેમની સારવાર કરવામાં આવી રહી છે.

## વડાપ્રધાન મોદીનો ગુજરાત પ્રવાસ રદ ૫ સપ્ટેમ્બરે નહી આવે

અમદાવાદ તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૫ સપ્ટમ્બરે શિક્ષક દિનના દિવસે ગુજરાત પ્રવાસે આવવાના હતાં પરંતુ તેઓનો પ્રવાસ અચાનક જ રદ થયો છે. મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલના એકસલન્ટ ઓફ સ્કૂલનું લોકાર્પણ કરવાના હતાં. દિલ્હીથી આવેલા અધિકારીઓએ ગઈકાલે કમાન્ડ એન્ડ કંટ્રોલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત સેક્રેટરીઓ સાથે યોજાયેલી બેઠકમાં વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ રદ કર્યાની જાણકારી આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષક દિનના દિવસે વડાપ્રધાન મોદી મહાત્મા મંદિરથી રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ માટે રૂપિયા ૮ હજાર કરોડનો મિશન સ્કૂલ ઓફ એક્સલેન્સ પ્રોજેક્ટ લોન્ચ કરવાના હતાં. આ સાથે તેઓ મહાત્મા મંદિરમાં મોઢેરાના સોલાર પ્રોજેક્ટનો પણ અમલ કરાવવાના હતાં.

## સમાચાર રાઉન્ડ અપ

- અમેરીકાનાં હથિયારો અને દારૂગોળાને આતંકવાદીઓનાં હાથમાં જતો અટકાવવા ગત મોડીરાત્રે કાબુલમાં સીઆઈએ દ્વારા પ્રચંડ વિસ્ફોટ કરાયો
- કાબુલ વિસ્ફોટ પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનું અફઘાનિસ્તાનનાં કાર્યકારી રાષ્ટ્રપતિ અમરૂલ્લાહ સાલેહે ટવિટ કર્યુ
- દેશમાં સતત બીજા દિવસે કોરોનાનાં ૪૦ હજારથી વધુ પોઝીટીવ કેસ
- સરકારીયોજનાઓમાં વિલંબથી વડાપ્રધાનમોદી લાલઘુમ : કેબીનેટ સેક્રેટરી પાસે અહેવાલ માંગ્યો
- કર્મચારીઓનાં પગાર અને પેન્શન નહી ચુકવો તો મિલ્કત જપ્ત કરવામાં આવશે : નોર્થ દિલ્હી મ્યુની. કોર્પોરેશનને હાઈકોર્ટની ચેતવણી

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જાગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE



**ડૉ. દિપક ચુડાસમા**
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ



હોસ્પીટલમાં ઉપલબ્ધ સારવાર
- ડાયાબીટીસની સંપૂર્ણ સારવાર
- ડાયાબીટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયનાં દર્દનાં નિષ્ણાંત
- ડાયાબીટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત
- ડાયાબીટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર

**ડૉ. નિશિતા અમીન**
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ



ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ
- પગ મચકોડાઈ જવો
- ફેકચર
- ગરદનનો દુઃખાવો
- લકવો
- કમરનો દુઃખાવો
- સાંધાનો ઘસારો
- ફ્રોઝમ શોલ્ડર
- ચેતાતંતુને લગતી તકલીફ
- પોસ્ટ ઓપ T.K.R.,T.H.R.
- સ્નાયુનો દુઃખાવો
- રમતમાં થતી ઈજા

૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪

બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસસ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ

જુન બેચમાં પ્રવેશ ચાલુ...

**ધો.૧૨ પછી શું ?**

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ - સંચાલિત

**સેનેટરી ઈન્સ્પેકટર (SI) ડિપ્લોમાં કોર્ષ**

છેલ્લી તક
જીલ્લા પંચાયત દ્વારા mphw, PHC, UHC સેન્ટર, નગરપાલિકા, મહા નગરપાલિકામાં, રેલ્વે, પોર્ટ, એરપોર્ટ, મલ્ટીનેશનલ કંપનીઓ, તારાંકિત હોટલો, દવાખાના વગેરે અનેક જગ્યાએ નોકરીની વિશાળ તક..

**જીએસપી સ્કૂલ**
સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૩૪૭૦/૮૮૬૬૨ ૬૨૬૫૬

ભાવસાર આયુર્વેદિક
**જખ્મેરૂઝ**
ગુલાબી મલમ

ચોમાસામાં ચામડીના રોગોમાં રાહત



- હાથ પગના ચીરા/વાઢિયા
- ખસ - ખુજલી
- ખીલ - ગુમડા
- જખમ - ઘા તેમજ ચામડીના રોગો માટે

ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. Customer Care: 02626 220015

# ભારતમાં ડ્રોન સંચાલનના નિયમો હળવા કરાયા, પાંચ ફોર્મ, ચાર પ્રકારની ફી

નવી દિલ્હી તા.૨૭

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે દેશમાં ડ્રોનને સંચાલિત કરવાના નિયમો હળવા બનાવવાની જાહેરાત કરતાં નવા નિયમો જાહેર કર્યા હતા. પહેલાં ડ્રોનના સંચાલન માટે ૨૫ ફોર્મ ભરવાની જરૂર હતી. જેની સંખ્યા હવે ઘટાડીને પાંચ કરવામાં આવી છે. એટલું જ નહીં ઓપરેટરો પાસેથી વસૂલવામાંઆવતી ફીના પ્રકારો ૭૨થી ચાર સુધી ઘટાડી દીધા હતા. ગુરૂવારે ડ્રોન નિયમો ૨૦૨૧ની જાહેરાત કરવામાં આવી હતી. તેઓ માનવરહિત એરક્રાફટ સિસ્ટમ (યુએસએ) નિયમો ૨૦૨૧ને વટાવી ગયા છે, જે ૧૨ માર્ચથી અમલમાં આવ્યો હતો. નવા નિયમો હેઠળ ફીનું પ્રમાણ ખૂબ જ નજીવું કરી દેવામાં આવ્યું છે. ફીને ડ્રોનના કદ સાથે જોડવામાં આવી છે. દાખલા તરીકે રિમોટ પાયલોટ લાઈસન્સ માટેની ફી રૂા. ત્રણ હજાર (મોટા ડ્રોન માટે) ઘટાડીને રૂા.૧૦૦ તમામ ડ્રોન માટે અને ૧૦ વર્ષ માટે માન્ય છે. નવા નિયમો હેઠળ વિવિધ મંજૂરીઓની જરૂરિયાત પણ નાબૂદ કરવામાં આવી છે. જેમાં અનુરૂપતા પ્રમાણપત્ર, જાળવણીનું પ્રમાણપત્ર, આયાત મંજૂરી, હાલના ડ્રોનની સ્વીકૃત્તિ, ઓપરેટર પરમિટ, આર એન્ડ ડી સંસ્થાની અધિકૃતત્તા અનો વિદ્યાર્થી રિમોટ પાયલોટ લાઈસન્સનો સમાવેશ થાય છે. નવા નિયમો હેઠળ એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે, ગ્રીન ઝોનમાં ૪૦૦ ફૂટ સુધી તેમજ એરપોર્ટ પેરિમિટરથી આઠથી ૧૨ કિ.મી.ની વચ્ચે ૨૦૦ ફૂટની ઉડાન સુધી કોઈ મંજૂરી લેવાની રહેશે નહીં. ગ્રીન ઝોનનો મતલબ ૪૦૦ ફૂટ વર્ટિકલ અંતર સુધીનું એરસ્પેસ, જેને એરસ્પેસ નકશામાં રેડઝોન અથવા યલો ઝોન તરીકે અલગ તારવવામાંઆવ્યા નથી. માઈક્રો અને નાના ડ્રોન્સ માટે પાયલોટ લાયસન્સની જરૂર નહીં રહે. નિયમોના ઉલ્લંઘન બદલ વધુમાં વધુ દંડ ઘટાડી રૂા. એક લાખ કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ ટાઈપ પ્રમાણપત્ર અને યુનિક આઈડેન્ટિફિકેશન નંબર ત્યારે જ જરૂરી રહેશે જ્યારે ભારતમાં ડ્રોન ચલાવવાનું હોય. ડ્રોનના સ્થળાંતર માટેના નિયમો પણ હળવા બનાવવામાં આવ્યા છે. જો ડ્રોન માત્ર નિકાસ હેતુમાટે આયાત અથવા ઉત્પાદિત કરવામાં આવે છે તો તેને પ્રકાર પ્રમાણપત્ર અને અનન્ય ઓળખ નંબરની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવશે. નવા નિયમોમાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે, ભારતમાં નોંધાયેલી વિદેશી માલિકીની કંપનીઓ દ્વારા ડ્રોન ઓપરેશન ઉપર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યુંહતુંકે, નવા ડ્રોન નિયમો લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે ક્રાંતિ લાવશે અને કૃષિ, ખાણ, હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં પરિવર્તન લાવશે.

## ભારત વર્ષ ૨૦૩૦ સુધી વૈશ્વિક ડ્રોન કેન્દ્ર બનશે નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા

નવી દિલ્હી તા.૨૭

ગુરૂવારે નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, ભારતને વર્ષ ૨૦૩૦ સુધી વૈશ્વિક ડ્રોન કેન્દ્ર બનાવવું એ સરકારનો હેતુ છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, નવા ડ્રોન નિયમો લોજિસ્ટિક્સ (સૈન્ય સંચાલન) અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે ક્રાંતિ લાવશે અને કૃષિ, ખાણ, હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં પરિવર્તન લાવશે. તેમણે દાવો કર્યો હતો કે, આ ક્ષેત્રે નોકરીની તકો પણ પેદા થશે. ડ્રોન નિયમો ૨૦૨૧ની જાહેરાત સમયે કેન્દ્રીય મંત્રી સિંધિયાએ ઉક્ત નિવેદન આપ્યુંહતું. નવા નિયમોના લાભો જણાવવા માટે સિંધિયાએ પત્રકાર પરિષદ સંબોધિ હતી. આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને એરપોર્ટ એથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સરકારે ગુરૂવારે ભારતમાં ડ્રોન સંચાલન અંગેના નવા નિયમો જાહેર કર્યા હતા. ડ્રોન સંચાલનના નિયમોમાં પાયાથી પરિવર્તન કરવામાં આવ્યું હતું. કેટલીક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ મુજબ હવેથી નિયમોના ઉલ્લંઘન બદલ વધુમાં વધુ દંડ ઘટાડી રૂા. એક લાખ કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ ટાઈપ પ્રમાણપત્ર અને યુનિક આઈડેન્ટિફિકેશન નંબર ત્યારે જ જરૂરી રહેશે જ્યારે ભારતજીમાં ડ્રોન ચલાવવાનું હોય. ડ્રોનના સ્થળાંતર માટેના નિયમો પણ હળવા બનાવવામાં આવ્યા છે. જો ડ્રોન માત્ર નિકાસ હેતુ માટે આયાત અથવા ઉત્પાદિત કરવામાં આવે છે તો તેને પ્રકાર પ્રમાણપત્ર અને અનન્ય ઓળખ નંબરની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવશે.

# જૂનાગઢ સહિત આઠ મહાનગરોમાં રાત્રી કરફ્યુ ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવાયો

ગાંધીનગર તા.૨૭

કોરોના વાયરસ સંક્રમણને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ફરી ૮ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ લંબાવવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે રાજ્યના આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર શહેરમાં ૨૮ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી રાત્રી કર્ફ્યૂ અમલમાં રહેશે. આ શહેરોમાં રાત્રે ૧૧ કલાકથી સવારે ૬ કલાક સુધી રાત્રી કર્ફ્યૂ અમલમાં રહેશે. તો આ આઠ મહાનગરોમાં માત્ર જન્માષ્ટમી એટલે કે ૩૦ઓગસ્ટ, સોમવારે એક દિવસ પૂરતો રાત્રી કર્ફ્યૂમાં વધારાના બે કલાકની છૂટછાટ મળશે. રાજ્યમાં તહેવારો આવી રહ્યા છે. ત્યારે ૩૦ ઓગસ્ટે જન્માષ્ટમી છે. તો ૯ સપ્ટેમ્બરથી ૧૯, સપ્ટેમ્બર રાજયભરમાં ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. આ માટે પણ રાજ્ય સરકારે ખાસ ગાઈડલાઈન જાહેર કરી છે. જન્માષ્ટમીના દિવસે તા.૩૦મીએ રાત્રે ૧:૦૦ વાગ્યાથી કરફ્યુ લાગું થશે. ગણેશ ઉત્સવ દરમ્યાન રાજ્યના ૮ મહાનગરોમાં રાત્રી કરફ્યુમાં વધુ એક કલાકની છૂટ આપવામાં આવી છે. એટલે કે તા.૯થી ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન રાત્રે ૧૨ કલાકથી કર્ફ્યૂ અમલમાં આવશે.

# હિમાચલ પ્રદેશમાં સફરજનનું મબલખ ઉત્પાદન પરંતુ ભાવ ગગડતાં સરકાર ચિંતામાં, ખેડૂતો આંદોલનનાં મુડમાં

સિમલા તા.૨૭

ટુરિસ્ટ પ્લેસ માટે જાણીતા હિમાચલ પ્રદેશમાં આ વર્ષે સફરજનના થયેલા મબલખ ઉત્પાદન બાદ ભાવ ગગડી ગયા છે અને તેના કારણે વેપારીઓ જ નહીં પણ સરકાર પણ ચિંતામાં પડી ગઈ છે. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે હવે ખેડૂતોને મંડિઓ તેમજ માર્કેટમાં હાલ સફરજન ઓછા મોકલવા માટે અપીલ કરી છે. કારણકે છેલ્લા ૧૫ દિવસમાં સફરજનના ભાવ ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયા પ્રતિ પેટી ગગડી ચુકયા છે. દરેક પેટીમાં ૨૫ થીં ૩૦ કિલો સફરજન હોય છે. તેમણે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે, અમે ખેડૂતોને અપીલ કરી છે કે, માર્કેટમાં હમણા ઓછા સફરજન મોકલો. આગામી દિવસોમાં માર્કેટમાં સુધારો જોવા મળશે તેવી આશા છે અને બીજી તરફ જેમની પાસે સ્ટોરેજની ક્ષમતા છે તેમને પણ આગ્રહ કરવામાં આવશે કે તેઓ વ્યાજબી ભાવે સફરજન ખરીદે. જેથી ખેડૂતોને નુકસાન ના થાય. ખાનગી કંપનીઓ પાસે સારો ભાવ મળશે તેવી ખેડૂતોની આશા પણ ઠગારી નિવડી છે. હાલમાં અદાણી કંપની દસ વર્ષ જૂના ૨૦૧૧ના ૬૫ રૂપિયે પ્રતિ કિલોના ભાવ ઉપર ખરીદી શરૂ કરવા જઈ રહી છે. આ વર્ષે રાજ્યમાં સાડા ચાર કરોડ પેટી સફરજનનું ઉત્પાદનનું અનુમાન છે.

હજી ૩ કરોડ પેટીઓ માર્કેટમાં આવવાની બાકી છે. સારી ગુણવત્તા વાળા સફરજન પણ હાલમાં ૧૫૦૦ રૂપિયા અને વધારેમાં વધારે ૧૮૦૦ રૂપિયા પ્રતિ પેટીના ભાવે વેંચાઈ રહ્યા છે. કેટલાક સમય પહેલા આ જ સફરજનની પેટી ૩૦૦૦ રૂપિયે વેચાતી હતી. ખેડૂતોનું કહેવું છે કે, સરકારે ખાનગી કંપનીઓને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી હોવા છતા ખાનગી કંપનીઓ અમારૂ શોષણ કરવા માંગે છે. ખેડૂતો સફરજનની ખરીદી માટે મિનિમમ સપોર્ટ પ્રાઈઝની માંગણી કરીને આંદોલન કરવાના મૂડમાં પણ છે.

# સાતમ-આઠમનાં તહેવારોને લઈને ગોવા, રાજસ્થાનની હોટલો બુક

અમદાવાદ તા.૨૭

સાતમ આઠમનો જુગાર તો રમવો જ પડે આવું માનવાવાળા અનેકોઈપણભોગે જુગાર રમવા બેસી જતા સંખ્યાબંધ લોકો સલામત રીતે જુગાર રમી શકાય તે માટે ગુજરાત બહાર ચાલ્યા ગયા છે. માત્ર જુગારીઓ માટે જ સાતમ-આઠમ ઉપર જુગાર ટૂરિઝમનું આયોજન કરતાં આયોજકોએ ગોવા અને રાજસ્થાનની મોટાભાગની હોટલો સાતમ-આઠમ માટે બુક કરાવી લીધી છે. ઘણા જુગાર રસિયા તો ચારેક દિવસ પહેલાથી જ જુગાર રમવા માટે રાજસ્થાન અથવા ગોવા પહોંચી ગયા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રથી ચોક્કસ રૂપિયાની બેંક બનાવીને જુગાર રમવા બેસવાનું નક્કી કરી જુગારીયાઓ જે-તે સ્થળે પહોંચી ગયા છે. સાતમ આઠમનો કડક બંદોબસ્ત કરવાનો પોલીસે પ્લાન તૈયાર કરી દેતા શહેરમાં કે આજુબાજુના ફાર્મ હાઉસમાં લોકો જુગાર રમવાના બોર્ડ બેસાડવાનું જોખમ લેવા તૈયાર નથી. તેને પગલે જુગાર ટૂરિઝમના ચોક્ક્સ આયોજકો દ્વારા સાતમ-આઠમના સ્પેશિયલ પેકેજ જાહેર કરી દેવામાં આવ્યા છે અને તે માટેનું બુકિંગ શરૂ થઈ ગયું છે. દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ જુગાર ટૂરિઝમ માટેનું બુકિંગ શરૂ થઈ જતા આયોજકો દ્વારા ગોવાની તેમજ રાજસ્થાની મોટાભાગની હોટલો સાતમ-આઠમ માટે બુક કરાવી દેવામાં આવી છે.


ખંભાળિયા નજીક ગ્રામ્ય તળાવમાંથી મોરમનું ગેરકાયદેસર ખનન ઝડપાયું રૂા.દોઢ કરોડના વાહનો, મશીનરીઓ કબજે : ૮૦૨૯ ટન મોરમની ચોરી પ્રકાશમાં આવી

# જિયો, BSNLની જૂનના ત્રિમાસિક ગાળામાં ગુજરાતમાં આવકો વધી

અમદાવાદ તા.૨૭

ગુજરાતના સૌથી મોટા ટેલિકોમ ઓપરેટર જિયોએ ૩૦ જૂન, ૨૦૨૧ના રોજ પૂરા થતાં ત્રિમાસિક ગાળામાં રેવન્યૂ માર્કેટ શેર એટલે કે આવકના બજાર હિસ્સાની દ્રષ્ટિએ ટોચનું સ્થાન સ્થાન જાળવી રાખ્યું છે. ગત ત્રિમાસિક ગાળાની સાથે સરખામણી કરીએ તો જિયોની ગુજરાતમાં આવક સાત ટકા એટલે કે રૂા.૮૦ કરોડ વધીને રૂા.૧૧૨૫.૭૩કરોડથઈ છે, જે ૩૧ માર્ચ ૨૦૨૧ની સ્થિતિએ રૂા.૧૦૪૫.૫૫ કરોડ હતી. ટેલિકોમ રેગ્યૂલેટર, ટેલિકોમ રેગ્યૂલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા ૩૦ જૂન ૨૦૨૧ના રોજ પૂરા થતાં ત્રિમાસિક ગાળા માટે જારી કરાયેલા નાણાંકીય અહેવાલમાં ઉપરોક્ત વિગતો આપવામાં આવી હતી. અહેવાલ મુજબ, ગુજરાત સર્કલમાં તમામ ટેલિકોમ કંપનીઓ દ્વારા મેળવવામાં આવેલી કુલ એગ્રેગેટેડ ગ્રોસ રેવન્યૂ (AGR)માં જિયોનો હિસ્સો સૌથી વધુ ૪૫ ટકા છે. સરકાર હસ્તકની ટેલિકોમ કંપની BSNLએ પણ આ ત્રિમાસિક ગાળામાં આવકમાં વધારો દર્શાવ્યો હતો. BSNLની AGR ૩૦જૂન ૨૦૨૧ના રોજ પૂરા થતાં ત્રિમાસિક ગાળામાં પાંચ ટકા એટલે કે રૂા.૭.૫૨ કરોડ વધીને રૂા.૧૫૮.૫૬ કરોડ થઈ હતી, જે ૩૧ માર્ચ ૨૦૨૧નારોજ રૂા.૧૫૧.૦૪ કરોડ થઈ હતી. BSNLનો આવકમાં બજાર હિસ્સો ૬.૫૦ટકા છે. ગુજરાતના બીજા નંબરના સૌથી મોટા ટેલિકોમ ઓપરેટર વોડાફોન આઈડિયાએ આવકમાં નજીવો ઘટાડો નોંધાવ્યો છે.

# માંગરોળનાં લોએજ ગામે જરૂરીયાતમંદ પરિવારોને મીઠાઈ-ફરસાણ વિતરણ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭

માંગરોળનાં લોએજ ગામે સ્વ. લક્ષ્મણભાઈ એ. નંદાણીયા સેવા કાર્ય ટ્રસ્ટ દ્વારા આ કારમી મોંઘવારીમાં જરૂરીયાતમંદ પરિવારોને સાતમ આઠમના તહેવારો નિમિત્તે મિઠાઈ તેમજ ફરસાણનું વિતરણ કરવામાં આવેલ હતું. સ્વ. લક્ષ્મણભાઈએ નંદાણિયા સેવા કાર્ય ટ્રસ્ટ- માંગરોળ દ્વારા સાતમ આઠમના તહેવાર નિમિત્તે લોએજ ગામમાં અતિ જરૂરિયાતમંદ એવા ૪૦ પરિવારને ફરસાણ અને મીઠાઈની કીટ આપવામાં આવેલ હતી. આ તકે ટ્રસ્ટના પ્રમુખ જેઠાભાઈ નંદાણિયાની શુભેચ્છા સાથે લોએજ ગામના સરપંચ રવિભાઈ નંદાણિયા, ગ્રામપંચાયત ઉપસરપંચ રામભાઈ ચાંન્ડેરા, ટ્રસ્ટી મહેન્દ્રભાઈ નંદાણિયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ગોવાભાઈ ચાંન્ડેરા, ગામના વડીલ નથૂભાઈ બામરોટીયા, રામભાઈ નંદાણિયા(શિક્ષક) વિગેરે હાજર રહી આ સેવા યજ્ઞમાં સેવા આપી હતી.

# અમેરિકામાં ૧૦ સપ્ટેમ્બરથી ત્રિ-દિવસીય ‘વૈશ્વિક હિંદુત્વના વિઘટન’ ઉપર કોન્ફરન્સનું આયોજન

વોશીંગ્ટન તા.૨૭

‘ડીસમેન્ટલીંગ ગ્લોબલ હિંદુત્વ’ એટલે કે ‘વૈશ્વિક હિંદુત્વના વિઘટન’ ઉપર ત્રિદિવસીય કોન્ફરન્સનું ૧૦, સપ્ટે.થી અમેરિકામાં આયોજન કરવામાં આવ્યું છે. અમેરિકાની મોટા ભાગની ૪૫ કરતાં વધુ યુનિવર્સિટીઓના ૬૦ કેન્દ્રો દ્વારા સહપુરસ્કૃત આ કોન્ફરન્સમાં અનેક અતિથિઓ વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરશે. આ કોન્ફરન્સના અગ્રણી વક્તાઓમાં આનંદ પટવર્ધન, આયેશા કિડવાઈ, બાનુ સુબ્રમણયમ, ભંવર મેઘવંશી, ક્રિસ્ટોફર જેફરેલોટ, કવિતા ક્રિષ્નાન, મીના કંદાસ્વામી, મોહંમદ જુનૈદ, નંદિની સુંદર, નેહા દિક્ષીત અને પી શિવાકામીનો સમાવેશ થાય છે જ્યારે કો-સ્પોન્સર્સમાં નોર્થ વેસ્ટર્ન, યુકે બર્કલે, યુ શિકાગો, કોલંબિયા, હાર્વર્ડ, યુપેન, પ્રિન્સ્ટન અને સ્ટેનફોર્ડના વિભાગો અને કેન્દ્રોનો સમાવેશ થાય છે. આ કોન્ફરન્સના આયોજકોએ પોતાના ટ્વીટર હેન્ડલ ઉપર જણાવ્યું હતું કે, અમે ડીસમેન્ટલીંગ ગ્લોબલ હિંદુત્વ કોન્ફરન્સની સત્તાવાર જાહેરાત કરતા રોમાંચ અનુભવી રહ્યાં છીએ. આ કોન્ફરન્સમાં ભારતમાં હિંદુ વિચારધારા અને અન્યત્ર હિંદુત્વનું વિઘટન વગેરે ઉપર ચર્ચા વિચારણા થશે.

# કેશોદ તાલુકાનાં આહિર યુવાનો દ્વારકા ખાતે જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડ કાર્યક્રમમાં ભાગ લેવા જશે



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૭

દ્વારકા ખાતે જન્માષ્ટમી પર્વ નિમિત્તે દર વર્ષે આહિર સમાજથી દ્વારકાધીશનાં જગતમંદિર સુધી શોભાયાત્રા કાઢવામાં આવે છે. ત્યારે શોભાયાત્રાનાં માર્ગ ઉપર મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવે છે. કેશોદ તાલુકાનાં આહિર સમાજના યુવાનો દ્વારા દર વર્ષે ટીમ બનાવી મટકી ફોડ કાર્યક્રમમાં જોડાય છે. ગત વર્ષે કોરોના મહામારી વચ્ચે કાર્યક્રમ યોજાયો ન હતો ત્યારે આ વર્ષે શોભાયાત્રા કાઢવામાં આવનારી છે. જેથી કેશોદ આહિર યુવક મંડળનાં યુવાનો ઈસરા ગામે ધુળેશીયા બાપાનાં મંદિરે પટાંગણમાં રોજ રાત્રીના સમયે બાલાગામ, બામણાસા, સરોડ, ઈસરા, ખમીદાણા, નાની ઘંસારી અને અખોદર ગામનાં આહિર યુવાનો એકઠાં થઈ પ્રેક્ટિસ કરી રહ્યાં છે. સમગ્ર સૌરાષ્ટ્રનાં ભાવિકો ભક્તો ઉત્સાહભેર કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે ત્યારે દ્વારકા ખાતે ઉમટી પડશે ત્યારે કેશોદનાં આહિર યુવાનો મટકી ફોડ કાર્યક્રમમાં જોડાઈ કેશોદ શહેર તાલુકાને ગૌરવ અપાવશે. કેશોદ આહિર યુવક મંડળનાં ભરતભાઈ બારીઆ, સંજયભાઈ કંદોરીયા, જયેશભાઈ સોલંકી, રાજુભાઈ બોદર, મહેશભાઈ કરંગીયા, રમેશભાઈ ભેડા જહેમત ઉઠાવી રહ્યાં છે.

# જૂનાગઢ રેન્જ સાયબર સેલનાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનું ડીજીપીનાં હસ્તે સન્માન કરાયું



જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ રેન્જ સાયબર સેલનાં પીએસઆઈ પી.જે. રામાણી, વી.એમ. જોટાણીયા, એચ.એન. ચુડાસમા, આર.આર. વાળાને રાજય પોલીસ વડા આશિષ ભાટીયા તથા એડી. ડીજી રાજુ ભાર્ગવનાં હસ્તે એવોર્ડથી સન્માનીત કરાયા હતાં. જૂનાગઢ રેન્જનાં ડીઆઈજીમનિન્દર પ્રતાપસિંહ પવારની સુચના અને માર્ગદર્શન હેઠળ ૧ કરોડ ૩૮ લાખનાંસાયબર ફ્રોડનાં નાઈઝીરીયન ગેંગનાં આરોપીને પકડી પાડી સમગ્ર પ્રકરણનો પર્દાફાશ કરનાર પોલીસ અધિકારીઓની ટીમને ડીજીપી અને એડી. ડીજીપી દ્વારા ગાંધીનગર સાયબર કોપ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવેલ હતાં.

# માંગરોળ સબ જેલમાંથી મોબાઈલ મળતાં ચકચાર

જૂનાગઢ તા. ૨૭

માંગરોળમાં સબ જેલમાં એક કેદી પાસેથી મોબાઈલ હોવાની હકીકત મળતા સ્ટાફે એક મોબાઈલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

માંગરોળ સબ જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર એ.બી. મેવાડાને સબ જેલમાં રાઉન્ડ ઉપર આવ્યા હતાં. ત્યારે જેલમાં રહેલ ગાર્ડ રણવીરસિંહ સીસોદીયા સહીતનાં સ્ટાફે રાઉન્ડ મારતા કાચા કામના કેદી જીતુ ઉર્ફે જગદીશ નાથાભાઈ સુત્રેજાએ ગાર્ડને પ્લાસ્ટીકની કોથળીમાં એકસાદો મોબાઈલ આપીને આ મોબાઈલ અહી કાચા કામના કેદી તરીકે રહેલ કચ્છ ભચાઉનાં હાજી હસન સમા વાપરતો હોવાનું જણાવ્યું હતું. જે બાબતે સ્ટાફે સીમકાર્ડ વગરનો મોબાઈલ કબ્જે લઈને હાજી હસનની પુછપરછ કરતા આ મોબાઈલ તેનો હોવાનું જણાવેલ હતું. જેને લઈને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદ ખેંચાતા દુષ્કાળના ઓછાયા : ખેડૂતોને સહાય માટે સરકારની ઉદાસીનતા



જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વરસાદ ખેંચાઈ જતાં જગતાત ચિંતામાં મુકાઈ ગયો છે. અગાઉ મહદંશે ધરતીપુત્રો વાવેતર કરી ચૂક્યા છે અને છેલ્લા આશરે દોઢેક માસથી વરસાદ ન વરસતા ખેડૂતોની આંખોમાં ચિંતાના વાદળો જોવા મળી રહ્યા છે. હાલ અનેક ખેતરોમાં મોલાતો મુરજાઈ રહી છે ત્યારે ખેડૂતોને આ સામે નિયત વળતર મળવું જોઈએ તેવી માગણી સાથે ખંભાળિયામાં કોંગી આગેવાનો દ્વારા તંત્રને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ખેડૂતો માટે અગાઉ જાહેર થયેલી મુખ્ય મંત્રી કિસાન સહાય યોજનાના અમલ અંતર્ગત બે વરસાદ વચ્ચે એક માસ જેટલું અંતર હોય તો ઉપરોક્ત યોજના હેઠળ ખેડૂતોને એક હેક્ટર દીઠ આશરે ૨૫,૦૦૦ લેખે ચાર હેક્ટરનું ખેતર ધરાવતા ખેડૂતને રૂા. એક લાખ સુધીની સહાય મળવાપાત્ર છે. પરંતુ સરકાર દ્વારા યેનકેનપ્રકારે ખેડૂતોને પૂરતું વળતર આપવામાં આવતું નથી. જેથી હાલ સરકાર ખેડૂતો સાથે છેતરપિંડી કરી રહી હોવાનો આક્ષેપ ખેડૂતો દ્વારા થઈ રહ્યો છે. ઉપરોક્ત મુદ્દે રાજયના રાજયપાલને સંબોધીને એક આવેદનપત્ર અહીંની જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધારાસભ્ય વિક્રમભાઈ માડમ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જણ, કોંગી અગ્રણી એભાભાઈ કરમુર, માજી મંત્રી ડોક્ટર આર.એન. વારોતરીયા, જીવાભાઈ કનારા, પાલભાઈ આંબલીયા, દેવુભાઈ ગઢવી વગેરે દ્વારા લેખિત પત્ર પાઠવી ખેડૂતોને મળવાપાત્ર સહાય તાકીદે મળે તે માટે યોગ્ય પગલા લેવાની રજૂઆત કરી છે.

# સત્યમ સેવા યુવક મંડળ દ્વારા જરૂરિયાતમંદ બહેનોને રાશન કીટ વિતરણ કરાઈ



જૂનાગઢ તા.૨૭

શ્રી સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સાતમ આઠમના પર્વ નિમિત્તે જરૂરિયાત ગરીબ વર્ગના બહેનો જેમાં વિધવા ત્યકતા અને વૃદ્ધ મહિલાઓને રાશન કીટ આપવામાં આવેલ હતી. જેમાં મીઠાઈ, ફરસાણ, ઘઉં, ચોખા, ખીચડી, તેલ, બટેટા, ડુંગળી, વેફર બિસ્કીટ તેમજ અન્ય જરૂરી સામગ્રી સાથે વંથલી રામ મંદિર ખાતે તેમજ ગાંધીગ્રામ સંજય નગર વગેરે જગ્યાએ મનસુખભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ તેમજ દાતાઓના સહયોગથી વજુભાઈ ધકાણ, નિર્મળાબેન ધકાણ, સુશીલાબેન શાહ, અલ્પેશભાઈ પરમાર તથા પ્રવીણભાઈ જોશી દ્વારા વિતરણ કરવામાં આવેલ હતું અને કાર્યક્રમને સફળ કરેલ હતો.

# જામજોધપુરનાં નંદાણા ગામે જીવતા સમાધીનું તર્કટ કરનારની ધરપકડ કરો : જાથા

જામનગર તા. ૨૭

જામનગર જીલ્લાનાં જામજોધપુર તાલુકાનાં નંદાણા ગામનાં ખેડૂતે જીવતા સમાધી લેવાની જાહેરાત કરતો વિડીયો વાયરલ કરતા ભારે ચકચાર સાથે પબ્લીસીટીનું નાટક કરનાર પ્રવિણભાઈ નારીયા સામે કાયદેસરની કાર્યવાહીની ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ માંગ કરી છે. પ્રવિણભાઈ નારીયાએ વરૂણદેવને અલ્ટીમેટમ આપી તા. ૧લી સપ્ટેમ્બર સુધીમાં વરસાદ નહી આવે તો જીવતા સમાધી લઈશ તેવો વિડીયો વાયરલ કર્યો હતો તેની સામે જાથાનાં રાજય ચેરમેન જયંત પંડયાએ જણાવ્યું કે નંદાણાનાં ખેડૂતનું જીવતા સમાધીની જાહેરાત એનર્યુ તુત-તર્કટ, નાટક છે. આંદોલનકારી ખેડૂતનો પબ્લીસીટી સ્ટંટ ભારે પડશે. અને જીવતા સમાધી લેવાનો નુશ્ખો કરનાર ખેડૂત સામે જાથાએ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# છેલ્લા ચાર વર્ષથી ટેટ-૧,ટેટ-૨ની પરીક્ષા ન લેવાતા વિદ્યાર્થીઓ દ્વારા આવેદનપત્ર અપાયું

કોડીનાર, તા.૨૭

શિક્ષકોની ભરતી કરતા પહેલા લેવાતી ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષા ૨૦૧૭-૧૮ બાદ ન લેવાતા ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન બી.એડ અને પી.ટી.સી (ભાવિ શિક્ષકો) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓના સમર્થનમાં કોડીનાર મામલતદાર મારફત શિક્ષણમંત્રીને સંબોધીને આવેદનપત્ર અપાયું હતું. રાજયમાં શિક્ષકોની ભરતી કરવા માટે ટીચર એલિજીબલ ટેસ્ટ(ટેટ)નામની પરીક્ષા લેવામાં આવે છે ત્યારબાદ શિક્ષકોની ભરતી કરતી વખતે ટેટની પરીક્ષા ફરજીયાત પાસ હોવી જોઈએ અને મેરિટના ધોરણે નિમણૂંક આપવામાં આવે છે પરંતુ રાજયમાં આશરે ત્રણથી ચાર વર્ષથી ટેટની પરીક્ષા ન લેવાતા વિદ્યાર્થીઓમાં સરકાર તરફ નારાજગી જોવા મળી છે જેના અનુસંધાનમાં કોડીનાર મામલતદાર મારફત શિક્ષણમંત્રીને સંબોધીને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે.

વિશેષમાં વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, ૨૦૧૮થી વિદ્યાર્થીઓ ટેટની તૈયારી કરી રહ્યા હોય અને બેરોજગારીનો સામનો કરી રહ્યા છે ત્યારે ટેટની પરીક્ષા ન લેવાતા લાંબો સમયથી બેરોજગારીનો સામનો કરવો પડી રહ્યો છે જેના કારણે વિદ્યાર્થીઓએ અનેક સામાજિક અને આર્થિક પ્રશ્નોનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ દર વર્ષે બી.એડ અને પી.ટી.સીના અભ્યાસક્રમમાં હજારો વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે પરંતુ ટેટની પરીક્ષા જ ન લેવામાં આવે તો બી.એડ અને પી.ટી.સીમાં પ્રવેશ મેળવવાનો હેતુ શું?, વળી આ પ્રમાણે ટેટ ન લેવાતા દિવસેને દિવસે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહેવાથી યુવાઓમાં શિક્ષક બનવા માટેના ઉત્સાહમાં ઘટાડો થશે અને બી.એડ અને પી.ટી.સી.માં પ્રવેશ મેળવવા સંકોચ અનુભવશે અને રાજયની શિક્ષણ વ્યવસ્થાનું સ્તર નિચું આવવાની શકયતાઓ રહેશે. વિદ્યાર્થીઓના સમર્થનમાં યુવા અગ્રણી બી.વી.આહીરે જણાવ્યું હતું કે, રાજયના હજારો વિદ્યાર્થીઓ ૨૦૧૮ ટેટ-૧ અને ટેટ-૨ ની પરીક્ષાની રાહ જોઈ રહ્યા હોય ત્યારે સરકારે વિદ્યાર્થીઓના સંયમની પરીક્ષા લેવાના બદલે તાત્કાલિક ધોરણે ટેટની પરીક્ષા લઈને ભરતી પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.

# માણાવદરનાં સરદારગઢ-ચુડવા રોડ, વંથલીનાં અગતરાઈ-આખા-ટીકર-માણાવદર રોડ ઉપર રૂા.૧૩૬.૩૮ લાખના ખર્ચે મજબૂત રેલીંગ નખાશે : મંત્રી જવાહર ચાવડા

**રાજ્યમાં માર્ગો ઉપર અકસ્માતો ઘટાડવાના ભાગરૂપે રસ્તાની નજીકમાં તળાવમાં-નદી ઢોળાવ તેમજ તિવ્ર વળાંક આવતા રસ્તા ઉપર રૂા. ૬૨૭૧.૭૪ લાખના ખર્ચે મુકવામાં આવશે મજબૂત રેલીંગ**

જૂનાગઢ, તા.૨૭

ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે રાજયમાં માર્ગો ઉપરનાં અકસ્માતો ઘટાડવાના ભાગરૂપે રસ્તાની નજીકમાં તળાવ-નદી-ઢોળાવ વગેરે આવતા હોય, તીવ્ર વળાક આવતા હોય ત્યાં વાહન રસ્તા ઉપરથી તળાવ-નદીમાં કે ઢોળાવ ઉપર પડી જવાથી જીવલેણ અકસ્માત થતા હોઈ છે તે સમસ્યાના કાયમી ઉકેલ માટે રસ્તાની સાઈડમાં મજબૂત રેલીંગ(ક્રેશ બેરીયર)નાખવાનું કામ સમગ્ર રાજયમાં રૂા.૬૨૭૧.૭૪ લાખના ખર્ચે શરૂ કરવામાં આવ્યા છે. જે પૈકી જૂનાગઢ જીલ્લાના માણાવદર વિધાનસભાના માણાવદર તાલુકામાં આવતા આવા રોડ રસ્તામાં માણાવદર-સરદારગઢ-ચુડવા રોડ, રાજય ધોરીમાર્ગ-૯૭ ચેઈનેજ ૧૬.૦૨ કી.મી.ખાતે અંદાજીત રૂા.૩૪.૦૩ લાખ, અગતરાઈ-આખા-ટીકર-માણાવદર રોડ રાજય ધોરીમાર્ગ-૯૭ના ચેઈનેજ ૮.૧. કી.મી.ખાતે અંદાજીત રૂા.૩૫.૧૩ લાખ, અગતરાઈ-આખા-ટીકર-માણાવદર રોડ ચેઈનેજ ૮.૨ કી.મી.ખાતે અંદાજીત રૂા.૨૧.૫૩ લાખ અને અગતરાઈ - આખા-ટીકર-માણાવદર રોડ ચેઈનેજ ૯.૩ કી.મી. ખાતે અંદાજીત રૂા.૪૫.૬૯ લાખ એમ મળી કુલ રૂા.૧૩૬.૩૮ લાખના ખર્ચે મજબૂત રેલીંગ(ક્રેશ બેરીયર) નાખવાના કામો શરૂ કરવામાં આવ્યા છે.

રાજયમાં માર્ગો ઉપરના અકસ્માતો ઘટાડવા રાજય સરકાર સતત ચિંતિત હોઈ સમગ્ર રાજયના જીલ્લાઓમાં આવતા તળાવ, નદી, ઢોળાવ, તીવ્ર વળાંક ઉપર વાહન વળાંક લેતા સમયે તળાવ કે નદીમાં વાહન પડી ન જાય તેના માટે મજબૂત રેલીંગ(ક્રેશ બેરીયર)નાખવાના કામો રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

મંત્રી જવાહર ચાવડાએ જણાવેલ હતું કે આ સરકાર રાજયના નાગરિકોની સતત દરકાર કરતી સરકાર છે. આ કામગીરી કરવાથી મારા મતવિસ્તારમાં આવતા આવા માર્ગ ઉપરના અકસ્માતોમાં ઘટાડો થશે. આ કામગીરી શરૂ થવાથી સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના આગેવાનો, સ્થાનિક લોકોમાં હર્ષ અને આનંદ લાગણી વ્યાપેલ છન અંતમાં મંત્રી જવાહર ચાવડાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલનો વિધાનસભા મતવિસ્તારના મતદારો વતી આભાર વ્યકત કરેલ છે.

# રાય યુનિવર્સિટી અમદાવાદ દ્વારા આંતરરાષ્ટ્રીય પરીષદ યોજાઈ ગઈ




અમદાવાદ, તા.૨૭

**Multidisciplinary International Conferenee Futuristic Trends For Sustainable Ecosvstem** વિષય ઉપર આંતરરાષ્ટ્રીય પરીષદનું આયોજન ૨૬ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૧ દરમ્યાન રાય યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિડેડ ઓટોનોમા ડી તામામઉલિપાસ (યુએટી મેકિસકો)ના સહયોગથી કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, એસ.જે. હૈદર (અગ્ર સચિવ, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ), ડો.ફર્નાન્ડો આર્ટીઝ રોડ્રિગ્ઝ (**UAT** મેકિસકો) અને ડો.સંજુ તિવાર (**UAT** મેકિસકો) દ્વારા વકતવ્યો રજૂ કરવામાં આવેલ હતા.

અનિલ તોમર (પ્રોવોસ્ટ અને પેટ્રન **FTSE-2021**)એ તમામ મહાનુભાવો અને સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને તેમને તેમના ચોકકસ ક્ષેત્રમાં સંશોધકોનું નેટવર્ક બનાવવા માટે આ તકનોઉપયોગ કરીને જ જ્ઞાતની વહેંચણીમાં જોડાવા વિનંતી કરી તેમણે આઈઓટી, આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ મશીન લર્નિંગ બ્લોક ચેઈન, સ્માર્ટ ગ્રીડ વગેરે જેવી વર્તમાન અને આવનારી ટેકનોલોજી ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા સંશોધન સમુદાય ઉપર પણ ભાર મુકયો હતો તેમણે ગુજરાતમાં સંશોધન અને વિકાસ માટે જે પહેલ કરવામાં આવી રહી છે તેની માહિતી આપી. રાય યુનિવર્સિટી અને યુએટી. મેકિસકો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગનો શિક્ષણ અને સંશોધનના વૈશ્વિકરણ તરફના પગલા તરીકે પણ પ્રકાશિત કર્યો હતો. ડો.શૈલેશ અય્યર (પ્રોફેસર અને ડીન, સીએસઈ વિભાગ, રાય યુનિવર્સિટી)એ ડો.અનિલ તોમર અને ભુપેન્દ્રસિંહ ચુડાસમાનો પ્રેરણાદાયી વિચારો વ્યકત કરવા બાદલ આભાર માન્યો હતો. પરીષદ કુલ ૨૩૦થી વધુ પેપર્સ પ્રાપ્ત થયા હતા તેમાંથી ૧૦૫ ગુણવત્તાયુકત સંશોધન પેપરો **FTSE-2021** માં સ્પ્રિંજર, કલેરીવેટ એનાલિટીકસ (વેબ ઓફ સાયન્સ) અને સ્કોપસ જેવા પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રસ્તુતિ અને પ્રકાશનો માટે પસંદ કરવામાં આવ્યા છે.

# જૂનાગઢમાંથી સગીર વયની કિશોરીનું અપહરણ કરનાર શખ્સને ઝડપી લેતી પોલીસ



જૂનાગઢ, તા.૨૭ : જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારના સોનાપુરી વૃધ્ધા આશ્રમ નજીકથી એક પરીવારની સગીરવયની કિશોરીને તા.૨૨/૮/૨૦૨૧ના રોજ કોઈ અજાણયો શખ્સ ભગાડી ગયેલ હોય જે અંગે પોલીસમાં ફરીયાદ પણ નોંધાવવામાં આવી હતી. આ દરમ્યાન જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક મનિંદર પ્રતાપસિંહ પવાર તથા જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ ક્રાઈમબ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ એચ.આઈ. ભાટી અને સ્ટાફે ચોકકસ બાતમીના આધારે તપાસ કરતા આ કિશોરીના અપહરણ કડરનાર જયેશ જગદીશભાઈ મેઘનાથી (ઉ.વ.૨૪) રહે. જૂનાગઢ વાળાના મકાને તપાસ કરતા આરોપી તથા ભોગ બનનાર બાળાને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તાલીમ પૂર્ણ કરેલ ડીલર માટેના પ્રમાણપત્ર વિતરણ કરાયા







જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ખાતે તા. ૨૬/૮/૨૦૨૧ નાં રોજ સૌરાષ્ટ્ર વિસ્તારનાં એગ્રોઈનપુટ ડીલરો તેમજ ફર્ટીલાઈઝર ડીલરોનો અભ્યાસક્રમ પૂર્ણ થતાં કુલપતિ ડો.વી. પી. ચોવટીયાના માર્ગદર્શન હેઠળ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાલીમ પૂર્ણ કરેલ ડીલર માટેના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમમાં મેયર ધીરૂભાઈ ગોહિલે જણાવ્યું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ઉત્તમ કામગીરી બદલ ઘણા એવોર્ડ પ્રાપ્ત કર્યા છે અને રાજય તથા દેશ સ્તરે ઉભરી આવેલ છે. જેમાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની જહેમતથી આ યુનિવર્સિટી તથા જૂનાગઢનું નામ ઉજળું કર્યુ છે. વધુમાં યુનિવર્સિટી તથા કૃષિ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, જંતુનાશક દવા તથા ખાતરના ડીલરોને અપીલ કરી કે, ખેડૂત જગતનો તાત છે, તેને ક્યારે પણ છેતરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.એમ. ગાજીપરાએ જણાવ્યું કે, આ કોર્ષ પ્રેરણારૂપ અને મહત્વનો પુરવાર સાબિત થશે. ઘણા ખેડૂતો હાલ જાગૃત થયા છે અને વૈજ્ઞાનિકરીતે ખેતી કરતા થયા છે. છતાં ખેડૂતો સલાહ લઈને ને જ ૮૦% ખેતી કરે છે કેટલી દવા કઈ દવા, ખાતર, નિંદામણ નાશકદવા વગેરે સલાહ લીધા પછી જ પાકને આપે છે. કૃષિ યુનિવર્સીટીમાં જુદા-જુદા સંશોધન કેન્દ્રો, વિભાગો છે. તેમાંથી ઉપયોગી માહિતી આપવામાં આવે છે. વધુમાં જણાવ્યું કે, ખેડૂતોના હિતને ધ્યાનમાંલઈ ધંધો કરવો તેમજ બાન મુકેલ દવાઓનો ઉપયોગ ન કરવા અવશ્ય માર્ગદર્શન આપજો. આ તાલીમ થકી મળેલજ્ઞાનનો ઉપયોગ કરી ખેડૂતોની સમૃદ્ધિ વધે એવી આશા સાથે ડીલરોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય, ડો. એચ.જી. સાવલિયા તથા ઓલ ઈન્ડીયા એગ્રો ડીલર એસોસીએશનના મંત્રી અરવિદભાઈ ટીંબડીયાએ પ્રસંગનેઅનુરૂપ ઉદબોધન કર્યુહતું તેમજ ડો. જી.આર.ગોહિલ તેમજ ડો.એચ.સી. છોડવડીયાએ, સમગ્ર તાલીમ કાર્યક્રમોનું સંકલન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડો.વી.જે. સાવલિયા, ડો.પી.જે. ગોહિલ,પ્રો.પીન્કીબેન શર્મા અને સાવનભાઈ ભાભોર તથા ઓફીસ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ દ્વારા કોરોના કાળમાં જરૂરીયાતમંદ પરીવારોને સરકારની વિવિધ સહાય યોજનાનો લાભ પહોંચાડાયો

જૂનાગઢ, તા.૨૭

શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ દ્વારા કોવિડના કારણે સમાજના જરૂરીયાતમંદ પરીવારોને ગુજરાત સરકારની વિવિધ સહાય યોજનાઓ તથા ઉમિયા પાટીદાર સેવા સમાજ, ઉના દ્વારા સહાય યોજના પહોંચાડવાની પ્રસંશનીય કામગીરી કરી ૧૯૮ પરીવારોને લાભ અપાવેલ છે.

જૂનાગઢ શ્રી પરબત લક્ષ્મણપટેલ સમાજમાં તા.૧૫/૪/૨૦૨૧થી ૩૧/૫/૨૦૨૧ સુધી કોવિડકેર સેન્ટર તમામ પ્રકારની સેવાઓ વિનામુલ્યે પૂરી પાડેલ જેમાં ૧૦૦ બેડથી વધુ સગવડ કરવામાં આવેલ. ૩૯૮ જેટલા દર્દીઓએ સારવારનો લાભ લીધેલ. તેવા સમયે કોરોના પરિસ્થિતિને પારખી શ્રી પ.લ. સમાજના માનદમંત્રી મુકુંદ હીરપરા દ્વારા કોરોનાના કપરા કાળમાં જૂનાગઢ જીલ્લાના ગામડાઓ તથા તાલુકા સેન્ટરો ઉપર હૃદયદ્રાવક પરિસ્થિતિમાં સમાજના ઘણા પરીવારોમાં મુખ્ય કમાનાર મોભી ગુમાવેલ, ઘણા પરીવારોમાં વયોવૃધ્ધ-વડીલો નિરાધાર બનેલ, નાની ઉંમરના બાળકો મા-બાપની છત્રછાયા ગુમાવેલ, નાની ઉંમરે ઘણી બહેનો વિધવા થયેલ જોવા મળતી હતી. આવી પરિસ્થિતિમાં આ કારમો ઘા સહન કરનાર પરીવાર અને કુટુંબના સભ્યોને ગ્રામ્ય -શહેર કરક્ષાએ ઉમિયા પરીવાર સમિતિ દ્વારા આવા પરીવારોને હુંફ આપવાનું કામ શરૂ કરેલ અને આવા પરીવારોની માહિતી એકત્રિત કરવા સમાજ દ્વારા ૧૨ મે ૨૦૨૧ના રોજ વોટસએપ લીંક તૈયાર કરવામાં આવી અને આવા પરીવારોની માહિતી એકત્રિત કરવાનું આયોજન હાથ ધરેલ. કોવિડને કારણે મુશ્કેલીમાં મુકાયેલા પરીવારોને ગુજરાત સરકારની વિવિધ સહાય યોજનાઓમાં મદદરૂપ થવાની ભાવના સાથે જોત જોતામાં ૪૦૫થી વધુ કુટુંબોની માહિતી એકત્રિત થઈ આવેલ. આવેલ માહિતિનો અભ્યાસ કરી જુદી જુદી કેટેગરી વાઈઝ કુટુંબો અને પરીવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. પ્રથમ તો કોરોના કાળમાં ૧ માસથી ૨૧ વર્ષના મા-બાપની છત્રછાંયા ગુમાવેલ બાળકોને ગુજરાત સરકારના મુખ્યમંત્રી બાળસેવા યોજનામાં ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવેલી. આવા બાળકોને માર્ચ ૨૦૨૧થી માસિક બાળક દિઠ રૂા.૪૦૦૦ ની સહાય શરૂ થયેલ. આવા ૬ પરીવારના ૯ બાળકોને સહાય શરૂ થયેલ છે. ૨૦ માર્ચ ૨૦૨૧ પછી માતા કે પિતા બન્નેમાંથી એક મૃત્યુ પામેલ હોય તેવા બાળકોની ઉંમર ૨૧ વર્ષ સુધીની હોય એવા તમામ પરીવારોને માસિક રૂા.૨૦૦૦નો સહાયના ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં આપણા સમાજના જૂનાગઢ જીલ્લાના ૪૭ જેટલા બાળકોનો આ યોજનામાં સમાવજેશ કરવામાં આવેલો ત્યારબાદ જૂનાગઢ જીલ્લાની આવેલ માહિતીમાંથી વિધવા બહેનોની યાદી તૈયાર કરવામાં આવેલ જેમાં ૩૩ વર્ષની ઉંમરથી લઈને પણ વર્ષ સુધીની ૯૬ જેટલી બહેનો કોરોનાની પરિસ્થિતિમાં વિધવા થયેલ. આ તમામ બહેનોને સરનામા ઉપર શ્રી ઉમિયા પરીવાર દ્વારા સરકારની વિધવા સહાય યોજના માસિક રૂા.૧૨૦૦ સહાયના ફોર્મ પહોંચાડવાની અને તાલુકા કક્ષાએ આપણા સમાજના સંબંધિત ઓફિસમાં કર્મચારીઓની માહિતી આપવામાં આવેલ જેથી કામગીરી સરળ બને.

તેમજ માનવ ગરીમા યોજના અંતર્ગત ૨૮ પ્રકારના વ્યવસાયો માટે સાધન ટુલ કીટસ ૧૨-૭-૨૦૨૧ થી ૩૧-૭-૨૦૨૧ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાનો પ્રચાર-પ્રશારની ઝુંબેશ શૂર કરવામાં આવી તેમજ સરકારની નિરાધાર વૃધ્ધો, અપંગોને મળતી આર્થિક સહાય તેમજ રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, જાણકારી તથા જરૂરીયાતના તમામ ફોર્મ ગ્રામ્ય ઉમિયા પરીવાર સમિતિ દ્વારા ફોર્મ પહોંચાડવામાં આવેલા.

આવા સમયે ઉમિયા પાટીદાર સેવા સમાજ, ઉના તરફથી કોવિડના કારણે મુશ્કેલીમાં મુકાયેલા પરીવારો મદદ કરવા માટે સહાય યોજના મુકવામાં આવેલછે જે માટે ઉના સમાજના પ્રમુખ શાંતિભાઈ ડઢાણીયા, કન્વીનર હિંમતભાઈ કોરડીયા, મંત્રી ગોપાલભાઈ ડઢાણીયા અને તેમની વહીવટી ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લાના વિધવા બહેનો, વૃધ્ધ નિરાધારો, મા-બાપ વગરના બાળકો માટે ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ ૯૪ જેટલા કુટુંબોના ફોર્મની ચકાસણી કરી એક પરીવાર દીઠ રૂા.૬૦૦૦ની સહાય તેમના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ. ઉના સમાજ દ્વારા દર વર્ષે સમાજના પ્લેટફોર્મ ઉપરથી સમાજના નફામાંથી, સમાજમાંથી મેળવેલા દાનથી ઉભા થયેલા સમાજથી થયેલ આવક સમાજના જરૂરીયાતમંદ પરીવારોને પહોંચાડવાનું ભગીરથ કાર્ય કોઈપણ જાતના પ્રચાર-પ્રસાર વગર કરે છે. ચાલુ વર્ષે ૧૦૩ લાભાર્થીઓને ૬,૧૮,૦૦૦ની સહાય ચુકવેલ છે. છેલ્લા ચાર વર્ષમાં ૨૩,૧૯,૦૦૦ રૂપિયાની સહાય ચુકવેલ છે. ઉના સમાજના આ કાર્યને શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ દ્વારા બિરદાવવામાં આવે છે.

ત્યારબાદ ઉમિયા માતાજી મંદિર સીદસરની ઉમા અમૃતમ યોજના તથા ઉમા આર્શિવાદ યોજનાના ફોર્મ તેમજ ઉમિયા માતાજી મંદિર ઉંઝાના વિધવા, નિરાધાર, અસાધ્ય રોગ, વિકલાંગ પરીવારોના ફોર્મ ભરવા માટે જૂનાગઢ મુકામે શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ તથા જાગાણી પટેલ સમાજ ખાતે મુકુંદભાઈ હીરપરકાની દેખરેખ નીચે કાર્યાલય શરૂ કરવામાં આવેલ તેમજ ઉમિયા સમાધાન પંચ મોતીબાગ ખાતે જમનાદાસભાઈ ઝાલાવાડીયા, પ્રમુખ ઉમિયા પરીવાર સંગઠન સમિતિ જૂનાગઢ દ્વારા ગ્રામ્ય ઉમિયા પરીવાર સાથે સંકલનની કામગીરી સંભાળેલ. નોર્થ અમેરીકા કડવા પાટીદાર સમાજ યુ.એસ.એ. દ્વારા ભાણાજીભાઈ કુંડારીયા અને અલ્પેશભાઈ કનોરીયા દ્વારા જૂનાગઢ જીલ્લામાં સર્વજ્ઞાતિના ૨૮ બાળકો મા-બાપની છત્રછાયા ગુમાવી છે તેવા તમામ બાળકોને કે.પી. એસ. એન. દ્વારા સાયકલ વિનામુલ્યે આપવામાં આવેલ અને જૂનાગઢની ખ્યાતનામ હોસ્પીટલ કે.જે. મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ ભાવિનભાઈ છત્રાળા દ્વારા સર્વજ્ઞાતિના બાળકોને આ હોસ્પીટલમાં વિનામુલ્યે સારવાર અને રિપોર્ટ કરવા માટે બોન્ડ આપવામાં આવેલ.

આ કામગીરીને સફળ બનાવવા માટે પટેલ સમાજ જૂનાગઢ, ઉમા પદયાત્રા સમિતિ, ઉમિયા પરીવાર સંગઠન સમિતિ, ઉમિયા સમાધાન પંચ કાર્યાલયનો સહયોગ મળેલ છે. ભોવાનભાઈ વાછાણી, અનિલભાઈ માકડીયા, સચિનભાઈ ભુત, મનસુખભાઈ માણાવદરીય, દિલીપભાઈ વ્યાસ, જયંતિભાઈ પબાણી, જયંતિભાઈ મકવાણા, રામજીભાઈ ઉંજીયા, કિશોરભાઈ હિગરાજીયાની ટીમે જમનભાઈ ઝાલાવાડીયા અને મુકુંદભાઈ હીરપરાના માર્ગદર્શન હેઠળ ખુબજ સુંદર કામગીરી કરેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# અફઘાન બાબતે ભારતની ધીરી ચાલ, ચીનની નજર લિથિયમ ભંડારો ઉપર !

રણનીતિ રૂપેઅગત્યનો દેશ અફઘાનિસ્તાન ઉપર હાલમાં તાલિબાનીઓએ કબજો કરી લીધો છે જેને કારણે પડોશી દેશો ચીન, પાકિસ્તાન અને ભારતમાં ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. પાકિસ્તાન અને તાલિબાનો વચ્ચે સંબંધો સારા રહ્યા છે પાકિસ્તાન ઉપર આતંકી સંગઠનનોને સપોર્ટ કરવાના આક્ષેપો થતા રહ્યા છે જોકે પાકિસ્તાન હંમેશાં આક્ષેપોનો ઈન્કાર કરતું રહ્યું છે... પરંતુ જ્યારે તાલીબાનોએ કાબુલ કબજે કર્યું ત્યારે પાકિસ્તાનનું જૂઠાણું જાહેર થઈ ગયું... પાક.ના વડા પ્રધાન ઈમરાન ખાને કહ્યું કે અફઘાનિસ્તાનીઓએ ગુલામીની જંજીરો તોડી નાખી છે. તાલિબાનો અફઘાનનું શાસન ચલાવવાની રીતો બાબતે ચર્ચા કરી રહ્યા છે... તેઓને શાસન કરતા તરીકેનો અનુભવ અધકચરો છે. એટલા માટે શાસન કરવાની રીતો બાબતેની ચર્ચામાં પાક.ના અધિકારીઓને સામેલ કર્યા છે. પાકિસ્તાન અફઘાનિસ્તાન સાથે એવી સમજૂતી કરવા માંગે છે કે જેથી ત્યાંના વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા સ્થપાય. પરંતુ અફઘાનિસ્તાનમાં અગત્યની ભૂમિકા તાલિબાનોના હાથમાં જ રહેશે અને આ તાલીબાનો સાઉદી અરબમાં જે શરિયા કાનુન છે તેનોજ અમલ અમલ કરે છે. જ્યારે કે પાક.નો સ્વાર્થ છે તાલિબાનો સાથે સંબંધો વિકસાવી આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવાનો... પરંતુ પાક.ને તે માટે સફળતા મળશે કે કેમ એ તો સમય જ કહેશે કારણ તાલીબાનો એ ભારત બાબતે કોઈ ટીકા ટીપ્પણી કરી નથી.... એક હરફ ઉચ્ચાર્યો નથી તો ભારતે પણ તાલીબાનો બાબતે કોઈ શબ્દ ઉચ્ચાર્યો નથી. અને આ બાબત ભારત અને તાલીબાનો વચ્ચે લાભપ્રદ બની શકે. બીજી તરફ ચીન તાલિબાનોને પાક દ્વારા હથિયારો સહિતની સહાય પુરી પાડી રહ્યું હતું તેવા આરોપો થતા રહ્યા છે છતાં ચીનની કોઈ મોટી ભાગીદારી દેખાઈ રહી નથી. પરંતુ ચીનની નજર અફઘાનિસ્તાનમાં વિપુલ પ્રમાણમાં મળી આવતી ખનીજ સંપદા "લિથિયમ"ના ભંડારો ઉપર છે. ચીનની નીતિ પડોશી દેશોમાં ઘુસણખોરી કરવાની રહી છે એ નીતિ અનુસાર ચીને પાકિસ્તાન સાથે દોસ્તી કરી આર્થિક ભરપૂર સહાય કરી પાક.ને ગુલામ બનાવી દીધુ અને પછીથી ભારતના પાકિસ્તાનના કબજામાં રહેલ "પોક" વિસ્તારમાં ડેરા તંબૂ તાણવાની શરૂઆત કરી દીધી જેમા સ્થાનિક લોકોના વિરોધ વચ્ચે ડેમ બાંધવાનું શરૂ કરી દીધું... પરંતુ ચીનની નજર અહીં મળી આવતા યુરેનિયમના ભંડારો ઉપર છે. કારણ કે આ વિસ્તારમાં યુરેનિયમના ભંડારો છે અને એ કારણે ચીન-પાકિસ્તાન દ્વારા તાલિબાનો સાથે સંબંધો કેળવી લિથેયમનો મોટો ભંડાર મેળવવા માંગે છે. ટૂંકમાં ચીનને મોટી લાલચ છે.... પરંતુ તેને ડર છે શિનજીયાગના આતંકીઓનો......!

દગાખોર અને લાલચી ચીનને ડર એ છે કે પશ્ચિમી શિનજીયાગ વિસ્તારને બીજિંગ વિરોધી તુર્કિસ્તાન ઈસ્લામિક મૂવમેન્ટ આંતકવાદીઓથી બચાવવા સામનો કરવાની તૈયારી કરી છે ત્યારે આતંકવાદીઓ અફઘાનિસ્તાનમાં આશરો લઈ શકે છે જે ચીન માટે તકલીફરૂપ હોવાથી પાક દ્વારા તાલિબાનો સાથે મિત્રતા કેળવવા માટે આગળ વધી શકે તેવી શક્યતા છે. તેમજ પોતાના સ્વાર્થને કારણે કદાચ ચીન તાલિબાની શાસનને રાજકિય માન્યતા પણ આપે અને આર્થિક સહાય કરે તેવી સંભાવનાને કારણે ચિંતા વધી છે. જ્યારે ભારતને અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન હતું તે સમયની કડવી યાદો છે. તાલિબાન પાકિસ્તાનના સંબંધોમાં ભારતનું એરલાઈન્સનું વિમાન યાત્રીઓ સાથે અપહરણ કરી અફઘાનિસ્તાનના કંધારમાં ઉતારેલ જેના છૂટકારા માટે પાકિસ્તાની આતંકવાદીઓને છોડવા પડ્યા હતા. ત્યારે ભારતીય વિમાનનો છૂટકારો થયો હતો. જો કે ભારતે આજ સુધી તાલિબાન બાબતે કે અફઘાનિસ્તાન બાબતે ચિંતામાં હોવા છતાં એક પણ હરફ ઉચ્ચાર્યો નથી અને ત્યાં ફસાયેલા ભારતીયોને એન કેન પ્રકારે ભારત લાવી રહ્યું છે. બીજી તરફ તાલીબાનોએ પણ ભારત બાબતે કોઈ હરફ ઉચ્ચાર્યો નથી જે નોંધનિય છે. અફઘાનિસ્તાનના લગભગ પ્રાંતોમાં ભારતના વિકાસ પ્રોજેક્ટો ચાલી રહ્યા હતા. જે અત્યારે ઠપ્પ છે. ભારતે તાલિબાનો સાથે સંપર્ક કરવા પ્રયાસો હાથ ધર્યા છે કહેવાય છે કે સામાન્ય સ્તરે તાલિબાનો સાથે વાતચીત થઈ હતી. ભારતે રશિયા સાથે પણ તાલીબાનો બાબતે વાત કરી છે એટલે કદાચ ભારતને તાલિબાનો સાથે વાતચીત કરવાથી સફળતા મળી શકે.....! જ્યારે કે તાલિબાની શાસકોને સરળતાથી શાસન ચલાવવું છે, શાસન કરવાનું શીખવું છે એટલા માટે ભારત અફઘાનિસ્તાનમાં વિકાસ પ્રોજેક્ટ ઉપર કામગીરી કરી રહ્યું હતું તેમાં તાલિબાનોને પણ રસ હોઈ શકે તે સ્વાભાવિક છે.... એટલે ભારતને તાલીબાનો સાથે સંબંધો કેળવવામાં સફળતા મળે તેવી સંભાવના વધુ છે....! પરંતુ ભારત પોતાની કૂટનીતિ અનુસાર ફુંકી ફુકીને ધીરી ગતિએ આગળ જઈ રહ્યું છે ઉપરાંત સર્વ પક્ષીય બેઠક ભારત સરકારે બોલાવીને અફઘાનિસ્તાનનાં વિષયે ચર્ચા-વિચારણ કરી હતી.....!

# ગુજરાતમાં ચૂંટણી આવતા પાટીદાર પોતાનો 'પાવર' બતાવી દે છે

અમદાવાદ તા.૨૭

ગુજરાતમાં વિધાનસભા કે લોકસભાની ચૂંટણી આવે ત્યારે પાટીદાર નેતાઓ સમાજના વર્ચસ્વની વાતો કરવા લાગે છેતો રાજકીય પક્ષો જ્ઞાતિવાદનું રાજકારણ ઊભું કરી પાટીદારોનામત મેળવવાપ્રયાસો કરતા આવ્યા છે, જ્યારે પણ ચૂંટણી આવે ત્યારે પાટીદાર નેતાઓ પોતાનું વર્ચસ્વ ઊભું કરવા કંઈ ને કંઈ એવા નિવેદન કરે છે, જેને કારણે તેમની તરફ બધા પક્ષોનું ધ્યાન ખેંચાય છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનને કારણે પાટીદાર મતદારો ચર્ચામાં હતા, જ્યારે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલાં ખોડલધામના પાટીદાર સમાજના આગેવાન નરેશ પટેલે 'પાટીદાર મુખ્યમંત્રી હોવા જોઈએ'નું નિવેદન કરી ફરી એકવાર સમાજનું વર્ચસ્વ વધારવાની શરૂઆત કરી હતી. બીજી તરફ, ગુજરાતમાં ફરી એકવાર પાટીદાર સમાજના નામે રાજકીય ચર્ચા શરૂ થતાં જ ભાજપે પણ પાટીદારોના ગઢ ગણાતા મતવિસ્તારમાં પાટીદાર કેન્દ્રીય મંત્રીઓની યાત્રાની સાથે પાટીદારોનો પ્રેમ મેળવવા નિવેદનો શરૂ કર્યા છે. ગુજરાતના રાજકારણનો પાટીદાર સમાજ પાવરફુલ જ રહ્યો છે, રાજ્યના કુલ મતદારોના ૧૫ ટકા, એટલે કે વિધાનસભાની ૭૧ બેઠક ઉપર પ્રભુત્વ ધરાવતા પાટીદારો છેલ્લાં કેટલાંક વર્ષોથી ભાજપથી રિસાયેલા છે. તેમને મનાવવા માટે ભાજપે બે પાટીદાર કેન્દ્રીય મંત્રીને પ્રવાસ માટે ઉતાર્યા છે. આ બંને કેન્દ્રીય મંત્રી પાટીદારોનો પ્રેમ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે, કેમ કે આગામી ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૫૦થી વધુ બેઠકોનો લક્ષ્યાંક પાર કરવો હશે, પાટીદારોનો પ્રેમ પાછો લેવો પડશે, એવું એક તારણ ભાજપના આંતરિક સર્વેમાં આવ્યું હતું. ૨૦૧૭ની ચૂંટણીમાં પાટીદારોને કારણે ભાજપની ૮ બેઠક ઘટી ગઈ હતી. ગુજરાતમાં પાટીદાર મતદારોના દબદબા વચ્ચે ૪ મુખ્યમંત્રી બન્યા, જેમાં ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ તો બેવાર મુખ્યમંત્રી બન્યા છતાં પણ પાંચ વર્ષ સત્તા ઉપરના ટકી શક્યા. ઈતિહાસ જોઈએ તો બાબુભાઈ પટેલથી કેશુભાઈ પટેલ સહિત કોઈ પાટીદાર મુખ્યમંત્રી ગમેતે કારણોસર મુદત પૂરી ન કરી શક્યા. બાબુભાઈને કટોકટી નડી, ચીમનભાઈને પહેલી વખત નવનિર્માણ આંદોલન નડ્યું, બીજી વખત મુખ્યમંત્રીકાળ દરમ્યાન જ તેમનું અવસાન થયું હતું, તો કેશુભાઈ પટેલને એક વખત ભાજપના બળવાખોરોએ ઊથલાવ્યા, તો બીજી વખત દિલ્હીમાં બેઠેલા હાઈકમાડે રાજીનામું માંગી લઈ તેમને સત્તા ઉપરથી દૂર કર્યા. આનંદીબેન પટેલે ઉંમરનું બહાનું આપ્યું હતું, પરંતુ તેમને પાટીદાર અનામત આંદોલન અને સ્થાનિક ચૂંટણીનાં પરિણામો જ નડી ગયાં હતાં. રાજ્યમાં કડવા અને લેઉવા પાટીદારની ૧૫ ટકા વસતિને કારણે ચૂંટણીમાં સીધી અસર કરી જાય છે. એ જોતાં વિધાનસભાની ૨૦૧૨ અને ૨૦૧૭ની ચૂંટણીનાં પરિણામો જોઈએ તો ૨૦૧૨માં ગુજરાતમાં કુલ ૧૮૨ ધારાસભ્યમાંથી ૫૦ ધારાસભ્ય પાટીદાર હતા, જેમાંથી ૩૬ ધારાસભ્ય ભાજપમાંથી ચૂંટાયા હતા. ૨૦૧૬માં પાટીદાર આંદોલન બાદ સમીકરણ બદલાયાં અને કોંગ્રેસની પાટીદાર બેઠકમાં વધારો થયો હતો. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ૨૮ અને કોંગ્રેસના ૨૦ પાટીદાર ધારાસભ્ય જીત્યા હતા, એટલે કે ૨૦૧૭માં ભાજપના ૮ પાટીદાર ધારાસભ્યનો ઘટાડો થયો હતો. ગુજરાતમાં પાટીદારોના સૌથી વધુ મતદારો ધરાવતી ૫૦ બેઠક છે, જેમાં ઊંઝા, વીસનગર, બહુચરાજી, ગાંધીનગર ઉત્તર, મહેસાણા, વિજાપુર, હિંમતનગર, માણસા, ઘાટલોડિયા, વેજલપુર, ઠક્કરબાપાનગર, નારણપુરા, નિકોલ, નરોડા, મણિનગર, સાબરમતી, ધ્રાંગધ્રા, મોરબી, ટંકારા, દસક્રોઈ, વિરમગામ, રાજકોટ ઈસ્ટ, રાજકોટ સાઉથ, જસદણ, ગોંડલ, જામજોધપુર, માણાવદર, જૂનાગઢ, વિસાવદર, કેશોદ, ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, જેતપુર, ધોરાજી, જામનગર ગ્રામ્ય, સયાજીગંજ, બોટાદ, કામરેજ, સુરત ઉત્તર, વરાછા, કરંજ, મજુરા, કતારગામ, લુણાવાડા, નડિયાદ, ડભોઈ, કરજણ છે. આ સાથે અકોટા, વાઘોડિયા, રાવપુરા, માંજલપુર, તળાજા, રાપર, જામનગર સાઉથ, ભાવનગર ગ્રામ્ય, બોરસદ, આંકલાવ, માતર, મહુધા, કપડવંજ, પાદરા, નાંદોદ, જંબુસર, ભરૂચ, નવસારી, શહેરા, કલોલ, બાપુનગરની બેઠકો ઉપર પણ પાટીદારોનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. ગુજરાતમાં હાલ ભાજપના ૪૪ ધારાસભ્ય, ૬ સાંસદ ઉપરાંત ત્રણ સાંસદ હાલ રાજ્યસભામાં પાટીદાર છે. ગુજરાતમાંથી નરેન્દ્ર મોદીની વિદાય બાદ પાટીદારોનું જોર વધ્યું હતું, ૨૦૧૫માં ગુજરાતનાં પહેલાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ હોવા છતાં પણ પાટીદાર અનામત આંદોલન શરૂ થયું હતું, જેને કારણે તેમણે રાજીનામું આપ્યું હતું. એટલું જ નહીં, પાટીદારો ભાજપથી નારાજ થવા લાગ્યા હતા. આને કારણે ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ બેઠક મળી હતી અને કોંગ્રેસને લગભગ ૮૩ બેઠક મળી હતી. એ વખતે પણ ભાજપનો વોટ શેર ૧ ટકા અને કોંગ્રેસનો વોટ શેર ૨ ટકા વધ્યો હતો. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ૧૧૫ બેઠક હતી, જે ૨૦૧૭માં ઘટીને ૯૯ થઈ હતી. જ્યારે ૨૦૧૭માં કોંગ્રેસે ૧૬ સીટ વધારે મેળવી હતી, પણ એ વખતે પાટીદાર અનામત આંદોલનનો લાભ કોંગ્રેસને મળ્યો હતો.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસનું સંગઠન હજુ પણ વેરવિખેર, શું હાઈકમાન્ડે મ્હોં ફેરવી લીધુ ?

ગાંધીનગર તા.૨૭

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨માંઆવી રહેલીહાઈટેક ચૂંટણીમાં ભાજપની સરકાર અને સંગઠને તૈયારી જોરશોરથી શરૂ કરી દીધી છે ત્યારે કોંગ્રેસમાં હજી પ્રદેશ સંગઠનના ઠેકાણાં નથી. રાજ્યમાં માર્ચ મહિનામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં કારમી હાર પછી સંગઠનમાં થનારા પરિવર્તનમાં ભારે વિલંબ થઈ રહ્યો છે પરિણામે પાર્ટીના કાર્યકરોમાં નારાજગી જોવા મળે છે. રાજયમાં વિજય રૂપાણી સરકારના પાંચ વર્ષની નવ દિવસ સુધી ઉજવણી પછી કેન્દ્રીય મંત્રીઓની જન આશીર્વાદ યાત્રા થકી ભાજપે ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે જનસંપર્ક શરૂ કરી દીધો છે જેને પગલે આમ આદમી પાર્ટીને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મળેલી સફળતા પછી રાજ્યસ્તરના સંગઠનને મજબૂત કરવાનું કામ કર્યું છે અને જિલ્લા તેમજ તાલુકા સ્તરની નિયુક્તિ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે પરંતુ કોંગ્રેસની સ્થિતિ ડામાડોળ થયેલી જોવા મળે છે. ચૂંટણીમાં અનેક વખત નિષ્ફળતા મળતાં હાલના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ બે વખત તેમના હોદ્દા ઉપરથી રાજીનામું આપી દીધું છે પરંતુ હાઈકમાન્ડે નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિ ઉપર ઠંડુ પાણી રેડી દીધું છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી પછી વિધાનસભાના વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ પણ રાજીનામું આપી દીધું છે તેમ છતાં તેમના સ્થાને નવા નેતાની વરણી થઈ શકતી નથી. આ બંને નેતાઓના રાજીનામાં સ્વિકારીને નવી નિયુકિત ન થાય ત્યાં સુધી ચાર્જ સંભાળવા કહેવામાં આવ્યું છે. હાઈકમાન્ડે ગુજરાતના પ્રભારીની ખાલી જગ્યાએ હજી સુધી અન્ય કોઈ રાષ્ટ્રીય નેતાની જવાબદારી સોંપી નથી. આ પદ માટે જે નામ વિચારણામાં લેવામાં આવે છે તે નેતા સાફ શબ્દોમાં ગુજરાતનો ચાર્જ લેવાનો ઈન્કાર કરી રહ્યાં છે. પ્રભારી પદ માટે મુકુલ વાસનિક, અવિનાશ પાંડે અને કેરળના એક નેતાનું નામ ચર્ચાઈ રહ્યું છે પરંતુ આ મહત્વના પદ માટે છેલ્લા ત્રણ મહિનાથી નિયુક્તિ થઈ શકતી નથી. કોંગ્રેસમાં સૌથી મોટી કમજોરી એ છે કે બહારથી આવેલા નેતાઓને જૂની કોંગ્રેસના નેતાઓએ કદી સ્વિકાર્યા નથી. અછૂત રાખ્યા છે. જેમાં જનતાદળ (ગુજરાત), ભાજપ, રાજપા અને અન્ય દળો છે. કોંગ્રેસપાર્ટી તેમના મોટાગજાના નેતાઓ જેવાં કે વિઠ્ઠલ રાદડિયા અને નરહરિ અમીનને પણ સાચવી શકી નથી. આંતરિક ઘર્ષણમાં કોંગ્રેસે શંકરસિંહ વાઘેલા જેવા નેતાને પણ ગુમાવી દીધા છે. ભાજપમાં ગયેલા કોંગ્રેસના નેતાઓને ભાજપે ઉમળકાભેર સ્વિકાર્યા છે અને આજે તેઓ સરકાર અને પાર્ટીમાં ટોચના સ્થાને છે. ભાજપ સરકારની હાલની કેબિનેટમાં ગુજરાત કોંગ્રેસના ટોચના ચાર નેતાઓ કુંવરજી બાવળિયા, જયેશ રાદડિયા, જવાહર ચાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજા મહત્વના વિભાગો સંભાળી રહ્યાં છે.

### ત્રીજી લહેરની આશંકા વચ્ચે

# ૧૨ વર્ષથી ઉપરનાં ૧૨ કરોડથી વધુ બાળકોને ઓક્ટોબરનાં પ્રથમ અઠવાડિયાથી રસીકરણ કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય

નવી દિલ્હી તા.૨૭

ત્રીજી લહેરની આશંકા વચ્ચે ભારતમાં ૧૨ વર્ષ કે તેથી વધુ વયના બાળકો ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયાથી કોરોના વેક્સિન મળે તેવું સરકારનું આયોજનછે. દેશમાં ૧૨થી ૧૭ વર્ષની વયના લગભગ ૧૨ કરોડ બાળકો છે, પરંતુ સૌથી પહેલા ગંભીર બીમારીથી પીડાતા બાળકોને રસી આપવામાં આવશે. ડીસીજીઆઈએ ૧૨ વર્ષ અને તેથી વધુ વયના બાળકોની રસીકરણ માટે મંજૂરી આપી છે. ઝાયેડકસ કેડિલા આ વર્ષે ઓક્ટોબરના પહેલા અઠવાડિયાથી બાળકોને તેની વેક્સિન આપવાની યોજના ધરાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલી કોવિડ વર્કિંગ ગ્રુપ કમિટીના ચેરમેન ડો.એન.કે.અરોરાના જણાવ્યા અનુસાર કંપનીએ કહ્યું છે કે જયગોવ ડીએ ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયાથી રસીકરણ કાર્યક્રમમાં જોડાવા જણાવ્યું છે. એટલે કે હવે એવી અપેક્ષા છે કે ૧૮ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવામાં આવી રહી છે પરંતુ ટૂંક સમયમાં બાળકો પણ રસીકરણ અભિયાનમાં સામેલ થશે. કોરોના ચેપ હળવો અથવા લક્ષણો વિનાનો હોય છે. હોસ્પિટલમાં દાખલ થવાની અથવા મૃત્યુની સંભાવના નહિવત્ છે, પરંતુ બાળકોમાં ચેપ પુખ્ત વયના લોકો જેવો જ છે, તેઓ ગંભીર નહીં હોય પરંતુ અન્યને ચેપ લગાવી શકે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને, લક્ષ્ય પહેલા વૃદ્ધ લોકો અને ગંભીર બીમાર બાળકોને રસી આપવાનું છે. કેન્દ્ર સરકારની સમિતિ કોવિડ વર્કિંગ ગ્રુપના ચેરમેન ડો.એન.કે.અરોરાના જણાવ્યા અનુસાર બાળકોને શાળાઓ ખોલવા માટે રસીકરણની જરૂર નથી. જરૂરિયાત એ છે કે જે ઘરમાં બાળકો હોય ત્યાંના તમામ માતાપિતા અનેઅન્ય પુખ્ત વયના લોકોને રસી આપવી જોઈએ તેમજ શિક્ષક અને શાળાના બાકીના સ્ટાફને પણ રસી આપવી જોઈએ. આરીતે બાળક સલામત આવરણમાં રહે છે. નિષ્ણાંતો બાળકોના માનસિક અને શારીરિક વિકાસ માટે શાળાઓ ખોલવાની સલાહ આપી રહ્યા છે. કોરોનાની પહેલી અને બીજી લહેર દરમ્યાન જે પણ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા છે તેમાં જાણવા મળ્યું છે કે કોરોનાથી સંક્રમિત બાળકોને ગંભીર સમસ્યાઓ નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કુદરત જ્યારે મુશ્કેલી વધારે છે, ત્યારે સમજદારી પણ વધારી દે છે.

- નુફાત


**: આજનું પંચાંગ :**

વિક્રમસં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૫ જીવંતિકા પૂજન, નાગપંચમી તા.૨૭ ઓગષ્ટ ૨૦૨૧, શુક્રવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૮, અશ્વિની નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૨, સૂ.અ.૧૯:૧૩
આજનો દિવસ સામાન્ય છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

| | |
|---|---|
| મેષ : | આરોગ્ય અંગે સાવધાની રાખવી. અવરોધો પાર કરી શકશો. |
| વૃષભ : | વ્યર્થ દોડા-દોડી રહે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. |
| મિથુન : | મહેનતનું શુભ ફળ મળે. અગત્યના કાર્યમાં પ્રગતિ રહે. |
| કર્ક : | સાહસિક કાર્યમાં નિષ્ફળતા મળે. ખર્ચનું પ્રમાણ વધે. |
| સિંહ : | ધાર્યા કાર્યો અટકી પડશે. મનમાં નિરાશા ઉદ્ભવે. |
| કન્યા : | મૂંઝવણમાંથી માર્ગ મળે. નોકરી-ધંધામાં પ્રગતિ રહે. |
| તુલા : | નાણાંભીડ દૂર થાય. સ્નેહિથી લાભ મળે. |
| વૃશ્ચિક : | અગત્યના કાર્યમાં સફળતા મળે. લાભની તક સાંપડે. |
| ધન : | કાર્યબોજમાં હળવાશ અનુભવાય. ગૃહવિવાદના યોગ છે. |
| મકર : | મનની મુરાદ બર આવે. આકસ્મીક મુસાફરી થાય. |
| કુંભ : | ગુપ્ત ચિંતા સતાવે. નાણાંકીય લાભ થાય. |
| મીન : | ભાગીદારી વર્ગથી લાભ થાય. ચિંતાનો ઉકેલ મળે. |

# શિવજીએ વર્ણવેલ રૂદ્રાક્ષ મહિમા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક વખત શિવજી અને પાર્વતીજી પ્રસન્ન મુદ્રામાં બેઠા હતા. ત્યારે અચાનક જ પાર્વતીજીએ શિવજીને પુછ્યુ, 'આપને રૂદ્રાક્ષ અત્યંત પ્રિય છે તેનો મહિમા મને જણાવો ને...' આ પ્રકારે જ્યારે માતા પાર્વતીએ શિવજીને પ્રશ્ન કર્યો ત્યારે શિવજીએ પ્રસન્ન થઈ કહ્યું, આજે તમારા પ્રશ્નના જવાબમાં હું રૂદ્રાક્ષની મહિમાનું વર્ણન કરૂં છું. પૂર્વકાળમાં મેં સંયમપૂર્વક ઉગ્ર તપ કર્યું. આ ઉગ્ર તપ દરમ્યાન એક વખત મારૂં મન અચાનક જ ક્ષુબ્ધ થઈ ગયું. મારી આંખો અચાનક જ ખુલી ગઈ. જ્યાં જોઉં ત્યાં આંખમાંથી અશ્રૃબિંદુના ટીંપા વહેલા લાગ્યા. જ્યાં તે ટીપાં પડ્યા ત્યાં રૂદ્રાક્ષ નામનું વૃક્ષ ઉગી નિકળ્યું. ભક્તોના કલ્યાણાર્થે આ અશ્રૃબિંદુ સ્થાવર રૂપમાં પ્રગટ થતાં તે વૃક્ષના ફળ વિષ્ણુ ભક્તો સહિતના ચારેય વર્ણના લોકોમાં આપી દીધા. ભુતલ ઉપર મેં મને અત્યંત પ્રિય થયેલા આ રૂદ્રાક્ષના ફળો ગૌડ દેશમાં વાવી દીધા. મથુરા, અયોધ્યા, લંકા, મલયાચલ, કાશી તથા અન્ય દેશોમાં પણ મેં તે વાવી દીધા. આ ઉત્તમ એવા રૂદ્રાક્ષ અસહ્ય પાપ સમુદ્રનું ભેદન કરનાર, શ્રૃતિઓના પ્રેરક છે. આ રૂદ્રાક્ષમાં શ્વેત, રક્ત, પીત અને કૃષ્ણ એમ ચાર રંગના રૂદ્રાક્ષના ફળ થાય છે જે મનુષ્ય ને ભોગ અને મોક્ષની ઈચ્છા રાખનારા મનુષ્યો એ રૂદ્રાક્ષ ધારણ અવશ્ય કરવા જોઈએ. મારા કે તમારા ભક્તો એ આ રૂદ્રાક્ષના ફળોને અવશ્ય ધારણ કરવા જ જોઈએ. તે ધારણ કરનારા ભક્તો તમને અને મને અત્યંત પ્રિય બની રહે છે. આંબળાના ફળ જેવડા રૂદ્રાક્ષના ફળ અત્યંત શ્રેષ્ઠ ગણાય. જે બોરના કદના રૂદ્રાક્ષના ફળ હોય તે મધ્યમ ગણાય છે. જે ચણાના કદના રૂદ્રાક્ષના ફળ હોય તેને નિમ્ન ગણવા. જે રૂદ્રાક્ષના ફળ બોર જેવડા કદના હોય તે સુખ અને સૌભાગ્યની વૃધ્ધિ કરનાર હોય છે. જે રૂદ્રાક્ષ આમળાના ફળ જેવડા કદના હોય છે તે સમસ્ત અનિષ્ઠનો વિનાશ કરનાર હોય છે. જે ચણોઠીના જેવડા કદના હોય છે તે મનના મનોરથ પરિપુર્ણ કરનાર હોય છે. રૂદ્રાક્ષનું ફળ જેમ જેમ નાનુ તેમ તેમ તેનું ફળ વધારેમાં વધારે પ્રાપ્ત થાય છે. નાના રૂદ્રાક્ષના ફળ મોટા રૂદ્રાક્ષના ફળ કરતા વિશેષ લાભપ્રદ ગણાવી શકાય. રૂદ્રાક્ષ ધારણ કરવાથી પાપોનો નાશ થાય છે. અન્ય માળા ધારણ કરવાની સરખામણીએ રૂદ્રાક્ષની માળા ધારણ કરવાથી બહુવિધ ફળની પ્રાપ્તિ થાય છે. આ રૂદ્રાક્ષના ફળ ખંડિત ન હોતા અખંડ હોવા જોઈએ. સમાન આકાર વાળા, ચિકણા, મજબુત, સુંદર રૂદ્રાક્ષના ફળ પૂર્ણ લાભની પ્રાપ્તિ કરાવે છે. જ્યારે તુટેલા, જીવ - જંતુએ નુકશાન પહોંચાડેલા, ઘાટ વગરના, વ્રણ યુક્ત, અને જેમાં દાણા ન હોય તેવા આ પાંચ પ્રકારના રૂદ્રાક્ષ ધારણ કરવાનું ટાળવું જોઈએ. જે રૂદ્રાક્ષમાં દોરો પોરવવા માટે સ્વયંમ છેદ હોય તે ઉત્તમ તથા મનુષ્ય દ્વારા છેદ કરવામાં આવે તે રૂદ્રાક્ષના ફળને મધ્યમ માનવા જોઈએ. રૂદ્રાક્ષના ફળના વિવિધ ભેદ છે. એક મુખી રૂદ્રાક્ષ સાક્ષાત મારૂં સ્વરૂપ છે. તે ધારણ કરવાથી ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ ફળની જ્યાં પુજા થાય છે ત્યાંથી કદાપી લક્ષ્મી દુર નથી જતી. તે તમામ પ્રકારના ઉપદ્રવોને દુર કરનાર છે. બે મુખી રૂદ્રાક્ષ દેવ-દેવેશ્વર તરીકે ઓળખાય છે. તેમ તમામ મનોકામના પરિપૂર્ણ કરનાર અને ઉત્તમ ફળ આપનાર છે. ત્રણ મુખ્ય વાળા રૂદ્રાક્ષનું ફળ સાધન-સાધનાનું ઉત્તમ ફળ આપનાર છે. તેના પ્રભાવથી બધી જ વિદ્યા પ્રાપ્ત થાય છે. ચાર મુખ વાળુ રૂદ્રાક્ષનું ફળ સાક્ષાત બ્રહ્મા સ્વરૂપ છે. તેના દર્શન-સ્પર્શ કે ધારણ કરવાથી જીવનના ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કા અને મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. પાંચ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ કાલાગ્નિ રૂપ છે. તે બધુ જ આપવા સમર્થ છે તે મુક્તિ અપાવનાર, મનોવાંચ્છિત ફળ અપાવનાર અને સમસ્ત પાપોને દુર કરનાર છે. છ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ અનંગ સ્વરૂપ અને અનંગ નામથી પ્રસિધ્ધ છે. જેને ધારણ કરવાથી દારિદ્રતા નો નાશ થાય છે અને ઐશ્વર્યની અભિવૃધ્ધિ થાય છે. આઠ મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ અષ્યમૂર્તિ ભૈરવ સ્વરૂપ છે. તેને ધારણ કરવાથી મનુષ્ય દિર્ઘ આયુષ્ય અને મૃત્યુ બાદ શિવલોક પ્રાપ્ત કરનાર થાય છે. નવ મુખ વાળો રૂદ્રાક્ષ ભૈરવ તથા કપિલમુનિનું પ્રતિક માનવા ઉપરાંત નવ રૂપ ધારણ કરનાર મહેશ્વરી દુર્ગાનું પ્રતિકગણાય છે. જે મનુષ્ય ભક્તિ પારાયણ હોય તેમણે ડાબા હાથમાં નવમુખ વાળો રૂદ્રાક્ષ ધારણ કરવો જોઈએ. દશ મુખ વાળા રૂદ્રાક્ષને સાક્ષાત વિષ્ણુ સ્વરૂપ જાણવું. તેને ધારણ કરવાથી મનુષ્યની સર્વ મનોકામના પરિપૂર્ણ થાય છે. અગિયાર મુખ વાળુ રૂદ્રાક્ષ રૂદ્ર સ્વરૂપ છે. તેને ધારણ કરવા વાળા મનુષ્યનો સર્વત્ર વિજય થાય છે. બાર મુખ વાળો રૂદ્રાક્ષ સુર્ય સ્વરૂપ છે. તેને મસ્તકમાં ધારણ કરવાથી તે સર્વ શક્તિમાન થાય છે. તેર મુખ વાળા રૂદ્રાક્ષનું ફળ વિશ્વ દેવો સ્વરૂપ છે. તેને ધારણ કરનાર તે મંગલ લાભ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. ચૌદ મુખવાળુ રૂદ્રાક્ષનુંફળ પરમ શિવ સ્વરૂપ છે તેને મસ્તક ઉપર ધારણ કરવાથીસમસ્ત પાપોનો ક્ષય થાય છે. આમ વિવિધ મુખ વાળા રૂદ્રાક્ષનાફળોનું વર્ણન કર્યા બાદ શિવજી પાર્વતીજીને કહે છે કે, આ રૂદ્રાક્ષની માળાને શ્રધ્ધા-ભક્તિ સાથે વિધિ વત ધારણ કરવી જોઈએ. તેને ધારણ કરનારા ઉપર હું, વિષ્ણુ, દુર્ગા,ગણેશ, સુર્ય સહિત તમામ દેવો પ્રસન્ન થઈએ છીએ. ભુત, પ્રેત, પિશાચ, ડાકિની, શાકીની સહિતના દ્રોહકારી તત્વો તેનાથી દુર ભાગે છે. માટે રૂદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઈએ.

# દેશની મિલકતોના વેંચાણની કેન્દ્ર સરકારની યોજનાથી સામાન્ય માનવી ઉપર વધુ આર્થિક બોજો આવશે

નવી દિલ્હી તા.૨૭

નાણાંમંત્રી નિર્મલા સીતારમનની ૬ ટ્રિલિયન રૂપિયાની 'નેશનલ મોનિટાઈઝેશન પાઈપલાઈન'(NMP)એ ભારતીય અર્થતંત્ર અને સરકારની નાણાંકીય પરિસ્થિતિમાં કેવી ગડબડ અને અવ્યવસ્થા છે તેનો ખુલાસો કરે છે. જો સરકારે ૨૦૧૯માં કોર્પોરેટ ટેક્સ ઘટાડ્યું ન હોત તો આજે દેશની મિલકત વેંચવાની(અથવા ભાડે આપવાની) જરૂર ન હોત. આજે ભારતીય અર્થવ્યવસ્થામાં જે કટોકટી છે તેને ધ્યાનમાં લેતા, તે અસંભવિત લાગે છે કે, આ પગલાંઓ પછી પણ સરકારનું નાણાંકીય સ્વાસ્થ્ય પૂર્નઃ સ્થાપિત થશે. જ્યાં અમે અમારી સંપત્તિનું 'મુદ્રીકરણ' કરવા માટે મજબૂર છીએ તેવી પરિસ્થિતિમાં અમે કેવી રીતે આવ્યા તે અંગે પ્રશ્નો ઊઠાવવા ઉપરાંત, અસ્કયામતો વેંચવા અને ભાડે આપવા સાથે આ સરકાર શું કરવા માંગે છે તેની સાચી ગતિશીલતા સમજવી જરૂરી છે. અસ્કયામતોની યાદીમાં સૌથી રસપ્રદ વસ્તુઓ જેનું તેઓ મુદ્રીકરણ કરવા માંગે છે તેમાં રેલવે સ્ટેડિયમ પણ છે. તેમાં ડીએલડબ્લ્યુ (વારાણસી), ચેન્નાઈ, કોલકાતા, રાયબરેલી, ગુવાહાટીમાં માલીગાંવ, કપૂરથલા અને સિકંદરાબાદમાં રેલવે સ્પોર્ટસ કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે, મુંબઈ અને પટણામાં પરેલ ખાતે ઈન્દોર સ્ટેડિયમ, ભુવનેશ્વરમાં રેલવે સ્ટેડિયમ, કોલકાતામાં બહાલા અને મુંબઈમાં મહાલક્ષ્મી, બેંગલુરૂ અને લખનૌમાં યેલહંકા ખાતે ક્રિકેટ સ્ટેડિયમ અને ગોરખપુરમાં ગોરખપુર સ્ટેડિયમ. આ મિલકતો કેવી રીતે વિકસિત કરવામાં આવશે અને સરકાર તેમની કેવી રીતે મુદ્રીકરણ કરવાની યોજના ધરાવે છે અને સરકાર કેટલા નાણાં એકત્રિત કરશે તેની વિગતો હજુ સ્પષ્ટ નથી, પણ તે લગભગ નિશ્ચિત લાગે છે કે, આ મિલકતો પાસે સ્થાવર મિલકતનું મૂલ્ય ઓફર કરવા માટે વધારે કઈ નથી. અસ્કયામતોની કિંમતનું મુદ્રીકરણ કેવી રીતે કરવામાં આવે છે અને સરકાર આગળ કઈ શરતો મૂકે છે, તે નજીકના ભવિષ્યમાં ચર્ચાનો વિષય બનશે, પરંતુ આપણે આ યોજનાના રાજમાર્ગ ઘટકને પણ જોવાની જરૂર છે. સરકાર ટોલ ઓપરેટ ટ્રાન્સફર મોડલનો ઉપયોગ કરીને આગામી ચાર વર્ષમાં રૂા.૧.૬૦ લાખ કરોડના ધોરીમાર્ગોનું મુદ્રીકરણ કરવાની યોજના ધરાવે છે, જેમાં કદાચ નાણાંની અગાઉથી ચૂકવણીની જરૂર પડશે. જો કે, તેનાથી NHAIને થોડી રાહત મળી શકે છે, જેનું નાણાંકીય વર્ષ ૨૦૨૧ના અંતે તેનું કુલ દેવું વધીને ૩.૧૭ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે જે ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં ૩.૭ લાખ કરોડ રૂપિયા સુધી જવાની ધારણા છે. રાજમાર્ગ ક્ષેત્રમાં ખાનગી રોકાણો લગભગ આવતા નથી અને દેવા સર્વિસિંગ ખર્ચ ૨૦૧૭-૧૮માં ૧૧.૩૩%થી વધીને ૨૦૧૮-૧૯માં લગભગ ૧૫% થયો છે. ટોલની આવક લગભગ ૪% ઘટી છે, હવે આ માટે શું રોકાણકારો રૂા.૧.૬ લાખ કરોડ ખર્ચવા માટે લાઈનમાં ઊભા રહેશે કે કેમ તે જોવાનું છે કારણ કે, સરકાર વિચારે છે કે તેઓ રોકાણ કરશે પણ મોટો પ્રશ્ન એ છે કે, શું બેંકો તેઓને ધિરાણ આપવા તૈયાર છે ? સરકાર એરપોર્ટના મુદ્રીકરણ દ્વારા રૂા.૨૦,૭૮૨ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે અને આ ક્ષેત્રની પોતાની નાણાંકીય સમસ્યાઓ છે કારણ કે, તેઓએ રોગચાળા દરમ્યાન રૂા.૫૧૬૦ કરોડના નફા સામે રૂા.૭૦૦૦ કરોડનું નુકસાન કર્યું હતું. 'મુદ્રીકૃત અસ્ક્યામતો'માં AAIનો આશરે ૧૮% હિસ્સો હશે પરંતુ એએઆઈ કુલ નુકસાનમાં લગભગ ૬૯% હિસ્સો ધરાવે છે. જ્યારે દરેક ક્ષેત્રમાં તેના પોતાના પડકારો હશે અને આગામી ચાર વર્ષમાં ૬ લાખ કરોડ રૂપિયાના રોકાણ લક્ષ્યને પ્રાપ્ત કરવું સરળ રહેશે નહીં, કોર્પોરેટ ટેક્સ કલેક્શન ઘટાડીને સરકાર પોતાને કેવી રીતે સદ્ધર કરી શકે છે તે સમજવું અગત્યનું રહેશે. ટેક્સ સ્ટ્રક્ચરમાં ફેરફારથી કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૨૦૧૮-૧૯માં રૂા.૬.૬૩ લાખ કરોડથી ઘટીને ૪.૫૭ લાખ કરોડ થયું છે, જે ૨ લાખ કરોડથી વધુનો ઘટાડો સૂચવે છે. પ્રવર્તમાન કંપનીઓ માટે અસરકારક કર દર લગભગ ૨૫ ટકા અને ઉત્પાદન ક્ષેત્રમાં નવી કંપનીઓ માટે ૧૭ ટકાની આસપાસ છે. ૨૦૨૦-૨૧માં કંપનીઓના નફા ઉપર લાદવામાં આવેલા કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૧૮ ટકાનો ઘટાડો થયો હતો જ્યારે વ્યક્તિગત આવકવેરાની વસૂલાત માત્ર ૨.૩ ટકા ઘટી હતી. જો કે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું ભારતીય બેંકિંગ સિસ્ટમ ઓછામાં ઓછી આંશિક રીતે મુદ્રીકરણ યોજના માટે નાણાં આપવા પૂરતી મજબૂત છે ? વર્ષના પ્રારંભમાં અંદાજ દર્શાવે છે કે, સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં NPA ૧૩.૫% સુધી વધી શકે છે અને RBIએ ભય વ્યક્ત કર્યો હતો કે, જો પરિસ્થિતિ સુધરશે નહીં તો અમે ૧૯૯૭ના સ્તરને સ્પર્શી જશું. કેન્દ્ર સરકારનો 'એસેટ મોનિટાઈઝેશન પ્લાન' તેની આર્થિક સ્થિતિને બચાવવા માટે છેલ્લી તક હોઈ શકે છે. આર્થિક પૂર્નઃ પ્રાપ્તિ હજુ વર્ષો દૂર દેખાઈ રહી છે, કંપનીઓ રોકાણ કરવા માટે ઉત્સુક નથી અને તેઓ હજુ પણ બેંકો ઉપર આધાર રાખે છે, તેથી એ જોવાનું હશે કે, કંપનીઓ તેમના ખિસ્સામાંથી આ અસ્કયામતોમાં રોકાણ કરશે અથવા નહીં. આ પગલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ભવિષ્યના સરકારી રોકાણો સાથે જોડાયેલું હોવાથી, તે સમસ્યાના હલ કરતાં વધુ સમસ્યાઓ ઊભી કરી શકે છે. તેમ છતાં પણ જો હજી કોઈ વ્યક્તિ એવું વિચારે છે કે, મુદ્રીકરણ એક સારૂ પગલું છે, તો આ વિચાર કરો અંતે તો ગ્રાહક જ છે જે આખરે આ બધા માટે ચૂકવણી કરે છે. કારણ કે, એરપોર્ટ ઉપર પાર્કિંગના દર વધશે, ખાનગી ક્ષેત્રે રાજમાર્ગો ઉપર ટોલના દરમાં વધારો કરવો પડશે અને છૂપા ખર્ચાઓનો ઘણો ખર્ચ વધશે. વધુમાં કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીએ કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલના ભાવ ત્યારે જ ઘટશે જ્યારે આંતરરાષ્ટ્રીય કિંમતો નીચે આવશે. ટૂંકમાં હવે સામાન્ય માનવી માટે જીવન જીવવું વધારે મુશ્કેલ બનશે.

# કેન્દ્ર સરકારની મુદ્રીકરણ સંપત્તિઓની યાદીમાં દાર્જીલિંગ ટોય ટ્રેન પણ સામેલ

કલકત્તા તા.૨૭

વર્લ્ડ હેરિટેજ દાર્જિલિંગ હિમાલયન રેલવે(DHR)ને કેન્દ્ર સરકાર દ્વારા મુદ્રીકરણ માટે સૂચિબદ્ધ કરવામાં આવેલી સરકારી માલિકીની સંપત્તિમાંની એક તરીકે પસંદ કરવામાં આવી છે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સોમવારે નેશનલ મોનિટાઈઝેશન પાઈપલાઈન(એનએમપી)ની જાહેરાત કરી હતી જેમાં સરકાર તેના સંપત્તિ મુદ્રીકરણ પાઈપલાઈન હેઠળ આગામી ચાર વર્ષમાં રાજ્યની માલિકીની ૬ લાખ કરોડ રૂપિયાની સંપત્તિનું મુદ્રીકરણ કરવાની યોજના ધરાવે છે, જેનો અર્થ છે કે, ચોક્કસ સમયગાળા માટે ખાનગી ક્ષેત્રને સંપત્તિની સોંપણી કરવી. જો કે, કેન્દ્રએ ખાસ ઉલ્લેખ કર્યો છે કે, અસ્ક્યામતોની માલિકી સરકાર પાસે રહેશે, ખાનગી ક્ષેત્રના ભાગીદારો જે આ અસ્કયામતોની સંપતિ કબજે કરશે તેને થોડા સમય બાદ ફરી સરકારને સુપરત કરવાની રહેશે. દાર્જીલિંગના બીજેપી સાંસદ રાજુ બિસ્તાના જણાવ્યા મુજબ આ માત્ર દરખાસ્ત છે અને તેના અમલ માટેનો નિર્ણય PPP મોડેલ થકી ડીએચઆર દ્વારા લેવામાં આવશે, જ્યારે પણ નિર્ણય લેવામાં આવશે ત્યારે તે વર્લ્ડ હેરિટેજ સ્ટેટસ, સ્થાનિક સમુદાયોની લાગણીઓ અને સમૃદ્ધ ઈતિહાસ અને રેલ્વેના વારસાને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે. ભારત સરકારની થિંક ટેન્ક નીતિ આયોગ દ્વારા નેશનલ મોનિટાઈઝેશન પાઈપલાઈન વોલ્યુમ-૨ એસેટ પાઈપલાઈન પણ કહે છે કે, જે પણ આ પ્રકારની સંપત્તિ લે તેણે તેનો હેરિટેજ વારસો સાચવવો પડશે. ૧૯૯૯માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજની દરજ્જો આપનાર ડીએચઆર વિશ્વની પાંચ રેલવેમાંની એકમાત્ર સંપત્તિ છે. ૨૦૨૧-૨૨ કેન્દ્રીય બજેટમાં જાહેર માળખાકીય સંપત્તિના સંચાલનનું મુદ્રીકરણ ટકાઉ માળખાકીય ધિરાણ માટે મુખ્ય સાધન તરીકે ઓળખવામાં આવ્યું છે. રોગચાળાને કારણે, વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓ ધીમી પડી છે અને ભારતમાં પણ આ જ સ્થિતિ જોવા મળી છે. અર્થતંત્રની સરકાર તરફથી જરૂરી ટેકો મળે તે સુનિશ્ચિત કરવા માટે નાણાં મંત્રાલય અને નીતિ આયોગે માળખાકીય સુવિધાને કેન્દ્રીય આધારસ્તંભ તરીકે ઓળખાવી છે. જેના દ્વારા જે જાહેર ખર્ચ થાય તે તેના પુનરૂત્થાન માટે સક્રિયપણે મદદગાર સાબિત થશે અને આ સ્પિલઓવર અસર થકી પોતે જ એક માંગનું ચક્ર બનાશે, તેમ શ્રીમાન બિસ્તાએ કહ્યું. તેમના જણાવ્યા મુજબ એનએમપી યાદીમાં આવેલી સંપત્તિઓમાં રસ્તા, રેલવે સ્ટેશન, ટ્રેન ઓપરેશન અને ટ્રેક, પાવર ટ્રાન્સમિશન લાઈન, હાઈડ્રોઈલેક્ટ્રીક અને સોલર પાવર એસેટ્સ, ફાઈબર ઓપ્ટિક કેબલ્સ, ટેલિકોમ ટાવર્સ, નેચરલ ગેસ પાઈપલાઈન, પેટ્રોલિયમ પ્રોડ્કટ પાઈપલાઈન, રેલવે સ્ટેડિયમ, એરપોર્ટ, કોલસા ખાણકામ પ્રોજેક્ટ, મુખ્ય બંદરો અને વેરહાઉસિંગ અસ્ક્યામતોનો સમાવેશ થાય છે. જો કે, તેમણે કહ્યું કે ગઈકાલે જ આ અંગે ઘોષણા કરવામાં આવી હોવાથી મને સમગ્ર બાબત ઉપર પૂરતું ધ્યાન આપી અભ્યાસ કરવાનો સમય મળ્યો નથી. જો કે, ભારતના પર્વતીય હિસ્સાની રેલવેનો મુદ્રીકરણ માટે લાંબા સમયથી પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેમાં દાર્જીલિંગ હિમાલયન રેલવે, નીલગીરી પર્વત રેલવે, કાલકા શિમલા રેલવે અને માથેરાન રેલવેનો સમાવેશ થાય છે. આ વર્લ્ડ હેરિટેજ હોવાથી તેઓ ઓપરેશન મેઈન્ટેનન્સ ડેવલપમેન્ટ આધારિત પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ દ્વારા મુદ્રીકરણ કરી શકે છે.

# કેન્દ્ર સરકાર ફેંકી દેવાના ભાવે સરકારી મિલકત ખાનગી ક્ષેત્રને વેંચી રહી છે : કોંગી નેતા સચિન પાયલોટ

જયપુર તા.૨૭

રાજસ્થાનના ભૂતપૂર્વ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર અને અગ્રણી કોંગ્રેસ નેતા સચીન પાયલટે દૌસા મુલાકાત દરમ્યાન પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન ભાજપ ઉપર આક્ષેપ કરતાં કહ્યું હતું કે, ભાજપ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યું છે અને ભાગલાવાદી પ્રવૃત્તિમાં જ રસ લઈ રહી છે. કેન્દ્ર સરકારની ફરજ છે કે, તે ગરીબ અને મધ્યમવર્ગના લોકોના ઉત્થાન માટે કાર્ય કરે. તેના બદલે તે મોનિટાઈઝેશન કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૭૦ વર્ષમાં ઊભી કરવામાં આવેલ સરકારી મિલકતોને સસ્તા દરે ખાનગી ક્ષેત્રોને વેંચી રહી છે અને તે પણ પોતાની પસંદગીના ખાનગી ક્ષેત્રોને વેંચી રહી છે. સચિન પાયલટે કહ્યું કે, કેન્દ્ર સરકાર રેલવે, એરપોર્ટસ અને બીજા મોટા સરકારી સાહસો તેમના પરિચિતોને ફેંકી દેવાના ભાવે વેંચી દે તેવી શકયતા છે. દેશમાં અત્યારે પેટ્રોલ-ડીઝલના ભાવ ખૂબ ઝડપી વધી રહ્યા છે, પેટ્રોલના ભાવ (રૂા.૧૦૫) અને સિલિન્ડરના ભાવ(રૂા.૯૦૦) વધી રહ્યા છે. તેમજ બેરોજગારીની સમસ્યા દિવસને દિવસે વકરી રહી છે. લોકો પાસે નોકરીઓ નથી, કોવિડ-૧૯ની બીજી લહેરમાં ઓક્સિજનની અછતના કારણે લાખો લોકો મૃત્યુ પામ્યા છે ત્યારે આવા મહામારીના કપરાકાળમાં કેન્દ્રના પ્રધાનો જન આશીર્વાદ યાત્રાનું આયોજન કરી રહ્યા છે. દૌસા મુલાકાત દરમ્યાન તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, દૌસા, ભરતપુર, જયપુર, જોધપુર, સવાઈમાધોપુર અને સિરોહી જિલ્લામાં યોજાનારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થશે. ચૂંટણી ૨૬ અને ૨૯ ઓગસ્ટ ઉપરાંત ૧ સપ્ટેમ્બરે યોજાવાની છે અને મતગણતરી જિલ્લા વડામથકે ૪ સપ્ટેમ્બરે કરવામાં આવશે.

# રાજય સરકારનો મહત્વનો નિર્ણય, જેલમાં બંધ તમામ કેદીને મળશે ટેલિફોન સુવિધા

ગાંધીનગર તા.૨૭

ગુજરાત સરકારે જેલને લઈને એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેમાં રાજ્યની જેલોમાં તમામ કેદીઓને ટેલીફોનની સુવિધા મળશે. સરકારના નિર્ણય પ્રમાણે કાચા કામના અને પાકા કામના તમામ કેદીને ટેલીફોનની સુવિધા મળશે. રાજય સરકારે અગાઉના પરિપત્રાને રદ કરી નવો પરિપત્ર બહાર પાડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પૂર્વ આઈપીએસએ આ વિષે ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી કરી હતી. જેથી રાજ્યની તમામ જેલમાં કાચા અને પાકા કામના કેદીને ટેલિફોનની સુવિધા મળશે આ વિષે મળતી માહિતી પ્રમાણે રાજય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવાયો છે. સરકાર હવે રાજ્યની તમામ જેલોમાં બંધ કાચા કામના કેદી અને પાકા કામના કેદીઓને ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ કરાવશે. એન.ડી.પી.એસ અને અન્ય ગંભીર પ્રકારના ગુનાઓમાં બંધ આરોપી અથવા સજા પામેલા કેદીઓને ટેલિફોનની સુવિધા ઉપલબ્ધ નહીં કરાવવા બાબતના વર્ષ ૨૦૧૪ના પરિપત્રમાં કરવા આવેલી જોગવાઈઓને રદ કરી દીધી છે. અત્રે નોંધનીય છે કે, જેલમાં બંધ કેદીઓને ટેલિફોનની સુવિધા મળવી જોઈએ તેવી રજૂઆત સાથે એનડીપીએસ કેસમાં આરોપી પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે હાઈકોર્ટમાં કરેલી અરજીના પગલે સરકારે જેલમાં બંધ કેદીઓ માટે આ નિર્ણય લીધો છે.

# ગીરગઢડાના દ્રોણ ગામમાં સંતોના હસ્તે નૂતન 'ગોવર્ધન' ગૌશાળાનું ઉદ્ઘાટન



(નિવર ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૭

તાઉતે વાવાઝોડાની અસરથી અનેક લોકો બેઘર થયા છે. એમને કોઈને કોઈ રીતે સહાય મળી અને જન જીવન પાટે ચડ્યું છે પરંતુ મુંગા પશુઓની પરિસ્થિતિ વિકટ બની ગઈ હતી. આવા સમયે સેવાભાવી સંસ્થા તથા ધનાઢ્ય ગૃહસ્થ લોકોએ આગળ આવી યથાયોગ્ય મદદરૂપ બની પશુપાલકોની સહાય કરી છે. નીવ ફાઉન્ડેશન, કરૂણા સેવક ગૌશાળા તથા માનવતા ગૌશાળાના સહયોગથી દ્રોણ ગામની ગોવર્ધન ગૌશાળાનું પૂર્નઃ નિર્માણ કાર્ય સંપન્ન થતા દ્રોણેશ્વર ગુરૂકલના સંતો સીતારામબાપુ તથા સોનેરી હનુમાનજી મંદિરના મંહત તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં સર્વ પ્રથમ ગૌપૂજન અને ગૌશાળાનું ઉદઘાટન થયું હતું. આ પ્રસંગે વિદ્વાન બ્રાહ્મણોએ ગૌયજ્ઞ પણ કરાવ્યો હતો. ત્યારબાદ ગૌશાળાના દાતા તથા સેવકોને આશીર્વાદ અપાયા હતા. આ તકે હરિદર્શનસ્વામીએ ગૌસેવા તથા ગાયથી મળતા ફાયદા વિશે વિશ્લેષણ સાથે વાત કરી હતી. મહેશભાઈ જોષી વગેરેએ કાર્યક્રમની જવાબદારી સંભાળી હતી.

# ખાનગી યુનિવર્સિટીઓ ઉભી કરવાનાં બહાને સરકારનો ઈરાદો ગ્રાન્ટેડ કોલેજો બંધ કરાવવાનો છે તે પ્રજાએ વહેલી તકે સમજી લેવાનું રહે

સરકારને ખાનગીકરણની ધૂન ચડી છે અને તેણે અન્ય ક્ષેત્રોને ખાનગી કરવાની સાથોસાથ શિક્ષણને પણ ખાનગીકરણ તરફ ધકેલવાનું શરૂ કરી દીધું છે. પ્રજા તરીકે આપણે એ સમજી લેવાનું રહે કે 'સેવા' શબ્દ આઉટડેટેડ થઈ ગયો છે અને કોઈ હવે સેવા કરતું નથી. બધા જ ધંધો કરે છે અને એમાં શરૂઆત સરકારથી થાય છે. અગાઉ ક્યારેય ન હતી એવી મૂંગી પ્રજા અત્યારે છે. એને એ ખબર નથી પડતી કે એની ચૂપકીદી અનેક ક્ષેત્રોમાં અનેક અનર્થો સર્જી રહી છે. શિક્ષણની જ વાત કરીએ તો આ વર્ષથી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સાર્વજનિક યુનિવર્સિટી તરીકે અસ્તિત્વમાં આવી. સોસાયટીએ, યુનિવર્સિટી તરીકે પ્રગટ થવા સરકારમાં અરજી કરી ત્યારે તેણે સ્પષ્ટ કરી દીધું હતું કે તે પોતાની સાથે સેલ્ફ ફાયનાન્સ કોલેજો જ રાખશે અને તેનું સ્ટેટસ ખાનગી યુનિ. તરીકેનું જ રહેશે. સરકારે એ શરતે મંજૂરી આપી કે તે એક પણ રૂપિયાની મદદ નહીં કરે. સાર્વ. યુનિ.ને એ મંજૂર હતું ને એને ખાનગી યુનિ. તરીકેની મંજૂરી આ વર્ષથી મળી પણ ગઈ. ખાનગી યુનિ. બનવાનું સોસાયટીએ કેમ સ્વીકાર્યું તેનો જવાબ હોદ્દેદારો એમ આપે છે કે કેટલાક કોર્સિસ ખાનગી યુનિ. તરીકે શરૂ કરવામાં સરળતા રહે અને જરૂરી ફી લઈને તે શરૂ કરી શકાય. એવા કયા કોર્સિસ છે જે ખાનગીમાં જ શરૂ કરી શકાય અને ગ્રાન્ટેડમાં ન થઈ શકે તેનો ખુલાસો થયો નથી, પણ એટલી સ્પષ્ટતા જરૂર થઈ છે કે સાર્વ. યુનિ. ધંધો કરવાને ઈરાદે જન્મી નથી. સ્પષ્ટતા તો એવીય થઈ છે કે કેટલાક સેલ્ફ ફાયનાન્સ કોર્સિસમાં સોસાયટી ખોટ પણ કરે છે. આ સાચું હોય તો એમ સ્વીકારવું પડે કે ખાનગી કોલેજો પણ ખોટ કરે છે, તો પ્રશ્ન એ થાય કે ગ્રાન્ટેડમાં અને ખાનગીમાં ફેર શું રહે છે ? જો ખાનગીમાં ખોટની શક્યતા રહેતી હોય તો સરકાર ખાનગીકરણ ખોટ ખાવા કરે છે ? ખાનગીમાં પણ ખોટ જ જવાની હોય તો ગ્રાન્ટેડનો વેપલો શું ખોટો છે ? સાચું કે ખોટું તો સોસાયટી કે સાર્વજનિક યુનિ. જાણે, પણ યુનિ. બનવાની ઉતાવળમાં સોસાયટીએ ઘણી ગરબડો કરી છે. સોસાયટી બરાબર જાણતી હતી કે પોતાની ૧૦૦થી વધુ વર્ષથી ગુજરાતમાં પ્રતિષ્ઠા છે. તેની સાથે એમટીબી જેવી શતાબ્દી વટાવી ચૂકેલી કોલેજ ઉપરાંત કેપી, વિટીચોક્સી જેવી નામી ગ્રાન્ટેડ કોલેજો જોડાયેલી છે. જો ખાનગી યુનિ. બનવાનું આવે તો આ કોલેજોનું ભાવિ શું, તેનો વિચાર કર્યા વગર સોસાયટીએ સામેથી સરકારને કહી દીધું કે તે યુનિ. થાય તો પોતાની સાથે માત્ર સેલ્ફ ફાયનાન્સ કોલેજો જ રાખશે. બીજા શબ્દોમાં, તે ગ્રાન્ટેડ કોલેજોને સાથે રાખવા માંગતી નથી. એટલે થયું એવું કે વીર નર્મદ યુનિ. કોલેજોનું જોડાણ રદ કરે એ પહેલાં તો સાર્વજનિક યુનિ.એ પોતે જ સાથે જોડાયેલી ગ્રાન્ટેડ કોલેજો સાથેનો છેડો ફાડી નાખ્યો. છેડો ફાડવો જ પડે એમ હતું, કારણ ગ્રાન્ટેડ કોલેજોની ફી ઓછી અને પગાર ધોરણ ઊંચું હતું જેનો બોજ ઉપાડવાનું સાર્વજનિ યુનિ. માટે શકય ન હતું. સરકારી ગ્રાન્ટથી એ કોલેજો ચાલે છે. હવે ખાનગી યુનિ.ને એ ગ્રાન્ટ તો સરકાર આપે નહીં, એટલે ગ્રાન્ટેડને જોડવાની ઈચ્છા હોય તો પણ સાર્વજનિ યુનિ.એ જોડી ન શકે એ સ્થિતિ છે. સરકારે ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૨૧માં કાયદામાં સગવડ પ્રમાણે ફેરફારો કર્યે રાખીને લાગતા વળગતા સૌને મૂરખ બનાવ્યા છે. તેના તઘલખી નિર્ણયો મુજબ, સરકારે ખાનગી યુનિ. સાથે ખાનગી કોલેજો જ જોડાશે એવું ફરમાન બહાર પાડ્યું. ખાનગી યુનિ.ને સરકારી કોઈ મદદ નહીં મળે તેવું પણ ઉમેરાયું, પાછળથી ખાનગી સાથે ગ્રાન્ટેડ કોલેજો જોડી શકાશે તેવું આવ્યું અને ગ્રાન્ટેડ કોલેજો ખાનગી યુનિ. સાથે જોડાશે તો વિદ્યાર્થીઓને ફીનું ધોરણ ગ્રાન્ટેડનું જ લાગુ પડશે અને અધ્યાપકોનાં પગાર ધોરણમાં અને નિવૃત્તિના લાભોમાં પણ કોઈ ફેર નહીં પડે. તો સરકાર માઈબાપને એ પૂછવાનું થાય કે જો ફીમાં કે પગારમાં ફેર પડવાનો ન હોય તો નર્મદ યુનિ. સાથે ગ્રાન્ટેડ કોલેજોનું જોડાણ ચાલુ રાખવામાં શું તકલીફ હતી ? તેને ખાનગી સાથે જોડવાનો આગ્રહ શું કામ ? પણ સરકારનો હેતુ અહીં સ્પષ્ટ નથી. તે ગ્રાન્ટેડની ફી અને પગાર, ખાનગી યુનિ.ને આપવાનું તો કહે છે, પણ કાનૂની રીતે બંધાવા તૈયાર નથી. ધારો કે સરકાર ગ્રાન્ટેડની જવાબદારી ઉપાડે છે તો તેમાં પણ કરામત જ હશે. હાલ બે ત્રણ વર્ષ ધારો કે અધ્યાપકનો પગાર કે નિવૃત્તિના લાભો સરકાર આપે છે કે ફીનું ધોરણ ઓછું રાખે છે, પણ પછી નવા અધ્યાપકો કે નવા વિદ્યાર્થીઓનો બોજ લાંબો સમય તે ઉપાડે એ શક્ય નથી. જો એ જ કરવું હતું તો ગ્રાન્ટેડની હાલની સ્થિતિ ચાલુ રાખતાં તેને કોણ રોકતું હતું ? પણ, સરકારનો ઈરાદો સાફ છે. તે ગ્રાન્ટેડનું સ્ટેટસ જ નાબૂદ કરવા માંગે છે. ગ્રાન્ટેડનો લાભ ખાનગી યુનિ.ને સરકાર આપશે, પણ એ પ્રકરણ લાંબું નહીં ચાલે. આવનારા સમયમાં વિદ્યાર્થીએ વધારે ફી ભરવાનું થશે અને અધ્યાપકે પણ ખાનગીનું ધોરણ અપનાવીને જ નોકરી કરવાનું થશે તે કહેવાની જરૂર નથી. સાર્વ. યુનિ. અને એવી બીજી ખાનગી યુનિ.ની સંખ્યા આવનારા સમયમાં વધવાની છે. ખાનગી ટ્રસ્ટોને યુનિ. બનાવવાની લાલચો આપીને તેની સાથે ખાનગી કોલેજો જોડવાનો ધંધો ફૂલેફાલે એવા સંજોગો છે જ, એમાં સાર્વ. યુનિ. જેવી સંસ્થાઓનો ઉપયોગ કરીને સરકારે શરૂઆત કરી દીધી છે. સરકારને આગળ જતાં બે લાભ છે. શિક્ષણની જવાબદારી ખાનગી સંસ્થાઓ ઉપાડશે ને જેની પાસે પૈસા હશે તે ભણશે અને ભણાવશે, એટલે સરકારની જવાબદારી ખાસ રહેશે નહીં. બીજું, કરવેરાઓ દ્વારા આવક ઊભી કરીને સરકાર પોતાની મજબૂતાઈના માર્ગો ખોળી કાઢશે. સાર્વ. યુનિ. સ્થપાતાં સરકારને એ ખબર હતી કે યુનિ. સાથે ગ્રાન્ટેડ કોલેજો નથી અને એ વીર નર્મદ સાથે જ જોડાયેલી છે, છતાં સરકારે એ કોલેજોનું જોડાણ રદ કરવાનો આદેશ આપ્યો. આ અજાણતાં થયું હોય એવું લાગતું નથી, પણ પરિણામ એ આવ્યું કે ગ્રાન્ટેડ કોલેજો ન તો વીર નર્મદ યુનિ. સાથે રહી કે ન તો સાર્વ. યુનિ. સાથે. સાર્વ. યુનિ.એ પણ એ ન વિચાર્યું કે વર્ષોથી સાથે રહેલી ગ્રાન્ટેડ કોલેજોનું શું થશે ? સરકારને તો કોલેજની ઐતિહાસિકતાની કદાચ બહુ ખબર ન હોય, પણ સોસાયટી તો એ જાણતી હતી કે તે ભવ્ય ઈતિહાસ સાથે સંકળાયેલી હતી. તેનું એક પણ પગલું એવું કેવી રીતે હોય જે ઈતિહાસ અને ભૂગોળ જ બદલી નાખે ? એ વિચાર ન થયો અને આજે એ કોલેજો ન ઘરની કે ન ઘાટની સ્થિતિમાં આવી પડી છે. સાર્વ. એકેશન સોસાયટી કે એમટીબી અને બીજી કોલેજો શરૂ થઈ તે શ્રેષ્ઠીઓના દાનથી ! દાતાઓનો ઈરાદો સસ્તું ને સારૂ શિક્ષણ અપાય એવો હતો. એમાં કમાઈ ખાવાની દાનત ન હતી. એમણે કલ્પના પણ નહીં કરી હોય કે એમની ભૂમિ ઉપર ખાનગીનો વેપાર શરૂ થશે અને સોસાયટીનો, સરકાર, હાથા તરીકે ઉપયોગ કરીને વાતને ગૂંચવી મારશે. સરકાર ગ્રાન્ટેડનું કોકડું ઉકેલે એમ લાગતું નથી. ઉકેલવાનો ઈરાદો જ ઓછો છે. તે એ રીતે કે થાકી હારીને વિદ્યાર્થીઓ અને વાલીઓ જ ખાનગી કે દૂરની કોઈ ગ્રાન્ટેડ કોલેજમાં જોડાય, કારણ અહીં ઓગસ્ટના એકવીસ દિવસ વીતવા છતાં એડમિશનનાં ઠેકાણાં નથી અને નજીકમાં ઠેકાણું પડે એમ લાગતું નથી. એટલે જતે દિવસે ગ્રાન્ટેડ કોલેજોમાં કોઈ એડમિશન લેવાવાળું જ ન રહે ને એ કોલેજો બંધ થાય એમ બને. એમ થાય તો સરકારને તો ટાઢે પાણીએ ખસ જશે, પણ સોસાયટી પોતાને કઈ રીતે માફ કરી શકશે એ પ્રશ્ન છે. સુરતની ગ્રાન્ટેડ કોલેજોની જેમ જ બલિનો બકરો બારડોલીની કોલેજો પણ થઈ છે. એણે તો કોઈની સાથે જોડાવા કોઈ અરજી કરી નથી તો એને ખાનગી યુનિ. સાથે જોડવાનું દબાણ સરકાર કેમ કરી રહી છે તે સમજાતું નથી. બારડોલીની કોલેજોમાં આદિવાસી વિસ્તારોનાં ગામોમાંથી ગરીબ વિદ્યાર્થીઓ આવે છે, એમને ખાનગીની ફી ભરવાની આવે તો ભણવાનું છોડવું જ પડે. એવા વિદ્યાર્થીઓને ખાનગી યુનિ. સાથે જોડવાનું કોઈ રીતે યોગ્ય નથી. સરકાર કહે છે કે એમની ફીમાં વધારો નહીં થાય કે અધ્યાપકોને પણ કોઈ અસર નહીં થાય. એ જો એટલું જ સાચું છે તો વીર નર્મદ સાથે એને જોડાયેલી રાખવામાં શો વાંધો છે ? વિદ્યાર્થીઓ ખાનગી યુનિ.નું પ્રમાણપત્ર મેળવવા જ રાજી ન હોય તો એને ખાનગી યુનિ. સાથે જોડવાનું કોઈ રીતે યોગ્ય નથી. સાર્વ. યુનિ. થઈ એટલે સુરતની ગ્રાન્ટેડ કોલેજોને વીર નર્મદ યુનિ.એ અલગ કરી દીધી, પણ બારડોલી કોલેજ તો કોઈ સાથે જોડાયેલી નથી તો એને અલગ કરવાનું સરકારે અને યુનિ.એ કેમ કર્યું તેનો ખુલાસો થવો જોઈએ. સાચી વાત તો એ છે કે કોઈ વિદ્યાર્થીએ ખાનગી યુનિ. સાથે જોડાવાની ઈચ્છા કરી નથી કે નથી તો અધ્યાપકોએ ખાનગી યુનિ.માં જવું. સોસાયટી યુનિ. થાય એવી માંગ વિદ્યાર્થીઓએ કરી છે? નર્મદ સાથેનું જોડાણ રદ થાય એવું વિદ્યાર્થીઓએ કહ્યું છે ? જો આમાંનું કશું પણ વિદ્યાર્થીઓએ માંગ્યું નથી તો એમને રઝળતા મૂકવાનું શું કામ યુનિ.ને સરકાર કરી રહી છે ? આ આખાય વેપલામાં એમનો શું વાંક છે ? જો નથી તો એ બધા વિના વાંકે દંડાઈ રહ્યા છે એનો વિચાર કોઈએ જ કરવાનો નથી ? ખાનગી યુનિ. સામેનો અને સરકાર સામેનો વિરોધ ઊગ્રસ્વરૂપ ધારણ કરે તે પહેલાં સરકારે આ કોકડું ઉકેલવું જોઈએ ને બીજું કૈં સરકાર કરી શકે એમ ન હોય તો સંબંધિત કોલેજોને પૂર્વવત સ્થિતિમાં મૂકીને વહેલી તકે એડમિશન્સ શરૂ કરી દેવાં જોઈએ. બીજું સત્ર ૧૫ નવેમ્બરથી શરૂ થવાની વાત છે, પણ પહેલું ક્યારે શરૂ થશે તે કોઈ કહેશે કે કેમ ? કે સીધું બીજું સત્ર જ શરૂ થવાનું છે ? અત્યારે તો શિક્ષણ જગત, સમયનો ગુનાહિત બગાડ કરી રહ્યું હોય એમ લાગે છે.

# કોરોના, વાવાઝોડું તથા દુષ્કાળની સ્થિતી વચ્ચે બજારમાં મંદીનો ભારે માહોલ

## ડીસેમ્બર-૨૦૧૯ ના પ્રારંભ સાથે જ કોરોના મહામારીએ ગુજરાત સહિત સમગ્ર દેશને ભરડામાં લઈ લીધો હતો અને હજુ પણ આ મહામારીનો પ્રકોપ યથાવત છે : વાવાઝોડાની પણ એટલી જ અસર વર્તાઈ રહી છ : હવે અપુરતા વરસાદથી દુષ્કાળના એંધાણ પણ જોવા મળે છે

જૂનાગઢ તા. ૨૭

છેલ્લા બે વર્ષથી જૂનાગઢ સહિત ગુજરાત રાજય અને સમગ્ર દેશ કોરોના મહામારી સામે ઝઝુમી રહયો છે. ડીસેમ્બર-૨૦૧૯ નો મહિનો સમગ્ર દેશ માટે ભયંકર બન્યો હતો અને કોરોના મહામારી જેવી ઘાતક બિમારીએ પગપેસારો કરતા સમગ્ર દેશ થંભી ગયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ મહામારી સામે રક્ષણ માટે જનતા કર્ફયુ ત્યારબાદ લોકડાઉનનો નિર્ણય લીધેલ અને છેલ્લા દોઢેક વર્ષથી સમગ્ર દેશનું અર્થતંત્ર અસ્થિર બની ગયું હતું. હવે ધીમે ધીમે કોરોના મહામારીનો વ્યાપ ઘટતો જઈ રહયો છે પરંતુ હજુ પણ દેશના કેરળ સહિતના રાજયોમાં સંક્રમણનું પ્રમાણ વધુ જોવા મળી રહયું છે અને આગામી સપ્ટેમ્બર-ઓકટોબરના મહિનામાં ત્રીજી લહેર પણ આવવાની સંભાવના વ્યકત કરાઈ રહી છે. અત્રે નોંધનીય બની રહે છે કે, બીજી લહેર એટલી ભયંકર હતી કે અનેક લોકો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ ગયા હતા. હવે ત્રીજી લહેરમાં સૌથી વધુ બાળકોને અસર થવાની સંભાવના વ્યકત થઈ રહી છે. આ મહામારીની કળ હજુ પણ ચાલુ જ છે ત્યારે હવે સમગ્ર દેશમાં ચોમાસું પણ અનિયમીત જોવા મળી રહયું છે અને ગુજરાતની વાત કરીએ તો રાજયમાં અત્યાર સુધીમાં માત્ર ૪૦ ટકા જ વરસાદ પડયો હોય અને ૬૦ ટકા વરસાદની ઘટ હોવાથી ભયંકર દુષ્કાળના ડાકલા વાગી રહયા છે. આ પહેલા તાઉતે વાવાઝોડાને વિનાશ સર્જયો હતો અને તેની અસર ચોમાસા ઉપર પણ પડી છે.

એકતરફ કોરોના મહામારીએ દેશના અર્થતંત્રને છીન્ન-ભિન્ન કરી નાખ્યું છે. ત્યારે હવે ગુજરાતમાં દુષ્કાળની સ્થિતી જોવા મળી રહી હોય દેશનું અર્થતંત્ર પણ ડામાડોળ બન્યું છે. હવે જન્માષ્ટમીના તહેવારની ઉજવણી શરૂ થઈ છે પરંતુ કોરોના, સંભવિત દુષ્કાળ અને ધંધા-રોજગારને માઠી અસર પહોંચી હોય લોકોમાં જોઈએ એવો ઉત્સાહ જોવા મળી રહયો નથી. જૂનાગઢની વાત કરીએ તો કાપડ બજાર, મીઠાઈ બજાર, જવેલરી બજાર, ફ્રુટ બજાર સહિતની બજારોમાં હાલ તો મંદીનો માહોલ જોવા મળી રહયો છે. જન્માષ્ટમી તહેવાર પુર્ણ થયા બાદ નોરતા અને બાદમાં દિવાળીનો તહેવાર આવશે. પરંતુ હજુ પણ કોરોનાનો ખતારો માથા ઉપર ઝળુંબી રહયો છે. એમાં પણ દુષ્કાળની પણ ભીંતિ હોય વેપાર -ધંધા સાવ પડી ભાંગ્યા છે.

જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ પણ મોંઘી બની છે. ગેસ, પેટ્રોલ અને ડીઝલ, સીએનજી સહિતના ઈંધણના ભાવો પણ આસમાને હોય, તેની અસર અર્થતંત્ર ઉપર પણ પડી છે અને દરેક ચીજવસ્તુઓના ભાવો વધ્યા છે. કૃષિ પાકો બચાવવા, ડેમોમાં પાણીનો પુરતો જથ્થો નથી, નર્મદા ડેમ પછી ગુજરાતમાં એકપણ મોટા ડેમો બન્યા નથી. પાક બચાવવા હવે ભાદરવા માસ ઉપર ખેડુતો નજર રાખીને બેઠા છે.

## શ્રી યુવક મંડળ જૂનાગઢ દ્વારા હિંડોળા દર્શનનું આયોજન

જૂનાગઢ તા. ૨૭

શ્રી યુવક મંડળ જૂનાગઢ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે શહેર સુશોભન તથા હિંડોળા દર્શનનું સાતમના દિવસો તા.૨૯-૮-૨૧ નો રવિવારે તથા આઠમના દિવસે તા.૩૦-૮-૨૧ ને સોમવારે બે દિવસ સુધી દેવવાડી, ઉપરકોટ મેઈન રોડ, જય એપાર્ટમેન્ટ પાસે સવારના ૧૦થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવેલ છે. આ દર્શનનો સર્વે ધર્મપ્રેમી જનતાને લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરાયો છે.

## કોરોના ટાઈમ પાસ

### ખાનગી બીઝનેસ પાર્ટી

આબુરોડ ઉપર હોલસેલ ડ્રેસ સપ્લાયર બનવારી લાલના આધુનિક ફોર્મ હાઉસ-બીલ્લા હાઉસમાં ખાનગી બીઝનેસ પાર્ટી છે..

-પાર્ટીમાં પરસોતમ-પોલીટીકલ તથા પપ્પુ અને લાલદાસ સામેલ છે.

-પ્રથમ પેગ ખાલી કર્યો છે. -બનવારીલાલ બોલ્યા, '' દોસ્તો ! આ સાલ સ્કૂલો બંધ છે એટલે -સ્કૂલ-યુનિફોર્મનો ધંધો સદંતર બંધ છે એટલે નવરાત્રીમાં ગરબાના ખેલૈયાના ત્રીસ કરોડનો માલ સપ્લાય કરવાનો પ્લાન છે.''

-બીજો પેગ ખાલી કર્યો છે. -

- પરસોતમ-પોલીટીકલે સ્પસ્ટતા કરી,''ત્રીસ કરોડનો માલ સપ્લાય કરવો પડશે અને વધુ કમીશન ફીગર ઉપર ત્રીસ ટકા થશે.''

-લાલદાસે કહ્યુ ''ઉપલા લેવલે હું બધુ જ સંભાળી લઈશ, પરંતુ ૫ ટકા ફંડ ! સમજણ પડી?

-બનવારીલાલ બોલ્યા, ''ત્રીસ ટકા પ્લસ પાંચ ટકા - ટોટલ ૩૫ ટકા ! ડન ! ઓ.કે. ! મંજુર !

-પપ્પુ એ કહ્યુ, '' કોઈને કશી ખબર જ ના પડે એવી રીતે ડીલીવરીનું કામ હું બરાબર કરી દઈશ ''

-બનવારીલાલે બધાને કહ્યુ, ''તો પાંત્રીસ ટકાથી આપણો સોદો કમ્પલીટ અને ફાઈનલ છે.''

-બધાએ પરસ્પર કહ્યુ, ''દોસ્તો ! કોરોના છે એટલે બધી કાળજી બારાબર રાખવી પડશે. ''

-એમ કહીને હાથ મીલાવ્યા - કોરોના નાઈટ કર્ફ્યુનો ટાઈમ શરૂ થાય એ પહેલા છુટા પડ્યા.

- આ વિસ્તારમાં ''દારૂબંધી'' નથી.

### ગરીબી અમર છે....

ભારત દેશની ભૂગોળ-ઈતિયાસ અને રાજનીતિ સેન્સટીવ છે. દેશમાંથી દેશને ચૂસવાની અંગ્રેજોની નિતી હતી, કિન્તુ અંગ્રેજો થાકી-હારીને ઈન્ડીયા છોડી ગયા. અંગ્રેજ અમલદારને દેશની પ્રજા ડીરેક્ટર થી સંબોધતી હતી. - રાજા -રજવાડાઓને લોકશાહીના અગ્ર પ્ણેતા સરદારે સમજાવી લીધા અને દેશમાં લોકશાહી અ રાનીતિનું બંધારણ અમલમાં આવ્યુ.

- ત્યાર પછી કોગ્રેસ પાર્ટી ક્યારેક સીધા રસ્તે કે આડા-અવળા રસ્તે લોકશાહી રૂપી રથ ઉપર સવાર હતી. - આજે નથી !-

-ભૂતકાળમાં એક સરસ સૂત્ર જે પ્રજા માટે મનગમતું હતું ''ગરીબી હટાવો !-

- કિન્તુ, માનવ સમાજમાં ગરીબી અમર છે, તે ક્યારેક મરતી નથી-તે માત્ર વધે છે અને ધટે છે, માટે ગરીબી હટાવવાની વાતો કે દલીલ કરવી નિર્થક છે.

- હવે કદાચ નવું સૂત્ર અમોમાં આવવા સંભવ છે. ''અમીરી ધટે તો ગરીબી ધટે ! ''

- આમતો હાલના કોરોના કાળમાં -કોરોનાના કહર વચ્ચે વિચારવાનું બંધ જ રાખવું જોઈએ.

-ફરીથી સ્પષ્ટ કરીએ તો ગરીબી વિશ્વવ્યાપી જ હોય અને અમર હોય-તે ક્યારેય મટે નહિ !- કટે વધે ખરી ! -

### શેતરંજ

શેતરંજ રાજાઓની - રજવાડીંઓની અસલ મૂળભૂત રમત છે. શેતરંજ હાર-જીત (જુગાર) કરવા માટેની રમત નથી.

- શેતરંજમાં રાજાનો એક વિશ્વાપાત્ર વજીર છે. જે રાજાનું રક્ષણ કરે છે.

- શેતરંજના બે પ્રતિસ્પર્ધી સામા પક્ષને પછાડવાની કે પીછેહઠ કરાવવાની કાવા-દાવા વડે ગેરમાર્ગે દોરવાની રીત પણ અજમાવે છે.

- રાજાના લશ્કર રૂપે બે શાથી છે જે ઉભી અને આડી ચાલ જ ચાલે છે, બે ધોડા છે, તે ૨-૧/૨ અઢી ચાલ ચાલે છે. અને સામા પક્ષને છેતરીને હરાવવાની કોશીષ કરે છે. અને બે ઊંટના અઢારેય અંગ વાંકા હોય, એટલે બે ઊંટ ત્રાંસા જ ચાલે છે અને આ શેતરંજની રમત રૂપી લડાઈમાં આઠ સૈનિકછે જેનો રાજાના પ્યાદા તરિકે ઓળખવામાં આવે છે. જે લડાઈ શરૂ થાય તયારે આગળ પક્ષને સામા પક્ષ માટે મુશ્કેલી સર્જે છે.

- અને જ્યારે જે પક્ષનો 'રાજા' ફીાય જાય તયારે તેપક્ષ હાર કબુલી લ્યે છે અને શેતરંજની રમતનો અંત થાય છે.

- અગાઉ ભૂતકાળમાં રમાતી શેતરંજની રમતમાં પ્રમાણિકતા હતી-રમતમાં કોઈ દુગા ફટકો નહોતો !

- જ્યારે વર્તમાન રાજનીતિમાં કપટ - અને હુ...તુ...તુ... ની દેશી રમતો વડ સામા પક્ષને મહાત કશાય છે!

-એવો એહસાસ થાય છે કે -મહાભારત પાર્ટ-૨ ની શરૂઆત થઈ ચૂકી છે ! - શું માનો છો ? -

## બાળકોના ભવિષ્યને જોતા વિમર્શનો મુદ્દો 'કઈ રીતે સ્કૂલો ખોલવી જોઈએ' એ હોવો જોઈએ, નહીં કે 'ક્યારે?'

હવે લગભગ ૧૭ મહિના થઈ ગયા છે અને દેશના મોટાભાગના હિસ્સામાં સ્કૂલો બંધ છે. લાંબા સમય સુધી સ્કૂલો બંધ રહેવાથી બાળકોને થઈ રહેલ મનોવૈજ્ઞાનિક, વિકાસ સંબંધી અને શૈક્ષણિક નુક્સાનને હવે દરેક ઘર અનુભવી રહ્યું છે. સંશોધન તો તેની દીર્ઘકાલીન અસર પડવાની વાત કરી રહ્યાં છે. છતાં સ્કૂલો ખોલવાની નીતિગત કોશિષની ઉણપ દેખાય છે. બાળકોના ભવિષ્યને જોતાં વિમર્શનો મુદ્દો 'કઈ રીતે સ્કૂલો ખોલવી જોઈએ એ હોવો જોઈએ, નહીં કે ક્યારે? જ્યારે કોરોનાની બીજી ઘાતક લહેર બાદ આપણા નીતિ-નિર્ધારકો અને કારોબારીઓએ મોલ, જીમ અને ફેક્ટરીઓને ખોલવાની રીતો શોધી કાઢી છે, ત્યારે એ અક્ષમ્ય છે કે સ્કૂલો અને બાળકોની અવગણના કરવામાં આવે. સ્કૂલો ખોલવી કોઈ મામૂલી વાત નથી. છાત્રો, વાલીઓ અને શિક્ષકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ અને તેમાં એ ભરોસો પેદા કરવો જોઈએ કે સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. એવું કરવા માટે સ્કૂલ મેનેજમેન્ટ અને વાલીઓએ પરસ્પર સંવાદ કરવો પડશે. મહામારીને લઈને અનિશ્ચિતતાઓ ઓછી નથી થઈ રહી, તેથી સ્કૂલોને તાત્કાલિક અને સમય અનુકૂળ પોતે જ નિર્ણય લેવા યોગ્ય બનવું પડશે. તેના માટે અભિનવ નીતિઓની જરૂર પડશે, જે સ્થાનિક સ્તર ઉપર નિર્ણય લેવા, જમીની હકીકતને સમજવા અને શિક્ષણ વ્યવસ્થાને આકાર આપનારી હાલની કેન્દ્રીકૃત માનસિકતાને બદલી શકવામાં સક્ષમ હોય. હાલમાં કમ સે કમ ત્રણ નીતિગત પગલાં ભરવાની જરૂર તો છે. પહેલું, આપણે વાલીઓ-શિક્ષકોના જોડાણનો લાભ ઉઠાવવો પડશે અને સ્કૂલો ખોલવાની પ્રક્રિયામાં વાલીઓને સામેલ કરવા પડશે. શિક્ષણના અધિકાર અંતર્ગત વાલીઓના નેતૃત્વવાળી સ્કૂલ સમિતિઓની રચના છતાં સ્કૂલની વ્યવસ્થામાં વાલીઓને સામેલ કરવા અને સ્કૂલો પ્રત્યે તેમને જવાબદાર બનાવવામાં ભારતીય શિક્ષણ નીતિ સફળ નથી થઈ શકી. જોકે, લાંબા સમય સુધી સ્કૂલો બંધ રહેવા અને દૂરસ્થ શિક્ષણ ઉપર ભાર મૂકવાનો એક સુખદ પાસું એ છે કે સ્કૂલ, શિક્ષક અને વાલી પહેલી વાર બાળકોના શિક્ષણ માટે સતત સંપર્કમાં છે. ૨૦૨૦ની શિક્ષણની વાર્ષિક સ્થિતિ રિપોર્ટ સર્વેમાં જોવા મળ્યું છે કે લગભગ એક તૃતિયાંશ નામાંકિત છાત્રોએ સર્વેક્ષણ પહેલાં વોટ્સએપ કે શિક્ષકો સાથે સીધા સંપર્ક દ્વારા કેટલીક શિક્ષણ સામગ્રીઓ પ્રાપ્ત કરી હતી. પંજાબ અને દિલ્હી જેવા કેટલાક રાજયોએ તો વાલી-શિક્ષકોની મીટિંગ શરૂ કરી દીધી છે. હિમાચલ પ્રદેશે ડોર ટુ ડોર અભિયાન ચલાવ્યું છે, જેથી શિક્ષક છાત્રોના ઘર જવા ઉત્સુક થાય. વાલી-શિક્ષક સંબંધોને સંસ્થાગત રૂપ આપવા અને સ્કૂલો ખોલવાની પ્રક્રિયા ઉપર સંવાદ માટે આવા પ્રયાસો ઉલ્લેખનીય છે. પરંતુ એવું કરવા માટે કેન્દ્ર અને રાજય સરકારોએ ઈનોવેશન, એટલે નવાચારને પ્રોત્સાહિત કરવું પડશે. બીજું પગલું, નીતિ-નિર્ધારકોએ એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે જમીની હકીકત જોઈને સ્કૂલો ખોલવા કે બંધ કરવાનો નિર્ણય લેવો જોઈએ. તેથી આ નિર્ણય કેન્દ્રના સ્તરે નહીં પરંતુ યથાસંભવ સ્થાનિક સ્તરે લેવો જોઈએ. કોવિડ-૧૯ સંક્રમણ હજુ આગળ પણ રહેવાનું છે. તેથી સ્કૂલોના ત્રણ સંભવિત પરિદશ્યો માટે તૈયાર રહેવું પડશે- સખત લોકડાઉન, આંશિક ગતિવિધિ (જેમાં શિક્ષક સ્કૂલે જઈ શકે પરંતુ છાત્રોને આવવાની મનાઈ હોય) અને તમામ પ્રતિબંધોમાં ઢીલ એ સ્કૂલોનું ફરી ખૂલવું. આ સંભાવનાઓના પ્રકાશમાં સ્કૂલ ખુદને કેવી રીતે સુચારૂં બનાવી શકશે, તે સ્થાનિક સ્તર ઉપર નક્કી થવું જોઈએ. આખરે ભિન્ન-ભિન્ન વિસ્તારોમાં અલગ-અલગ સમય ઉપર કેસો વધે છે.

યોગ્ય પ્રોટોકોલ તૈયાર કરવા, જિલ્લામાં સમન્વય બનાવવા અને ગંભીર સંચાર માધ્યમથી જનતાનો ભરોસો તૈયાર કરવામાં સરકારોની મહત્ત્વની ભૂમિકા છે. પરંતુ જ્યાં સુધી નિર્ણય લેવાની પ્રક્રિયાને વિકેન્દ્રિત કરવામાં નહીં આવે ત્યાં સુધી તે સંભવ નહીં થઈ શકે. ત્રીજું પગલું વાસ્તવિક વિકેન્દ્રીકરણ માટે સ્કૂલ સ્તર ઉપર વધુ આર્થિક સંસાધનોની જરૂર પડશે. આ વધારે નાણાંનો મામલો નથી, બલ્કે એ નક્કી કરવાનું છે કે સ્કૂલ પોતાની જરૂરિયાત અને પ્રાથમિકતાઓ અનુસાર ખુદ ખર્ચ કરી શકે. હાલમાં સ્કૂલોને વધારે ખર્ચ કરવાની આઝાદી નથી. ભારત હવે વધુ સમય સુધી સ્કૂલો બંધ રાખવાની કિંમત ન ચૂકવી શકે. સ્થાનિક નવાચાર અને માતાપિતાની સહભાગિતાથી રસ્તો તૈયાર થઈ શકે છે.

## આજે નાગપંચમીઃ નાગ દેવતાના મંદિરોએ પૂજન સહિતના કાર્યક્રમો

જૂનાગઢ તા. ૨૭ : શ્રાવણ વદ પાંચમ ને શુક્રવાર એટલે કે આજે નાગપાંચમનો તહેવાર હોય નાગદેવતાના મંદિરોએ પૂજન અર્ચન સહિતના કાર્યક્રમો યોજાઈ રહયા છે. નાગપંચમીના આ પર્વને લઈને સવારથી જ નાગદેવતાનું પૂજન, નાગલા ચડાવવા, દુધ ચડાવવું જેવા કાર્યક્રમો યોજાઈ રહયા છે અને નાગદેવતાની પૂજા કરીને પોતાના પરિવારના કલ્યાણની કામના કરવામાં આવે છે. આમ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં નાગપંચમીની ભાવભેર ઉજવણી થઈ રહીછે અને આવતીકાલે રાંધણ છઠ્ઠની પણ ઉજવણી થશે. આ સાથે જ સાતમ-આઠમના તહેવારોનો પ્રારંભ થઈ ચુકયો છે.

## આવતીકાલ શનિવારે રાંધણ છઠ્ઠ

શ્રાવણ વદ ને શનિવાર તા.૨૮-૮-૨૧ ના દિવસે રાંધણ છઠ્ઠ છે. શ્રાવણ મહિનો એટલે તહેવારોનો મહીનો અને તેમાં પણ જન્માષ્ટમી પુર્વે રાંધણ છઠ્ઠનો તહેવાર આવે છે. આ તહેવારમાં શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં સવારથી સાંજ સુધી રસોડામાં મહિલાઓ મિષ્ઠાન સહિતની વાનગીઓ રસોઈ બનાવી અને ચુલો ઠારવાની પરંપરા નિભાવશે.

રાંધણ છઠ્ઠનો તહેવાર શિતળા સાતમને અનુલક્ષીને મનાવવામાં આવે છે. સાતમના દિવસે રસોઈ બનાવતા નથી. આથી મહિલાઓ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવે છે.

રાંધણ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવી રાત્રે ચુલો ઠારી બંધ કરી તેના ઉપર ફુલની માળા, કંકુ, ચોખા, ચંદન, અબીલ, ગુલાલથી ચુલાનું પૂજન કરવું.

ચુલો ઠારવાનું મુહુર્ત રાત્રે ૭.૦૬ થતી ૮.૩૨ સુધી તથા ૯.૫૭ થી ૧૧.૨૩ સુધી છે. જયોતિષની દ્રષ્ટીએ છઠ્ઠના અધિષ્ઠાતા દેવતા સુર્ય છે. સુર્યમાં અગ્નિતત્વ રહેલ છે. રસોઈમાં પણ અગ્નિતત્વનું મહત્વ વધારે છે. અને રસોઈ ઘરમાં માતાજી અન્નપુર્ણાનો વાસ છે.

આમ તહેવારોમાં રાંધણ છઠ્ઠનું મહત્વ વધારે છે. રાંધણ છઠ્ઠના દિવસે બનાવેલી વાનગી વધારે સ્વાદિષ્ટ થાય છે. અત્યારના જમાનામાં બધાના ઘરે ગેસના ચુલા આવી ગયેલા છે પરંતુ તેનું પૂજન પણ કરી શકાય છે.

**– શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**

## સંદીપ પટેલ 'કસક'ની ગઝલ 'અલગ છે'નો રસાસ્વાદ..

**માની લીધું, વાત અલગ છે**
**ધાર્યા કરતાં, ઘાત અલગ છે.**

**અલગારીમાં અલગારી છે,**
**સાવ અમારી જાત અલગ છે.**

**સામે દરિયો શાંત ઉભો પણ,**
**ભીતર ઝંઝાવાત અલગ છે.**

**એક ઘા ને બે કટકા થાશે**
**શબ્દે પ્રત્યાઘાત અલગ છે.**

**તરકટધારી ચેતી જાજે,**
**ઉપર વાળી લાત અલગ છે.**

**બે આંખોની રકઝક વચ્ચે**
**અધરોની રજૂઆત અલગ છે.**

**ટાઢે ભૂખ્યું બાળક દેખી,**
**કણસેલી એ રાત અલગ છે.**

- સંદીપ પટેલ "કસક"

ગુરૂવર રાજેન્દ્ર શુક્લની સોળ ગુરૂવરણની ગઝલથી પ્રેરિત સંદીપ પટેલ "કસક" એમનાં અલગારી મિજાજમાં આ આઠ ગુરૂવરણની ગીતનુમા સપ્તપદી ગઝલ અવતારે છે. પ્રથમ ગુરૂવરની ગઝલનો મત્લો જોઈએ.

**"સાવ અમારી જાત અલગ છે, કરવી છે તે વાત અલગ છે.**
**સૂતેલાનાં સ્વપ્ન અલગ, ને જાગે તેની રાત અલગ છે."**

જાત-વાત અને સ્વપ્ન-રાતના પ્રતીકોની પારસ્પારિક સંયુક્તિઓને સાધીને અલગારી મિજાજ કેળવવો એ ઋષિતા જ હોઈ શકે. સંદીપભાઈ પણ એમનાં અણસાર કર્મે જ ગઝલમાં કોઈ ગુપ્ત તત્વના અસ્તિત્વની ગુણધર્મિતાને આમ દોહરાવે છે.અહીં ગુરૂવર સમી એ નિજ જાતની ક્યાં વાત કરે છે?

**"માની લીધું જાત અલગ છે.**
**ધાર્યા કરતાં ઘાત અલગ છે."**

અસ્તિત્વધરી ઉપર ચકરાતી આ ઘટમાળની વિચિત્રતાને આ કવિ માનવુંઅને ધારવું બે ક્રિયાપદોની ટેકણલાકડીએ દોરી આગળ વધે છે. બીજા શેરમાં કવિ અલગારીપણાંની દ્વિરૂક્તિમાં નિજ જાતને પરોવી આગવા હોવાપણાંની બિંબાત્મકતા પ્રગટાવે છે. આ શેરનો ધ્વનિ આવી પુનરોક્તિથી જાણે અપાર ગુંજતો ન હોય! એમ પ્રતિત થાય છે.

**"અલગારીમાં અલગારી છે.**
**સાવ અમારી જાત અલગ છે."**

આમ તો અહીં બન્ને મિસરા એક સારત્વને જ દોહરાવે છે.પણ ગુરૂવરની આ અર્ધ પંક્તિએ " સાવ અમારી જાત અલગ છે.' સંદીપભાઈમાં પરકાયાવાસી થવાથી જ અવતરી છે.એટલે એ અર્થ સામ્ય પણ આપણે એમનાં અલગારીપણાંને બેવડાવવા જ નિર્માયું છે.એમ માની ચાલીએ.

**"સામે દરિયો શાંત ઉભો પણ,**
**ભીતર ઝંઝાવાત અલગ છે."**

ત્રીજા શેરથી આ ગઝલ પ્રકુતિની પ્રતીકધારે જ નવ્યઘાટ ઘડે છે. દરિયાઈ અસ્તિત્વનાં ઘૂઘવાટી વલણ સામે એનું જ પ્રગાઢ મૌન આપણાંમાં કુતુહલ જન્માવે છે.પરંતું જયારે એ દરિયાઈ તત્વ નિતાંતની મૌનસમાધિ ધારણ કરે, આપણે એને ધરમૂળથી જ મૌની ઋષિ કલ્પી લેવા પ્રેરાઈએ.આ કવિ આવી માન્યતાનો છેદ કરતાં આપણને ચેતવે છે.

કોઈ પણ અસ્તિત્વ એની અસલ ગુણવત્તાથી ક્યારેય વિરક્ત થઈ શકતું નથી.ઉપરથી પ્રશાંત આ દરિયાઈ તત્વ ભીતર ભિન્ન-વિભિન્ન ઝંઝાવાત સંક્રમણનું જ સ્વામીત્વ ભોગવતું હોય છે..આ માનવ પ્રકૃતિને પણ એટલું જ લાગૂ પડે છે.

**" એક ઘા ને બે કટકા થાશે.**
**શબ્દે પ્રત્યાઘાત અલગ છે."**

આ શેર શબ્દના પ્રહારીકર્મને ધારધાર છતું કરે છે.આમે શબ્દ જો પરબ્રહમનો મંત્ર તરીકે જ પ્રયોજાય તો મુક્તિબોધવાહક થૈ જાય પણ આમ ભાષાનો વ્યવહારૂ શબ્દ તો એની ક્રિયા-પ્રતિક્રિયા તથા ઘાત-પ્રત્યાઘાતમાં હર વખત અલગતા જ દાખવે છે.."એક ઘા ને બે ટુકડા થાશે" માં એક-બેનું અંકગણિત નહીં પણ અણધાર્યા પરિણામના જ સંકેત આ કવિ આપણને આપે છે..આમે શબ્દ એની વ્યક્ત કે અવ્યક્ત અવસ્થામાં ક્યાં કળી શકાય છે? એ સંદર્ભે મારો શેર જોઈએ.

**"કોણ એના છેદ માપે?**
**શબ્દને તો શબ્દ કાપે!"**

- સતીન દેસાઈ "પરવેઝ" દીપ્તિ"ગુરૂ"

માનવીનું મરકટ મન તરકટને જ સાધન બનાવી તમામ નિત્ય કે અનિત્યને સાધવા મથામણ કરતું હોય છે.એ ભૂલી જાય છે કે આમાં પ્રયોજાતિ અપકર્મીતાઓનો નીરીક્ષક ભલે એને ન જોવાતો હોય.એ છેક ઉપ્પરની ટોચે પર્દા પાછળ આંખ મીંચી જોતો હોય છે .એટલે જ કવિ એવા અપકર્મીઓને આવો શેર કહી ચેતવે છે .

**"તરકટધારી ચેતી જાજે,.**
**ઉપર વાળી લાત અલગ છે."**

હવેનો છઠ્ઠો શેર દ્રષ્ટિ અને વાણીની વચ્ચે પ્રયોજાતિ રજૂઆતની રીતિઓને અલગ અંદાજે રજૂ કરે છે..

**"બે આંખોની રકઝક વચ્ચે,**
**અધરોની રજૂઆત અલગ છે."**

ઈન્દ્રિય વ્યત્યય એ કવિતાનું હાર્દ છે. જેને આ કવિએ મહાગઝલજ્ઞ જેમ આ શેરમાં વણ્યું છે.આંખો દ્વારા દ્રષ્ટિવાચીતા તો દર્શાવી શકાય. પણ આંખોની "રકઝક"ના ચિત્રણ દ્વારા આ કવિ આંખ દ્વારા નિપજતી ક્લિષ્ટ પરસ્પર અસ્વિકાર તથા અસંતોષની લડાયક વાણીઅભિવ્યક્તિને જ્યારે નિરૂપિત કરે છે. ત્યારે હોંઠોની રજૂઆતની રીત પણ બદલાઈ જાય છે. અંતિમ શેર એનાં વાસ્તવનિરૂપણમાં હાસિલે-ગઝલ શેર અંકાશે. આ શેરમાં કવિએ જે આધુનિક માનવજીવનની ક્રૂર શોષણખોરીથી પીડિત અમૂક વર્ગની વંશાવલીને જે રાતના કણસવાના ક્રિયાકર્મે વણી લીધી છે.એની હદયદ્રાવકતા કદાચ યુગપરિવર્તનનું પ્રથમ ચરણ બની શકે ય ખરૂં! શેરને આપણે આંખે મઢી લઈએ.

**"ટાઢે ભૂખ્યું બાળક દેખી,.**
**કણસેલી એ રાત અલગ છે."**

ભૂખ્યા બાળ જોઈ અનુકંપિત થતો એક વર્ગ આજે ય હજી આપણાં હૈયાધરણ કાજે જોવા જડશે.પણ ટાઢે થથરતું વસ્ત્રહીન ભૂખે ટળવળતું નિરાધાર બાળકને જોઈ રાત જેવી રાત પણ કણસી ઉઠે તો આ સંદીપ પટેલ "કસક" ન જ વલોવાય તો એનાં કવિપણાં વિશે શું સંશય ન જન્મે? આવો જ ગરીબીમાં ઠૂંઠવાતો મારો ઉર્દૂ શેર જોઈએ.

**"જિસમેં ગુરબત કી વજહ સે માં ન ઓઢ પાઈ કફન,**
**વો સિસકતા ગાંવ દેતા હૂં અભી ખેલો જરા."**

- સતીન દેસાઈ "પરવેઝ" દીપ્તિ"ગુરૂ"

જેમ સમસ્તથી અલગતાને ચીતરતી આ ગઝલ આપણામાં કૈંક અણધારી સંવેદન અનુભૂતિ જગાડી ગઈ.એમ જ જો હર કાવ્ય કૃતિ આવા પરિણામ સાધે તો નિશ્ચે આ જગતનો ભયોભયો થઈ જાય.

**સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ 'ગુરૂ'**
એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ. ૭ (મો. ૯૪૨૮૯૦૭૭૭૫)

## જૂનાગઢ લો કોલેજનું ઉત્કૃષ્ઠ પરિણામ

# સેમે.૧ અને ૪નાં વિદ્યાર્થીઓ ડિસ્ટીકશન માર્કસ સાથે ઉર્તિણ થયા

### એલએલ.બી. સેમેસ્ટર-૧નું ૯૫.૪૯ ટકા તેમજ સેમેસ્ટર-૪નું ૯૨.૯૩ ટકા પરિણામ



જૂનાગઢ તા.૨૭

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા જુલાઈ-૨૦૨૧માં લેવાયેલ એલએલ.બી. સેમે.૧ અને ૪ની પરીક્ષામાં જૂનાગઢ જુનીયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત લો કોલેજ જૂનાગઢનું ઉત્કૃષ્ઠ પરિણામ આવ્યું હતું. જેમાં સેમેસ્ટર-૪નું ૯૨.૪૯ ટકા પરિણામ તેમજ સેમેસ્ટર-૧નું ૯૫.૪૯ ટકા પરિણામ આવ્યું હતું. કોલેજનાં સેમેસ્ટર-૧ અને ૪નાં વિદ્યાર્થીઓ ડિસ્ટીકશન માર્કસ સાથે ઉર્તિણ થયા હતા. સેમેસ્ટર-૪માં ૮૯.૮૦ ટકા સાથે ઠેસીયા જયંતિલાલ કે. પ્રથમ, ૮૩.૪૦ ટકા સાથે મંઘાણી જીતેન્દ્ર ડી. દ્વિતીય અને ૭૯.૨૦ ટકા સાથે ગોહેલ ક્રિષ્ના જે. તૃતીય નંબર હાંસલ કર્યો હતો. સેમેસ્ટર-૧માં ૮૧.૮૦ ટકા સાથે તન્ના ઈશા બી. પ્રથમ, ૭૯.૬૦ ટકા સાથે ડાંગર ભવિષ્ય એચ. દ્વિતીય અને ૭૭.૬૦ ટકા સાથે ત્રાંબડિયા મેઘના વી. તૃતીય નંબર હાંસલ કરતા ટ્રસ્ટનાં પ્રમુખ નાનજીભાઈ વેકરીયા, ઉપપ્રમુખ સુરેશભાઈ વેકરીયા, ટ્રસ્ટી મંડળ તેમજ પ્રિન્સીપાલ ડો. પરવેઝ બ્લોચ સહિતનાં કર્મચારી ગણે શુભેચ્છા પાઠવી હતી. આ તકે ટ્રસ્ટનાં પ્રમુખ નાનજીભાઈ વેકરીયાએ ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર પ્રો. ડો. ચેતનભાઈ ત્રિવેદીનો સમયસર અને ઝડપી પરિણામ આપવા બદલ વિશેષ આભાર માન્યો છે.

# વરૂણદેવને રીઝવવા સોમનાથના કોંગી ધારાસભ્યે ચોરવાડથી સોમનાથ સુધીની ૩૫ કીમી સાયકલયાત્રા કરી મહાદેવને પ્રાર્થના કરી

### ચોરવાડના પ્રખ્યાત ઝુંડ ભવાની મંદિરથી સોમનાથ મંદિર સુધીના પ્રવાસ દરમ્યાન યાત્રાનું ઠેર ઠેર આગેવાનોએ સ્વાગત કર્યું





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

ચાલુ વર્ષે વરૂણદેવ રૂઠયા હોય તેમ ચોમાસુ પુરૂ થવા આવ્યું હોવા છતાં ગીર સોમનાથ જીલ્લા સહિત સૌરાષ્ટ્રમાં માત્ર ૩૦ ટકા જ થયેલ વરસાદથી દુષ્કાળના ડાકલા વાગી રહયા છે ત્યારે વરૂણદેવને રીઝવવા ગઈકાલે સોમનાથના કોંગી ધારાસભ્યે કાર્યકરો સાથે તેમના વતન ચોરવાડ ખાતે આવેલ ઝુંડ ભવાની માતાજી મંદિરથી ૩૫ કીમી સાયકલ યાત્રા કરી જગવિખ્યાત સોમનાથ મંદિર પહોચી સારા વરસાદ માટે મહાદેવને પ્રાર્થના કરી હતી.

ચાલુ વર્ષે ચોમાસાની સીઝન પૂર્ણ થવાના આરે પહોચી ગઈ છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં માત્ર ૩૦ ટકા જ વરસાદ વરસેલ છે. જેના લીધે ખેડૂતોએ વાવણી કરેલ મગફળી સહિતના વિવિધ પાકો પાણીના અભાવે નાશ થઈ શકે તેવી ભિતી સર્જાઈ છે. સાથે આગામી સીઝનમાં પણ ખેડૂતો કોઈ પાક લઈ શકશે નહીં અને ઢોર-ઢાખરને પણ નુકશાન થાય તેવી ભિતી ઉદભવી રહી છે. હાલ ગીર સોમનાથ જીલ્લા સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમોના તળીયા દેખાવા લાગ્યા છે. ડેમોમાં એકથી ત્રણ માસ સુધી લોકોને પીવાનું પાણી મળી રહે તેટલો જ જથ્થો છે ત્યારે જો ચાલુ વર્ષમાં ચોમાસાની સીઝનના અંતિમ દિવસોમાં વરસાદ નહીં વરસે તો ખેડૂતો, લોકો અને અબોલ પશુ-પ્રાણીઓ સહિત તમામે પાણી માટે વલખા મારવા પડશે અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉભી થશે. જેથી વરૂણદેવને રીઝવવા માટે સોમનાથના કોંગી ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ ગઈકાલે તેમના વતન ચોરવાડ શહેરના પ્રખ્યાત ઝુંડ ભવાની મંદિરેથી માતાજીના આશીર્વાદ લઈ સાયકલયાત્રાએ સોમનાથ મંદિરે આવવા નિકળેલ હતા. ધારાસભ્ય સાથે મોટી સંખ્યામાં કાર્યકરો પણ સાયકલ લઈ સાથે જોડાયા હતા. કોંગી ધારાસભ્ય અને કાર્યકરો ૩૫ કીમીનો સાયકલ પ્રવાસ કરી સોમનાથ મંદિરે પહોંચેલ હતા. જયાં ધારાસભ્ય સહિતનાએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી ધ્વજારોહણ પૂજા-અર્ચના કરી સારો વરસાદ વરસાવી માનવજાત અને પશુ-પ્રાણીઓને દુષ્કાળથી બચાવવા પ્રાર્થના કરી હતી. ચોરવાડથી નિકળેલ ધારાસભ્યની સાયકલયાત્રાનું રસ્તામાં કિંદરવા, સુપાસી, ચાંડુવાવ, બાયપાસ ચોકડી, ટાવર ચોક, કોળીવાડા, ભાલકા, ભીડીયા સહિત ઠેરઠેર કોંગીઅને સામાજીક આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું, યાત્રામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ ગોહેલ, શહેરપ્રમુખ દેવેન્દ્ર મોતીવરસ, અશ્વિન સુયાણી, લલીત ફોંફડી, હિરેન બામરોટીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને લોકો જોડાયા હતાં.

# કેશોદના શેરગઢ ગામના વાડી વિસ્તારમાં રોજડી બચ્ચાને જન્મ આપી જતી રહી, ખેડૂતે બચ્ચાને સાચવ્યા





(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૭

કેશોદ તાલુકાના શેરગઢ - કૃષ્ણ નગર વિસ્તારની સીમમાં એક ખેતરમાં રોજડીએ બે બચ્ચાને જન્મ આપી બચ્ચાથી વિખુટી પડી જતાં ખેડૂત દ્વારા માનવતા દાખવી બે દિવસ સીધી આશરો આપ્યો હતો. રોજડીના બચ્ચા ભગવાન ભરોસે કુતરા મારી ન નાખે માટે વાડી માલીક દ્વારા છકડો રિક્ષામા કામ ચલાવ વ્યવસ્થા કરેલ હતી. વન વિભાગને જાણ કરતા બે દિવસ સુધી કોઈપણ જાતની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ખેડૂતે વન કર્મી વિરૂદ્ધ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, વન વિભાગને જાણ કરતા એવો જવાબ આપ્યો કે બચ્ચા જે જગ્યાએ હતા ત્યાં છોડીઆવો છતાં ખેડૂતે માનવતા ન છોડી બે દિવસ સુધી રોજડીના બચ્ચાની સાર સંભાળ રાખી હતી. વન વિભાગ દ્વારા પંચ રોજકામ કરી કબ્જો લઈને બચ્ચાને તેની માતા સાથે મિલન કરાવવાની ફરજ બનતી હોય છે તે પણ તાલુકા વાઈલડલાઈફ વોર્ડનો (આરએફઓ)ની હાજરીમાં જીપીએસ લોકેશન સાથે વિડીયો બનાવી મુકત કરવામાં આવે છે. પરંતુ કાયદાના બધા જ નિયમો નેવે મુકીને (આરએફઓ) દ્વારા ફોરેસ્ટરને મૌખીક સુચના આપી તે બચ્ચાઓને બિન કાયદેસર રીતે કબ્જો લીધા વગર ખેતરમાં છુટા મુકી દેવાનો આદેશ કરતા વાડી માલિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે. આ બાબત એનજીઓ તરફથી આરએફઓને ટેલિફોનથી માહીતી માટે ફોન કરતા રિસીવ કરેલ નહોતો આ રીતે કેશોદ વન વિભાગના આરએફઓ મનમાની ચલાવી રહ્યા છે તેવું ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યું છે. થોડા સમય પહેલા પણ વન મહોત્સવમાં આમંત્રણ બાબતે વ્હાલા દવલાની નીતી અપનાવવા બાબતે આરએફઓ ગુલાબ સુહાગીયા મીડયામાં આવી જ રીતે વિવાદમાં ચમકેલ હતા. મનમાની કરતા આરએફઓની તાત્કાલિક બદલવામાં આવે તેવી માંગ કરવામાં આવશે તેવું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. વન્ય જીવો ઉપર સહાનુભુતી પણ નહી અને ખેડૂતના ફોન પણ નથી ઉપાડતા તેમજ પ્લાન્ટેશનના કામોમાં પણ અનેક સંકા કુસંકા સેવાઈ રહી હોય જે બાબતે આરટીઆઈ પણ કરવામાં આવશે તેવું લાગી રહ્યું છે. આરએફઓ સાથે થયેલ વાત મુજબ રોજના બચ્ચાનો કબ્જો લઈ શકાય તેની માતાથી વિખુટા ના પડાય એ મુજબ સ્થળ ઉપર જ રાખવા જરૂરી છે.

બચ્ચા કોઈ જાતની બીમાર કે ઈજાગ્રસ્ત નથી છતા મોડીરાતે બોલેરો ગાડીમાં આ બચ્ચાને કોઈ પણ જાતની પીંજરાની સેફટી વગર બકરા પુરે તે રીતે ગાડીની સીટોના વચ્ચેના ભાગે અસલામત રીતે રાખીને એનીમલ કેર ખાતે લઈ ગયેલ હોય આ બાજુ તેની માતા ખેડૂતોના ખેતર આસપાસ રઘવાઈ થઈ બચ્ચા માટે ફરી રહેલ પણ કદાચ જોવા મળે. વન્ય જીવને કોઈપણ ઈજાગ્રસ્ત ના હોય તો તેમને મુળ નિવાસથી દુર લઈ જઈ શકાતું નથી તો કયા કારણોથી બે દિવસ જેટલો સમય પછી આ નાટક કરવાનું કોઈ ખાસ કારણ આપી શકશે તેવું પર્યાવરણ પ્રેમીઓમાં આ બાબતે રોષ ફેલાયો છે. તટસ્થ તપાસ થાય તેનું કારણ જાહેર કરે એનીમલ કેર સેન્ટરમાં તેમની માતા હોવા છતાં કેમ રિફર કરવામાં આવેલ કે પછી તે બચ્ચાને વાડી વિસ્તારમાં રામભરોસે છોડી મુકવાનો આરએફઓએ આપી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

જે સુચના અનુસાર જગ્યા ઉપર બચ્ચાને જન્મ આપેલ વાડી વિસ્તારમાં મુકત કરવા તેવું જણાવેલ તો છતાં તેને રિફર શા માટે કરવા પડયા ? જે વિસ્તારમાં રિલીજ કરેલ હોય ત્યાંના જીપીએસ વીડીયો જાહેર કરી દુધનું દુધને પાણીનું પાણી કરી બતાવે તેવી નેચર નીડ યુથ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અભય વ્યાસ દ્વારા ઉચ્ચ તપાસની માંગ સાથે ગાંધી ચિંધ્યા માર્ગ કચેરી સામે ધરણા કરવાની ફરજ પડશે તેવું જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતોની ખેત પેદાશોમાં રોજ ભુંડ દ્વારા ભારે નુકશાન પહોંચાડવામાં આવે છે. ખેત પેદાશોની નુકશાની ટાળવા ખેડૂતો દિવસ રાત રખોપું કરે છે. છતાં પણ બિમાર કે વિખુટા પડેલા જંગલી પ્રાણીઓને સાર સંભાળ રાખવા ખેડૂતો માનવતા નથી મુકી શકતા ત્યારે વન વિભાગ દ્વારા પણ ખેડૂતોને સાથ સહકાર આપવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

# દ્વારકામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ, મંદિરમાં ભકતો માટે દર્શનનો સમય



દ્વારકા તા. ૨૭

દ્વારકામાં તા. ૩૦-૮-૨૧ સોમવારનાં રોજ શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે અનો ભકતો માટે દર્શનનો સમય નીચે મુજબ રહેશે.

શ્રીજીની મંગલા આરતી ૬ કલાકે, મંગળા દર્શન ૬ થી ૮, શ્રીજીનાં ખુલ્લા પડદે સ્નાન દર્શન અભિષેક ૮ કલાકે, શ્રીજીનો અભિષેક પશ્ચયાત પૂજન ૯ કલાકે, શ્રીજીને સ્નાન ભોગ અર્પણ ૧૦ કલાકે, શ્રીજીને શૃંગાર ભોગ અર્પણ ૧૦.૩૦ કલાકે, શ્રીજીને શૃંગાર આરતી ૧૧ કલાકે, શ્રીજીને ગ્વાલ ભોગ અર્પણ ૧૧.૧૫ કલાકે, શ્રીજીને રાજભોગ અર્પણ ૧૨ કલાકે, જયારે ૧૫ દરમ્યાન મંદિર બંધ રહેશે. જયારે સાંજે ઉત્થાપન દર્શન ૫ કલાકે, શ્રીજીને ઉત્થાપન ભોગ અર્પણ ૫.૩૦ કલાકે, શ્રીજીને સંધ્યા ભોગ અર્પણ ૭.૧૫ કલાકે, શ્રીજીને સંધ્યા આરતી દર્શન ૭.૩૦ કલાકે, શ્રીજીને શયન આરતી દર્શન ૮ કલાકે, શ્રીજીને શાયન આરતી દર્શન ૮.૩૦ કલાકે જયારે ૯ કલાકે દર્શન બંધ થશે. તેમજ શ્રીજી જન્મોત્સવની આરતી દર્શન ૧૨ કલાકે થશે અને ૨.૩૦ કલાકે દર્શન બંધ થશે.

જયારે તા. ૩૧-૮-૨૧ મંગળવારનાં રોજ સવારે શ્રીજીનાં પારણા ઉત્સવ ૭ કલાકે તેમજ સવારનાં ૧૦.૩૦ થી સાંજનાં પાંચ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે. અને સાંજનાં ઉત્થાપન દર્શન ૫ કલાકે, નિત્યાક્રમ મુજબ દર્શન ૫ થી ૬ કલાકે, શ્રીજીનાં દર્શન ૬ થી ૭ બંધ રહેશે. જયારે શ્રીજીનાં દર્શન સાંજનાં ૭ થી ૭.૩૦, શ્રીજીની સંધ્યા આરતી દર્શન ૭.૩૦ કલાકે, શ્રીજીને શયન ભોગ અર્પણ ૮.૧૦ કલાકે, શ્રીજીની શયન આરતી દર્શન ૮.૩૦ કલાકે થશે તેમજ ૯.૩૦થી મંદિર બંધ રહેશે.

# શ્રાવણમાં શ્રવણોત્સવ : સાંદીપનિમાં પૂજય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે શિવકથાનો મંગલ પ્રારંભ



જૂનાગઢ તા.૨૭

પોરબંદરમાં સાંદીપનિ વિદ્યાનિકેતનના સંસ્થાપક, સંસ્કૃતિ અને સંસ્કૃતભાષાના સંપોષક તથા સંવાહક, દેશ-વિદેશમાં શ્રીમદ ભાગવત કથા અને શ્રીરામ કથાના માધ્યમથી અનેક લોકોના જીવનને ધન્ય બનાવનારા પૂજય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખેથી આ વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં તા.૨૭-૮-૨૦૨૧ થી ૬-૯-૨૦૨૧ દરમ્યાન સાંદીપનિ વિદ્યાનિકેતન, શ્રી હરિ મંદિરમાં ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ભગવાન આશુતોષની મંગલકથા શિવકથાનું આયોજન થયેલ છે. કોવિડ-૧૯ની મર્યાદાઓને ધ્યાને લઈને સરકારની માર્ગદર્શિકા અનુસાર મર્યાદિત ભાવિકોની ઉપસ્થિતિમાં આ સંપૂર્ણ ઉપક્રમ યોજાશે. અન્ય ભાવિકો પોતાના ઘરેથી જ સોશ્યલ મીડિયાના માધ્યમથી આ સમગ્ર ઉપક્રમમાં જોડાશે.

# જૂનાગઢ જીલ્લામાં આવેલા ૧૭ ડેમોમાં સંગ્રહાયેલા પાણીની હાલની સ્થિતિ : ૫૦ ટકાથી વધુ ડેમો ખાલી

જૂનાગઢ તા. ૨૭

ચોમાસાનાં દિવસો હવે પુરા થવામાં વાર નથી, આ વર્ષે ખૂબજ ઓછો વરસાદ થયો છે ત્યારે જૂનાગઢ જીલ્લાની વાત કરીએ તો માત્ર ૩૫ ટકા જેવો વરસાદ પડયો છે. દરમ્યાન સત્તાવાર રીતે મળેલી માહિતી અનુસાર જૂનાગઢ જીલ્લાનાં ૧૭ ડેમોની પાણીની સપાટી અંગેની વર્તમાન સ્થિતિ અત્રે દર્શાવવામાં આવી છે.

| ક્રમ | તાલુકો | ડેમનુ નામ | કુલ ઉંચાઈ મીટરમાં | કુલ સંગ્રહ શક્તિ મી.ઘ.મી. | આજનો વરસાદ મી.મી. | કુલ વરસાદ મી.મી. | આજની સ્થિતિ | | | ગઈ કાલની સાપેક્ષમા આજે વધારો-ઘટાડો | | ડેમમાં ભરાયેલ | દરવાજા તથા ઓવરફલો ની વિગત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | લેવલ મીટરમાં | ઉંચાઈ મીટરમાં | કુલ જથ્થો મી.ઘ.મી. | ઉંચાઈ મીટરમાં | જથ્થો મી.ઘ.મી. | કુલ પાણીના જથ્થાની | કુલ દરવાજાની સંખ્યા | ખોલેલ દરવાજાની સખ્યા | ખોલેલ દરવાજા / ઓવરફલોની | ડીસ્ચાર્જ ક્યુસેકસમાં |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | ૮ | ૯ | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 1 | મેંદરડા | મધુવંતી | 15.54 | 11.655 | 0 | 152 | 159.25 | 9.60 | 3.459 | 0.00 | 0.000 | 29.68 | 0 | 0 | 0.00 | 0.00 |
| 2 | વિસાવદર | આંબાજળ | 10.51 | 10.551 | 6 | 213 | 175.40 | 3.60 | 2.520 | 0.00 | 0.000 | 23.88 | 4 | 0 | 0.00 | 0.00 |
| 3 | વિસાવદર | ઝાંઝેશ્રી | 9.81 | 10.036 | 8 | 272 | 146.10 | 5.95 | 3.826 | 0.00 | 0.000 | 38.12 | 0 | 0 | 0.00 | 0.00 |
| 4 | વિસાવદર | ધ્રાફડ | 6.50 | 9.620 | 6 | 245 | 120.90 | 3.40 | 3.036 | -0.05 | -0.067 | 31.56 | 11 | 0 | 0.00 | 0.00 |
| 5 | વિસાવદર | પ્રેમપરા | 7.00 | 1.326 | 0 | 212 | 116.97 | 0.00 | 0.000 | 0.00 | 0.000 | 0.00 | 0 | 0 | 0.00 | 0.00 |
| 6 | ભેસાણ | ઉબેણ | 7.00 | 16.200 | 18 | 220 | 100.80 | 0.19 | 0.714 | 0.00 | 0.000 | 4.41 | 0 | 0 | 0.00 | 0.00 |
| 7 | ભેસાણ | ગળથ | 3.45 | 0.921 | 25 | 80 | 39.00 | 0.00 | 0.000 | 0.00 | 0.000 | 0.00 | 0 | 0 | 0.00 | 0.00 |
| 8 | ભેસાણ | મોટા ગુજરીયા | 7.25 | 7.640 | 10 | 310 | 134.31 | 1.54 | 0.399 | -0.04 | -0.011 | 5.23 | 0 | 0 | 0.00 | 0.00 |
| 9 | માળીયા | વ્રજમી | 9.40 | 10.352 | 32 | 197 | 84.70 | 0.10 | 0.262 | 0.00 | 0.000 | 2.53 | 9 | 0 | 0.00 | 0.00 |
| 10 | માણાવદર | બાંટવા ખારો | 2.45 | 6.680 | 5 | 370 | 15.62 | 1.82 | 4.260 | 0.00 | 0.000 | 63.77 | 16 | 0 | 0.00 | 0.00 |
| 11 | વંથલી | ઓઝત શાપુર | 3.05 | 2.008 | 3 | 286 | 29.81 | 0.01 | 0.144 | 0.00 | 0.000 | 7.17 | 10 | 10 | 0.01 | 56.50 |
| 12 | વંથલી | ઓઝત વંથલી | 2.50 | 1.789 | 5 | 292 | 25.01 | 0.01 | 0.509 | 0.00 | 0.000 | 28.43 | 12 | 12 | 0.01 | 72.04 |
| 13 | વંથલી | સાબલી | 4.70 | 7.200 | 15 | 321 | 38.50 | 0.00 | 0.592 | 0.00 | 0.000 | 8.22 | 11 | 0 | 0.00 | 0.00 |
| 14 | જુનાગઢ | ઓઝત ૨ | 5.00 | 36.200 | 8 | 272 | 73.57 | 1.07 | 11.758 | -0.02 | -0.072 | 32.48 | 25 | 0 | 0.00 | 0.00 |
| 15 | જુનાગઢ | હસ્નાપુર | 10.37 | 8.403 | 5 | 215 | 145.54 | 7.78 | 5.150 | 0.00 | 0.000 | 61.29 | 0 | 0 | 0.00 | 0.00 |
| 16 | જુનાગઢ | ઓઝત વિ. આંણંદપુર | 1.37 | 2.760 | 10 | 175 | 38.71 | 1.37 | 2.760 | 0.00 | 0.000 | 100.00 | 0 | 0 | 0.00 | 0.00 |
| 17 | જુનાગઢ | ઉબેણ વિ. કેરાળા | 1.07 | 1.028 | 20 | 35 | 40.50 | 1.03 | 0.985 | 0.00 | 0.000 | 95.79 | 0 | 0 | 0.00 | 0.00 |

